કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર રાવળ
આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૬૧મું · અંક ૨જો ફેબ્રુઆરી ૧૯૮૪ · સળંગ અંક ૭૨૨

તંત્રી
બિહારીલાલ ટાંક



ચામરધારિણી
પ્રસન્નમુખ
અને સુપુષ્ટ
આ કાંસ્યપ્રતિમા
દસમી સદીના
ગુજરાત (અકોટા)ના
ધાતુશિલ્પનું
એક મૂલ્યવાન
રત્ન છે.



નંદકુંવરની બાળલીલા (ચિત્રકાર : કિરણ પરમાર) કલાવિવેચક આનંદ કુમારસ્વામીએ કહ્યું છે કે, 'પ્રત્યેક માણસ જે કંઇ ઉચ્ચારે કે પ્રકટ કરે તેમાં બીજાને આકર્ષવાની તાકાત અને સ્થૂળ સંકેતો દ્વારા વિચાર કે ભાવ સંક્રાંત કરવાની શક્તિ એ માનવજાતની પ્રાકૃતિક બક્ષિસ છે.' આ બક્ષિસ જાણીતા કલાકાર અને લોકસાહિત્યકાર શ્રી ખોડીદાસ પરમારના સુપુત્ર કિરણ પરમારને પણ પ્રાપ્ત થઇ છે. લોક-શૈલીના સ્પર્શવાળી એમની ચિત્રઘાટીમાં તળપદો રંગપ્રભાવ કૃતિમાં એક આગવું સૌન્દર્ય ઉમેરે છે તાજેતરમાં જ વિક્રમશીલા વિદ્યાપીઠના ઉપક્રમે યોજાએલા કાલિદાસ સમારોહમાં એમના 'શકુન્તલાનાં મંગલ શણગાર' ચિત્રને અખિલ ભારતીય કક્ષાનું પારિતોષિક પ્રાપ્ત થયું હતું. આમ તો બચપણથી તેઓ ચિત્રકલાનાં પારિતોષિકો મેળવતા રહ્યા છે. જેમાં ૧૯૮૦માં આંધ્રપ્રદેશમાં મળેલું પ્રથમ પારિ-તોષિક, વિક્રમશીલા વિદ્યાપીઠ તરફથી રામાયણ-વિષયક ચિત્રને મળેલું ત્રીજું પારિતોષિક, ૧૯૮૨માં ભાવનગર યુનિવર્સિટીમાંથી પ્રથમ ઈનામ, વગેરે નોંધનીય છે. ૧૯૮૧માં ભાવનગરમાં અને ૧૯૮૨માં અમદાવાદમાં યોજાએલા ગ્રુપ-શોમાં યે એમનાં ચિત્રો સારી પ્રશંસા પામ્યાં હતાં. ભારત સરકારની સાંસ્કૃતિક સ્કૉલરશિપ મેળવી હાલમાં તેઓ પિતા શ્રી ખોડીદાસભાઈની સાથે એક બહુ મોટા ભીંત-ચિત્રના કાર્યમાં રત છે. લોકજીવનના સ્પર્શવાળી પરંપરિત શૈલીની એમની કલા ચિત્રકલાક્ષેત્રે ઉજ્જવળ ભાવિની આશા પ્રકટ કરે છે. આ ચિત્રમાં એમણે ગ્રામ-પરિવેષમાં ગોપાલકૃષ્ણની બાળલીલાને સુંદર રીતે આલેખી છે. —જોરાવરસિંહ જાદવ

(બ્લૉકો : ગુજરાત રાજ્યના માહિતીખાતાના સૌજન્યથી)

કુમાર

ફેબ્રુઆરી ૧૯૮૪

સળંગ અંક ૭૨૨

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમારકાર્યાલયલિમિટેડ • ૧૪૫૪ રાયપુર ચકલા • અમદાવાદ-૩૮૦૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૩૦-૦૦; પરદેશ : રૂ. ૧૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ : રૂ. ૩-૦૦

ભોળી / દેવજી રા. મોઢા

શિખરિણી - સૉનેટ

તને બોલાવું હું, તદપિ નવ આવે તું, દિયતે,
સમીપે મારી; ને હરિણી ભયભીતા સરખી તું
ફરે દૂરે દૂરે; બદન તુજ જે કોમળ રહ્યું,
અપેક્ષાએ તેની બરછટ હું લાગ્યો સખી, તને?

તને દીધી એવી શિખ કશી ય તારા પિયરની
સખીએ: 'તારે ના સુલભ થવું ઝાઝું પુરુષને?'
વળી, આવું વર્તી મુજ નજરમાં મૂલ્ય બઢવી
તને મોંઘું થાવું ગયું શીખવી શું કોઈ અહીંનું?

ગમે તે હો: આવી અહીં મુજ કને એક દિન તું
અચિન્તાની સામી ઊભી રહી, ગઈ ઢીલી પડતી,
અને જાણે ના 'કો' મુજ થઈ ગયો દોષ તુજથી:
અશા ખ્યાલે છુટ્ટું ઉર મૂકયું, અને આંખ મહીંથી
ધસ્યાં વેગે આંસુ ધખધખ, યથા પૂર નદીનાં,
અને તેં ભોળીએ નયન મુજનાં યે કીધ ભીનાં!

સુધી ગયું / સતીન દેસાઈ

• ગઝલ •

ઓડાઈ ઉંબરે જ તપોવન સુધી ગયું,
છૂટયું ન તો ય તીર તે જોજન સુધી ગયું!

બંધાઈને સ્વયં ન પ્રલોભન સુધી ગયું,
મંત્રો-શું મૌન માત્ર પ્રયોજન સુધી ગયું!

મલકી સહેજ છેક મનોમન સુધી ગયું,
પ્રકટે અનંત એટલે લોચન સુધી ગયું!

સ્વર કે સુગંધ જેમ ન પ્રસર્યું'તું એ કદી,
એમ જ વિહરતું કયાંક અખોવન સુધી ગયું!

અકબંધ એ પળે ય સુદર્શન સમું હતું,
એથી જ ભરસભામાં સુયોધન સુધી ગયું!

હર તત્ત્વથી વિરક્ત ને હર દષ્ટિથી વિમુખ,
વણસ્પર્શ્યું એમ એ ય વિમોચન સુધી ગયું!

વાંચું પોથિયું / સુધાંશુ

• ભજન •

કણના ગુણની વાંચું પોથિયું
ગુજરાન શિવ-જીવ ગુજારે
કીડી રે જમે ને
કુંજર કાય પોષે
કણથી આતમ પસારે
કણના ગુણની વાંચું પોથિયું!

કણ તો ગરીબ,
શરીફ એની માયા
આભ ને અનંત સગથી સમાયા જી!
પાણી યે પોષે ને
પવનું એને તોષે
ફૂલ ફળે રસ મધુરે ગાયા જી,
કણના ગુણની વાંચું પોથિયું!

કણના અક્ષર ક્ષરક્ષર પાંગર્યા
ભીતરના સાહેબને સંભારે રે
કાયાને તારે ને આતમનું રતનભારે
કણનો ગ્રંથ જ્ઞાનભર મારે રે;
કણના ગુણની વાંચું પોથિયું!

નિસાસો ન આપે
દિલીપ જોશી

• ગઝલ •

થશે શું? થયું શું? ખુલાસો ન આપે,
ફરી હાથમાં કોઈ પાસો ન આપે.

હવે જેમ ક્યાં દોસ્ત વ્હેતું અસલનું?
સમય ત્રાટકે તોય જાસો ન આપે.

ન શોધી શકાતું પગેરું કદી પણ,
ખુદા જળ ઉપરના પ્રવાસો ન આપે!

ગગન છે, પવન છે સગા ભાઈ જેવા,
ફિકર શું પછી કો' નિવાસો ન આપે!

પળો તરબતર છે ખુશીના ઝરણમાં,
કરું બંદગી કે નિસાસો ન આપે.

દર્દીઓની સેવા-શુશ્રૂષામાં વૈજ્ઞાનિક પદ્ધતિનો આરંભ કરવા સાથે નર્સિંગના કાર્યને પ્રતિષ્ઠાભર્યું સ્થાન અપાવનાર, અને હૉસ્પિટલોના સંચાલનમાં આધુનિકતાનો પાયો નાખનાર દયાની દેવી

'મારા જીવનમાં આ ત્રીસમા વર્ષમાં મૃત્યુ સિવાય મારી કોઈ ઝંખના નથી. પરદેશનો પ્રવાસ, માયાળુ મિત્રો વગેરે બધું જ હું અજમાવી ચૂકી છું. પણ ઓ ભગવાન! મારે હવે શું કરવાનું છે?'

જીવનની બધી સુવિધાઓ તેને સુલભ હતી. સુખસગવડોમાં તેનો ઉછેર થયો હતો. એ જમાનામાં સ્ત્રીઓને માટે બહુ કહેવાય એથી યે સારું શિક્ષણ એને મળ્યું હતું. અને તેને માનવજાતની સેવા કરવાની એક અજબ ધૂન હતી, જેને એ પ્રભુસેવાનો માર્ગ સમજતી. તેની ડાયરીમાં ઈ. ૧૮૫૦માં નોંધાએલા આ શબ્દો છે. પણ એ પછીનાં પાંચ વર્ષમાં તો આ સ્ત્રીનું નામ અમીર–ગરીબ બધા વર્ગમાં દુનિયાભરમાં આદર સાથે સુખ્યાત બની ગયું હતું. અને આજે પણ, તથા હવે પછી યે સર્વત્ર તે આદરપૂર્વક લેવાતું રહેશે.

ફ્લૉરેન્સ નાઇટિંગેલ તેનું નામ. માંદા માણસોની સેવા-શુશ્રૂષાનો એક અતિ ઉમદા આદર્શ સ્થાપીને નર્સિંગને એક આદરયુક્ત વ્યવસાયની કક્ષાએ પ્રસ્થાપિત કરનાર તરીકે તે સદાય યાદ રહેશે. સેવાની ભાવનાથી પ્રેરાઈ પોતાના સર્વ અંગત સુખનો ભોગ આપીને જ્યારે તેણે અનેક પ્રકારની અગવડો, સૂગ અને હાડમારીની વચ્ચે આ સેવાકાર્ય હાથ ધર્યું એ સમયમાં નર્સિંગનો વ્યવસાય – જો એ સમયમાં તે વ્યવસાય ગણાતો હોય તો તે – ની ગણના એક હીન પ્રકારના કાર્ય તરીકે થતી હતી. સમાજના બહુ નીચા સ્તરમાંથી જ તેમાં કોઈ પડતું. આ કાર્ય માટે યોગ્ય તાલીમની કોઈ ખાસ વ્યવસ્થા પણ ત્યારે નહોતી, ને સામાન્ય ઘરનોકર કરતાં યે તેમને ઓછું વેતન મળતું. ઇસ્પિતાલોમાં પણ આજના જેવી તો કોઈ જ સગવડો ત્યારે સુલભ નહોતી અને ચોખ્ખા હવાઉજાશનું કે શાંત વાતાવરણનું કંઈ જ મહત્ત્વ નહોતું. નર્સો પોતે પણ નઘરોળ, અશિક્ષિત, અસંસ્કારી અને ઘણી તો નશાખોર તથા અનૈતિક ચાલચલગતોવાળી જોવા મળતી. અને કદાચ એથી યે સમાજમાં એમનો કોઈ મોભો નહોતો. આમ છતાં ફ્લૉરેન્સ નાઇટિંગેલે આ ક્ષેત્રને પોતાનું જીવનકાર્ય બનાવવા વિચાર્યું. માનવસેવા અર્થે સ્ત્રીઓને માટે એણે આમાં જ એક મોટું ક્ષેત્ર જોયું. અને ખરેખર ત્યારે આ ક્ષેત્રમાં એક સુધારકની જરૂર હતી. એક એવા અગ્રચારીની ખોટ હતી જે પોતાનું સર્વ સુખ ત્યાગીને, અનેકવિધ હાડમારી વેઠી પોતાની જાતના જોખમે તથા સમાજની સૂગ સામે બાથ ભીડીને આ કાર્ય ઉપાડી લે. ફ્લૉરેન્સ નાઇટિંગેલે આ હિંમત બતાવી.

ઈ. ૧૮૨૦ની ૧૨ મેએ ઇટાલીમાં ફ્લૉરેન્સ નગરીમાં તેનો જન્મ થયો હતો. જન્મસ્થળના નામ પરથી પોતાના સંતાનને નામ આપવાની તેનાં માતાપિતાને એક ધૂન હતી. અત્યાર સુધી તો ફ્લૉરેન્સ નામ પુરુષવાચક ગણાતું હતું, પણ એમની બેમાંની આ નાની પુત્રીએ આ નામ ઉજાળ્યા પછી આગળ જતાં અનેક લોકોએ પોતાની પુત્રીને ફ્લૉરેન્સ આપવા માંડયું તેમાં કદાચ ઊંડેઊંડે તો નાઇટિંગેલ પરત્વેના માનની લાગણી જ સમાએલી હશે.

ફ્લૉરેન્સના પિતા ઇંગ્લૅન્ડના એક ધનવાન જમીનદાર હતા. સમાજ અને રાજદ્વારે અનેક મહાનુભાવો સાથે એમને સંબંધો હતા. આથી સહેજે સમજાશે કે જ્યારે એમની પુત્રીએ અપ્રતિષ્ઠિત એવા નર્સિંગના કાર્યને અપનાવવા વિચાર્યું ત્યારે એમના પ્રતિભાવો કેવા હશે. સુખમાં લાલનપાલન પામેલી પુત્રી તબેલા જેવી ગંદી હૉસ્પિટલોમાં જાતજાતના રોગીઓની વચ્ચે બેઆબરૂ સ્ત્રીઓની સાથે ઘૂમે એની કલ્પના પણ તેમનાથી બરદાસ્ત થઈ શકે તેમ નહોતી. આ ધૂનમાંથી પુત્રીને પાછી વાળવા એમણે અનેક પ્રયત્નો કર્યા. પરિવારના મિત્ર બ્રેસબ્રિજ દંપતી સાથે એમણે પુત્રીને લાંબા પ્રવાસે મોકલી આપી. તેઓ તેને રોમ લઈ ગયાં, એવી આશાથી કે ત્યાંની ઝાકઝમાળ જોઇને એ પોતાની ધૂન ભૂલી જશે. પણ ત્યાં યે રોમન કૅથોલિક સાધ્વીઓને લોકોની સેવા કરતી જોયા પછી ફ્લૉરેન્સને રોમના ભવ્ય સૌંદર્યની શી પડી હોય? પ્રવાસ અને સમારંભો છોડી ત્યાંના 'સેક્રેડ હાર્ટ'ના સાધ્વી મઠની પ્રવૃત્તિઓ નિહાળવા દસેક દિવસ એ તેમની સાથે રહેવા ચાલી ગઈ. જર્મનીમાં કૈઝરવર્થ મુકામે એક પ્રોટેસ્ટંટ સાધુ ફ્લીન્ડર દ્વારા હૉસ્પિટલ-નર્સો માટે એક તાલીમવર્ગ ચલાવાતો હોવાની પણ એને થોડી જાણ થઈ, અને પરિણામે ઇંગ્લૅન્ડમાં પણ આવું કંઈક કામ કરવાની તેની ઇચ્છા વધુ દૃઢ થઈ. પરંતુ એ કાળે આવાં જે કાર્યો થતાં તે માનવસેવાની લાગણીભરી ધાર્મિક વૃત્તિથી નહિ, પણ સાંપ્રદાયિક પ્રભાવ વધારવાની દૃષ્ટિથી થતાં હતાં.

આ જ અરસામાં, આગળ જતાં ફ્લૉરેન્સનાં કાર્યોમાં અત્યંત સહાયભૂત બની રહેનાર સીડની હર્બર્ટનો તેને પરિચય થયો. અર્લ ઑવ પેમબ્રોકનો એ પુત્ર અને તેની પત્ની વિલ્ટશાયરમાં નાઇટિંગેલ પરિવારની પડોશમાં જ રહેતાં હતાં. આડત્રીસ વર્ષનો હર્બર્ટ અગાઉ કૅબિનેટ પ્રધાન બની ચૂકેલો હતો. ફ્લૉરેન્સને એ માણસમાં તુરત જ શ્રદ્ધા બેસી ગઈ. અઠ્ઠાવીસ વર્ષની વયે પહોંચેલી ફ્લૉરેન્સ ત્યારે ઊંચી, પાતળી, નમણી, સુઘડ અને સાલસ લાગતી. તેના ઘેરા બદામી વાળ, નાજુક પ્રતિભા, વિચારમગ્ન ઉદાસીન છતાં ટીખળભરી આંખો, અને મધુરા સ્મિતભર્યા હોઠ સ્વાભાવિક જ પરિચયમાં આવનાર સૌ કોઇને આકર્ષી લે તેવાં હતાં. ઇચ્છે તો પ્રતિભાવંત જીવનસાથી મેળવવામાં તેને કોઈ જ મુશ્કેલી નડે તેમ નહોતી. પણ ફ્લૉરેન્સ જે કાર્ય કરવા માગતી હતી તેમાં લગ્નજીવનને એ આડખીલી રૂપ માનતી હોઈ તેણે એ વિષે કદી વિચાર જ કર્યો નહિ. સીડની હર્બર્ટ—આગળ જતાં જે 'લૉર્ડ હર્બર્ટ ઑવ લી'નું પદ પામેલો, તેની સાથેની ફ્લૉરેન્સની મિત્રતા એમની બંને વચ્ચે પ્રવર્તતી પરગજુપણાની સમાન લાગણી પર આધારિત હતી. અને જે હેતુને ફ્લૉરેન્સે પોતાનું જીવન અર્પણ કરેલું તેની સિદ્ધિ પ્રાપ્ત કરવામાં આ મૈત્રી બહુ સહાયક નીવડી હતી.

ફરી એક વાર ફ્લૉરેન્સ પ્રવાસે ઊપડી. ૧૮૪૯માં જ્યારે એ પારીસમાં હતી ત્યારે ત્યાં સેન્ટ વિન્સેન્ટ દ પોલની બે સાધ્વીઓએ ઍલેક્ઝાંડ્રિયામાં કાર્ય કરતા તેમના સંઘની વાત કરી. ફ્લૉરેન્સ યુરોપમાં ફરતીફરતી ઇજિપ્તમાં છેક ઍલેક્ઝાંડ્રિયા પણ પહોંચી ગઈ અને તે સંઘની શાળાઓ તથા હૉસ્પિટલોમાં થતાં કાર્યોને નિહાળ્યાં. હૉસ્પિટલોના સંચાલનમાં શિસ્તનું મહત્ત્વ તેને પહેલી વાર અહીં જોવા મળ્યું.

પાછા ફરતાં તેણે ફ્લીન્ડરના 'ઇન્સ્ટિટ્યૂટ ઑવ પ્રોટેસ્ટંટ ડીકનેસિઝ'ની પણ મુલાકાત લીધી અને થોડા સમય પછી એ ચાર માસ માટે ત્યાં તાલીમ લેવા માટે પણ ગએલી.

આમ, જ્યારે જ્યારે એ યુરોપમાં પ્રવાસે નીકળતી ત્યારે હમેશાં પ્રથમ તો ત્યાં જરૂરિયાતમંદ અને માંદા માણસોની સેવા અર્થે કંઇ ને કંઈ સારું કાર્ય કરતી સંસ્થાઓની એ અચૂક મુલાકાત લેતી. પરિણામે હવે તેને પ્રતીતિ થઈ ગઈ હતી કે જે પ્રવૃત્તિનું પોતાના દેશમાં અસ્તિત્વ જ ન કહી શકાય તે અંગે વાતો કરવાનો પ્રયત્ન કરવો નિરર્થક છે. એ પ્રતિ માત્ર અંગુલિનિર્દેશ કરવાનો કંઈ અર્થ નથી. એ માટે તો તેણે જાતે નવી કેડી આંકીને તેમાં દોરવણી આપવી જોઇએ. પ્રવાસો પરથી પાછાં ફરતાં તેણે હવે પોતાના જીવનને કયા

માર્ગે વાળવું તે વિષે દૃઢ નિર્ધાર કરી લીધો. પોતે અપનાવવા ધારેલા કાર્ય અંગેના બધા વિરોધો સામે એણે હવે જાતે જ લડી લેવા નિશ્ચય કર્યો. પોતાનું અંતર ઈશ્વર અને માનવસેવાના જે કાર્ય ઉપર ઠર્યું હતું તે સિદ્ધ કરવા માટે એને લંડનના પૂર્વગ્રહયુક્ત વાતાવરણમાં, અને હજી સુધી નિષ્ક્રિય રહેલા પોતાના જીવનમાં હવે એક પ્રકારના ખાલીપણાનો અનુભવ થવા માંડયો હતો, અને આ સ્થિતિમાં જ

ફ્લૉરેન્સ નાઇટિંગેલ





ફ્લૉરેન્સ નાઇટિંગેલ યુવાનવયે અને ઉત્તરાવસ્થામાં

એણે નોંધ્યું હતું, 'ઓ ઈશ્વર, મારું શું થવા બેઠું છે? આમાંથી હું કઇ રીતે બહાર આવું? મારે ખરેખર હવે કંઇક કરવું જ રહ્યું!'

એની આ લગનથી માહિતગાર અને ઘણી રીતે એવી જ ભાવનાવાળા સીડની હર્બર્ટની સમજાવટોથી ધીરેધીરે ફ્લૉરેન્સનાં માતાપિતાએ પણ પુત્રીને બીજે માર્ગે વાળવાના પ્રયત્નો છોડી દીધા. પોતાની બહેનને સાથે લઇને ફ્લૉરેન્સ અગાઉ જે જે સંસ્થાઓની મુલાકાતો લીધેલી ત્યાં ફરી એક વાર ગઈ. હાઇનને કાંઠે કૈઝરવર્થમાં ફ્લેન્ડરની સંસ્થામાં એ જોડાઇ. હૉસ્પિટલો માટે નર્સિંગની સુયોજિત તાલીમ આપતી એ આજના જેવી સૌપ્રથમ સંસ્થા હતી. અહીં અત્યંત કડક શિસ્તપાલનમાં એ વહેલી સવારે ઊઠી જઈ, સાફસફાઈ જેવા રોજિંદા કામો પતાવી, સાધ્વીઓ પેઠે કરકસરયુક્ત આહાર લઈ નર્સિંગના વર્ગોમાં તે અંગેનું પદ્ધતિસર શિક્ષણ લેવા લાગી. એના જેવી સાહ્યબીમાં ઊછરેલી સ્ત્રી માટે આ એક આત્મવિલોપનકારી હાડમારી ભરેલી જિંદગી હતી. પણ પોતે જેને જીવનકાર્ય બનાવવા ધારતી હતી તેને યોગ્ય જ્ઞાન અને તાકાત મેળવવા માટેનો આ અનુભવ હતો.

ત્યાંથી પાછા આવીને લંડન અને એડિનબરઅની હૉસ્પિટલોમાં નર્સિંગ અંગેની જરૂરતો અને સ્થિતિનો તેણે અભ્યાસ આદર્યો. ૧૮૫૩માં ફરી પારીસ જઇને ત્યાંની સંસ્થાઓમાં તેણે નર્સિંગનો વધુ ઊંડો અભ્યાસ કર્યો.

અને પછી ૧૮૫૩ના ઑગસ્ટમાં તેને પોતાના કાર્ય અંગે તક મળી. 'એસ્ટાબ્લિશમેન્ટ ફૉર જેન્ટલવીમેન ડયુરિંગ ઇલનેસ' નામની એક સેવાભાવી સંસ્થામાં, ઇંગ્લૅન્ડમાં પોતાની ધારણા પ્રમાણે જેની જરૂર હતી એ રીતે તેના સંચાલન તથા નિદર્શનની જવાબદારી તેને સોંપવામાં આવી. લંડનની શૅન્ડોઝ સ્ટ્રીટમાં આવેલા સ્ત્રીઓ માટેના આ નર્સિંગહોમની સાધન-સગવડોની સ્થિતિ જો કે બહુ સીમિત હતી, પણ એણે એનું એટલું સુંદર સંચાલન કર્યું કે થોડા જ વખત બાદ હાર્લે સ્ટ્રીટમાં આ સંસ્થાએ વધુ વિશાળ જગ્યા મેળવી અને ત્યાં આ 'દેવદૂતિકા સમી સેવિકા'ને પોતાની રીતિનીતિ પ્રમાણે સ્વતંત્રપણે કામ કરવા મળ્યું. માંદાની માવજતમાં એનો પહેલો સિદ્ધાંત હતો સંપૂર્ણ સ્વચ્છતાનો, અને આ માટે એ ખુલ્લી તાજી હવા પણ જરૂરી સમજતી હતી. જ્યારે લોકો એ કાળે માંદગી વેળા બંધિયાર વાતાવરણના હિમાયતી હતા. અનેક વિરોધ છતાં ફ્લૉરેન્સે બારીબારણાં ખુલ્લાં જ રાખવાનો આગ્રહ રાખ્યો. આ અને આવા અનેક સુધારાઓ ત્યાં દાખલ કરીને હૉસ્પિટલની સારવારમાં આધુનિક પદ્ધતિનો એણે આમ આરંભ કર્યો. થોડા જ વખતમાં તેના આવા અનેક સુધારાનાં સુફળ દેખાવા માંડયાં અને ફ્લૉરેન્સ નાઇટિંગેલ પ્રસિદ્ધિ પામવા લાગી. એવામાં ફ્લૉરેન્સ માટે એક વધુ મોટી તક ઊભી થઈ. કિંગ્સ કૉલેજ હૉસ્પિટલમાં નર્સોના સુપ્રિન્ટેન્ડન્ટનું પદ એને સંભાળવાનું હતું. એમાં એને વધુ મોટા પ્રમાણમાં પોતાની કલ્પના પ્રમાણેનું કામ કરવું શકય હતું, પણ ત્યાં તો એક રાષ્ટ્રીય આપત્તિ આવી પડી. ૧૮૫૪ના સપ્ટેમ્બરમાં ક્રિમિયાનું યુદ્ધ ફાટી નીકળ્યું.

આ યુદ્ધ આરંભાયાના થોડા જ સપ્તાહો બાદ લંડનના 'ધ ટાઈમ્સ' અખબારે આલ્માના યુદ્ધમોરચે ઘાયલ સૈનિકોની સારવાર અંગેની શરમજનક સ્થિતિ વિષે એક અહેવાલ પ્રકટ કર્યો. ત્યાં ન તો પૂરતા દાક્તરો હતા કે ન હતી ઘાયલોને માટે પાટાપિંડી સારુ પૂરતી સામગ્રી તેમજ પૂરતા માણસો પણ. સૈનિકોની સારવાર માટે નર્સિંગની પૂરી વ્યવસ્થા ન હતી. અને આમાં કોઇનો યે દોષ પણ નહોતો. જરૂર હતી આ સમગ્ર તંત્રની યોગ્ય વ્યવસ્થાની. ફરી 'સેક્રેટરી ફૉર વૉર' બનેલા સીડની હર્બર્ટે આ કામ સંભાળી લેવા ફ્લૉરેન્સને પુછાવ્યું. કહે છે કે આ જ વખતે ફ્લૉરેન્સે પણ સૈનિકોની સેવા અર્થે પોતાને યુદ્ધમોરચે મોકલવાની માગણી કરતો પત્ર રવાના કરેલો. ગમે તે હોય, પણ આવી વ્યવસ્થા થઈ ગઈ. થોડા દિવસોમાં વૉર ઑફિસે ફ્લૉરેન્સની તૂર્કસ્તાનમાં બ્રિટિશ જનરલ હૉસ્પિટલમાં સ્ત્રી નર્સોના સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે નિમણૂક કર્યાનો પત્ર તેને લખી મોકલ્યો. બે જ દિવસ પછી ૧૮૫૪ની ૨૧ ઑકટોબરે, નીવડેલી નર્સોમાંથી ખાસ ચૂંટેલી સ્વયંસેવિકાઓના એક જૂથ સાથે ફ્લૉરેન્સ સ્કુટારી જવા નીકળી.

સરકારે કરેલી આ નિમણૂકની જાહેરાત થતાં જ ફ્લૉરેન્સ નાઇટિંગેલની પ્રસિદ્ધિ પ્રસરી વળી. પોતાનાં સુખ-સગવડો ને આરામભરી જિંદગીનો ભોગ આપીને આ એક સુખી ઘરની સન્નારી જાનની જોખમે યુદ્ધમોરચે અનેક હાડમારીઓ વચ્ચે દેશના ઘાયલ સૈનિકોની સેવા કરવા જતી જાણી લોકોએ તેને ઉમંગભેર વધાવી, સૈન્યના વરિષ્ઠ



ક્રીમિયાની છાવણીમાં દરરોજ વહેલી સવારે અને મોડી રાતે હાથમાં દીવો લઇ દરેક દર્દી કે ઘાયલ સૈનિકના ખબર પૂછવા નીકળતી 'ધ લૅડી ઑવ ધ લૅમ્પ'–ફ્લૉરેન્સ નાઇટિંગેલ.

અધિકારી, પુરવઠા-અધિકારી, તથા ચીફ મેડિકલ ઑફિસર વગેરેએ તેનો ખર્ચ ઉપાડી લીધો. દાન અને ભેટસોગાદોની તો લોકોએ જાણે વર્ષા જ કરી. તેની સહાયમાં જવા સ્વયં તૈયાર થએલી ચાલીસ જેટલી નર્સોમાંથી ફ્લૉરેન્સ તથા હર્બર્ટે મળીને આડત્રીસ જેટલી જે નર્સો તારવી હતી તેમાં દસ રોમન કૅથોલિક, આઠ ઍંગ્લિકન, સેન્ટ જહોન્સહાઉસની છ અને જુદીજુદી હૉસ્પિટલોની ચૌદ બીજી નર્સો હતી.

પણ આમાં એક નવો જ પ્રશ્ન પ્રકટયો. સાંપ્રદાયિક ખયાલોથી પ્રેરાઈ ફ્લૉરેન્સ સાથે જતી નર્સોના જૂથ અંગે વિરોધ જાગ્યો, પણ ખુદ રાણી વિક્ટોરિયાએ પોતે જ ફ્લૉરેન્સને ટેકો આપતાં એ ઊહાપોહ શમી ગયો, આમ છતાં યે કેવળ પુરુષો માટે જ ગણાતા મોરચા પરનાં કામોમાં સ્ત્રીઓના આગમન અંગે તો ઘણા ઉચ્ચ અધિકારીઓને પણ અણગમો હતો. પરંતુ ખુદ રાણીનું પ્રોત્સાહન મળતાં ફ્લૉરેન્સે આવા બધા કચવાટોને ગણકાર્યા વિના પોતાનું કાર્ય સંભાળી લીધું.

નવેમ્બરની ચોથીએ ફ્લૉરેન્સ નાઈટિંગેલનું જૂથ સ્કુટારી પહોંચ્યું, બરાબર એ જ વખતે બાલાકલાવાના મોરચેથી ઘાયલ સૈનિકોનો મોટો સમૂહ પણ ત્યાં આવ્યો. આવતાં વેંત જ આટલા બધા ઘાયલોની સારવારના મહાભારત કામમાં એ અને એની સાથી નર્સો જોતરાઈ ગઈ, થોડા જ દિવસમાં ઈન્કરમાન મોરચેથી બીજા છસો સૈનિકો આવ્યા. એ બધાની પાટાપિંડી ને સારવાર, અને તે પણ સીમિત સાધનસામગ્રી તથા અનેકવિધ અગવડો અને કેટલાક અસહકાર વચ્ચે સંભાળવાનું કાર્ય કેટલું ગંજાવર હતું એ આજે કદાચ આપણને ન યે સમજાય, પણ ફ્લૉરેન્સમાં એને પહોંચી વળવાની હિંમત હતી.

પણ આ દરમિયાન પેલા 'ધ ટાઈમ્સ'ના લખાણમાં મુકાએલા આરોપો અંગે તપાસ કરવા હર્બર્ટે એક સમિતિ યુદ્ધ મોરચે મોકલવી પડી હતી. આ સમિતિની તપાસ દરમિયાન પણ આ દયાની દેવીનું કાર્ય તો યથાવત્ જારી જ હતું. સમિતિએ મોરચા પરની ઇસ્પિતાલોનો વહીવટ એ અંગેની સમગ્ર સત્તા સાથે કોઈ એક વ્યક્તિને હસ્તક સોંપવા સૂચવ્યું, અને ફ્લૉરેન્સે પોતે જ એ જવાબદારી ઉપાડી લીધી. પરિણામે એ તંત્રમાં સમગ્ર વહીવટમાં એકવાક્યતા સ્થપાતાં 'ધ ટાઈમ્સે' મૂકેલા બધા આરોપોનું નિરાકરણ લાવી દઈ એક સ્ત્રી અને તેના સાથીદારોએ આમ અનેક સૈનિકોને બચાવી લીધા. પછી તો ટાઈમ્સે ઊભા કરેલા ફાળા અને વ્યક્તિગત દાનો દ્વારા નાણું આવવા લાગ્યું. ફ્લૉરેન્સ પોતે પણ અંગત મૂડીમાંથી તેમાં ઉમેરણ કરતી.

સૈનિક દર્દીઓના કપડાં ધોવાં માટે કૉન્ટ્રેક્ટરથી ન પહોંચી શકાયું તો ફ્લૉરેન્સે સ્કુટારીમાં એક મકાન રાખી તેને કપડાં ધોવાનાં સાધન-સગવડથી સજ્જ કરી દીધું. પથારીવશ ઘાયલ સૈનિકો માટે તાત્કાલિક બનાવરાવેલાં ૨૭ હજાર ખમીસોની ગાંસડીઓ બોર્ડ ઑવ સર્વેની મંજૂરીની રાહ જોતી બંધાએલી જ પડી રહી હતી તે તેણે ખોલાવી નાખીને હૉસ્પિટલોમાં વહેંચી દીધી. લશ્કરી વહીવટના નિયમોના પાલનમાં એણે ઘાયલ સૈનિકોની કોઈ જરૂરિયાતને અટકાવા નહિ દેવાની તેની આવી હિંમત સામે સ્વાભાવિક જ કચવાટ પણ જાગ્યો. પણ ફ્લૉરેન્સને તેની પરવા નહોતી. એને મન માંદા અને ઘાયલ સૈનિકોની સગવડનું પ્રથમ મહત્ત્વ હતું. આ માટે તે વહીવટી નિયમોની ઢીલને નિભાવી શકે તેમ નહોતી.

ઘાયલ સૈનિકો અને હૉસ્પિટલના માણસોમાં હવે 'ધ લૅડી ઈન ચીફ' તરીકે ઓળખાવા માંડેલી ફ્લૉરેન્સ તો જ્યાં કંઈ જરાશી યે ઊણપ દેખાય ત્યાં તે દૂર કરવામાં લાગી જ રહી. એની પાસે કામ કરનાર જો બરાબર કામ આપી ન શકે કે શિસ્તભંગ કરે તો તુરત તે તેમને છૂટા કરી દઈ મોરચા પરથી ઘેર પાછા મોકલી દેતી, ને ઇંગ્લૅન્ડમાં તેણે કરેલી તાલીમ-વ્યવસ્થામાંથી નવાની ભરતી કરી દેતી. એણે મોરચા પરનો વહીવટ સંભાળ્યો તે અગાઉ ત્યાંના માંદા ને ઘાયલ સૈનિકોનું મરણપ્રમાણ બેતાલીસ ટકા જેટલું હતું તે તેના આગમન પછી બહુ થોડા જ સમયમાં એકદમ ઘટીને બે ટકા જેટલું ઊતરી આવ્યું. હૉસ્પિટલોની સ્વચ્છતા સાથે તેની ગટરોની સુધારણા તથા પોતાની જ યોજના મુજબ કામ આપે તેવા યોગ્ય મેડિકલ માણસોની નિમણૂકથી આ થઈ શકયું હતું. ડગલે ને પગલે અમલદારશાહી તેનાં કામમાં વાંધાવચકા કાઢતી રહેતી, પણ પોતાની આગ્રહી તાકાત વડે એણે એક પછી એક આડખીલીઓનાં કારણો ખોળીખોળીને તેને તુરત જ દૂર કરવા માંડી તેમને ચૂપ કરી દેવા માંડયાં.

હૉસ્પિટલોના બધા જ માણસોની કામગીરી, જોઇતી સામગ્રીઓની ખરીદી, રોજિંદા કામોની વ્યવસ્થા, ફર્નિચર, કપડાં રોજેરોજનાં બધાં કામો પર દેખરેખ રાખવા માટે એણે વિગતસર આયોજન કર્યું હતું. એનાં એ આયોજનના પાયા ઉપર જ આજની હૉસ્પિટલોનો વહીવટ વિકસ્યો છે. પણ એ સમયમાં જ્યારે પોતાની વ્યવસ્થામાં અમલદારશાહીનો જોઇતો સાથ ન મળે તો આ બહાદુર સ્ત્રી પોતાની રોજની વીસવીસ કલાક સુધી ખડેપગે ચાલતી કામગીરી ઉપરાંત રસોઈ, સાફસૂફી, કપડાંની ધોલાઈ વગેરે જેવાં કોઈ પણ કામમાં લાગી જતાં જરા ય ખચકાતી નહિ.

રોજ વહેલી સવારે તેમજ મોડી રાતે દર્દીઓના વૉર્ડમાં નિયમિત એક ચક્કર મારવાનો તેનો નિયમ હતો. ઘાયલ કે માંદા સૈનિકની સારવાર સાથે તેમને હમદર્દીની પણ જરૂર હોવા પર તે સદા ભાર મૂકતી.

(અનુસંધાન પૃષ્ઠ ૫૦)

સત્યજિત રાયની એક રહસ્યકથા

ઍટેચીની અદલબદલ

—સુકન્યા ઝવેરી—

પૂર્વકથા : દિલ્હીથી કલકત્તા આવતાં કાલકા મેલમાં એક ધનપતિ દીનાનાથ લાહિડીની ઍટેચી, એક જ કંપાર્ટમેન્ટમાં સાથે પ્રવાસ કરતા ત્રણમાંના કોઈ એક જણ સાથે બદલાઈ જાય છે. એ ઍટેચીમાં તિબેટના પ્રવાસ વિષે એક હસ્તપ્રત સિવાય ખાસ કોઈ કિંમતી ચીજ નહોતી, અને એ હસ્તપ્રતનું પણ મિ. લાહિડીને મન કંઈ મહત્ત્વ નથી; તેમજ એમની પાસે બદલાઇને આવેલી ઍટેચીમાં પણ કેવળ સામાન્ય ચીજો જ હતી. છતાં એ ઍટેચી તેના મૂળ માલિકને પહોંચાડવી જ જોઈએ એવી ભાવનાથી તેઓ એ કામ ફેલુદાને સોંપે છે. ફેલુદા એમની પાસેથી એ ત્રણે અજાણ્યા સહપ્રવાસીઓમાંના કેવળ એકનું નામ – મિ. પકડાશી – તથા બાકીના ત્રણનું વર્ણન મેળવી તપાસ આરંભે છે. એ નામ તથા બદલાએલી ઍટેચીમાંથી મળેલા રૂમાલ ઉપર ભરત કરેલા જી (G) અક્ષરના લૂલા આધારે એક જ દિવસમાં મિ. પકડાશીને શોધી તેમને મળે છે, તેની પાસેથી બીજા પ્રવાસીનું નામ મેળવી તેને યે શોધી કાઢે છે અને ત્રીજા પ્રવાસીના નામના પ્રથમાક્ષર 'જી'ના આધારે તેનું નામ – જી. સી. ધમિજા તથા તેનું સિમલાનું સરનામું યે શોધી કાઢે છે. બદલાએલી ઍટેચી આ જી. સી. ધમિજાની છે. પોતાની આ તપાસની આટલી સફળતાની જાણ કરવા એ મિ. લાહિડીને મળવા જાય છે, અને ત્યાં … …

ગ્રૅન્ડ હોટેલથી નીકળીને ન્યૂ એમ્પાયર સામેની એક દુકાનેથી મસાલાવાળાં પાન લઈ અમે સીધા રોડન સ્ટ્રીટમાં દીનાનાથબાબુના ઘેર આવ્યા. આજની તપાસનો અહેવાલ આપવાનો ફેલુદાનો ખયાલ હતો. બંગલાનો ગેટ વટાવી અંદર જતાં ડાબી તરફ ચાર ગૅરેજ દેખાયાં. એમાંનાં ત્રણ ખાલી હતાં, ચોથામાં એક નવી જ જાતની સુંદર મોટર હતી. ફેલુદાએ તે ઇટાલિયન લાગન્ડા હોવાનું કહ્યું.

દરવાન કાર્ડ લઇને અંદર ગયા પછી તુરત જ એક યુવાને બહાર આવી અમને આવકારતાં કહ્યું, 'કાકા બહાર ફરવા ગયા છે. સાતેક વાગ્યા સુધીમાં પાછા આવી જશે.'

ત્રીસેક વર્ષથી યે ઓછી ઉંમર લાગતી હતી એની. મધ્યમ ઊંચાઈ, દીનાનાથબાબુ જેવો જ ગોરો વાન, વીખરાએલા લાંબા વાળ અને કાન પાસે લાંબી વધારેલી કલમ. આજકાલ આ ફૅશન છે. એક ટશે એ ફેલુદા ભણી તાકી રહ્યા હતા.

'એમની રાહ જોતાં અમે બેસીએ? અમારે એમનું થોડું કામ છે.' ફેલુદાએ પૂછ્યું.

'આવો, અંદર બેસો.'

અંદર દીવાનખંડમાં એણે અમને બેસાર્યા. ખંડની ભોંય ઉપર વાઘ અને રીંછની મોટીમોટી ખાલ પાથરેલી હતી. દરવાજાની ઉપર ભીંતમાં એક જબ્બર મોટા બાઈસનનું માથું લગાડેલું હતું. દીનાનાથબાબુના મોટાકાકા પણ અચ્છા શિકારી હશે, કદાચ એથી જ શંભુચરણ જોડે એમને ગાઢ મૈત્રી થઈ હશે.

'કાકા રોજ સાંજે ફરવા જાય છે. હવે આવવા જ જોઈએ.' સજ્જનનો અવાજ જરા વધુ પડતો પાતળો હતો. દીનાનાથબાબુએ આને જ ધમિજાની ઍટેચી આપી હશે. એમ મને લાગ્યું.

'તમે જ છો ફેલુ મિત્તિર, જેણે પેલું 'સોનાના કિલ્લા'*નું રહસ્ય સોલ્વ કર્યું હતું?' એણે પૂછ્યું.

ફેલુદાએ કેવળ માથું હલાવી હા પાડતાં, પગ ઉપર પગ ચડાવી આરામથી બેઠક જમાવી. શી ખબર કેમ, પણ મને આ યુવાનનો ચહેરો પરિચિત લાગ્યા કરતો હતો. અંતે મેં પૂછી જ નાખ્યું :

'તમે કોઈ ફિલ્મમાં એક્ટિંગ કરો છો?'

'હા. 'અશરીરી'માં હું વિલનનો પાર્ટ કરું છું. એ એક થ્રિલર છે, જો કે હજી રીલીઝ નથી થઈ.'

'તમારું નામ? ફિલ્મમાં કદાચ જુદા નામે એક્ટિંગ કરતા હશો.'

'હા. ફિલ્મોમાં 'અમરકુમાર', પણ અસલ નામ પ્રવીર લાહિડી.'

'હા, હા! હવે 'અમરકુમાર', યાદ આવી ગયું. એક ફિલ્મ-મૅગેઝિનમાં તમારો ફોટો જોયો હતો.'

પણ પછી મને મનમાં થયું કે આવા પાતળા અવાજ સાથે ફિલ્મમાં એ વિલન તરીકે કેવા લાગતા હશે!

'તો શું ઍક્ટિંગ એ તમારો વ્યવસાય છે?' આ પ્રશ્ન ફેલુદાએ પૂછ્યો હતો. પ્રવીરબાબુ ખુરશી ઉપર ન બેસતાં હજી શા માટે ઊભા હશે એ મને સમજાયું નહિ.

'કાકાના પ્લાસ્ટિકના કારખાનામાં યે બેસવું પડે છે. પણ મારું વલણ ઍક્ટિંગ તરફ વિશેષ છે.'

'કાકા એ બાબત શું કહે છે?'

'કાકા...એમને એ પસંદ નથી.'

'કેમ? તમારું ફિલ્મમાં કામ કરવું એમને નથી ગમતું?'

'એ એવા જ છે.' જવાબ આપતાં અમરકુમારનું મોં ચડેલું જ રહેતું હતું. લાગ્યું કે ફિલ્મની બાબતમાં કાકા સાથે એમને જરૂર ચડભડાટ ચાલતો હશે.

'અચ્છા! એક વાત મારે તમને પૂછવી છે.' પ્રવીરબાબુ ચીડચીડા લાગતા હતા એટલે જ કદાચ ફેલુદા આટલી નરમાશથી બોલતા હતા.

'ખુશીથી પૂછો. તમારા પ્રશ્નોના ઉત્તર દેવા માટે મને કશો વાંધો નથી, બાકી કાકાનાં કોન્સ્ટન્ટ મેણાં ટોણાં...'

'તમારા કાકાએ તમને એર ઇન્ડિયાની એક ઍટેચી આપી હતીને?'

'હા. પણ એ તો કોઇ ઉઠાવી ગયું લાગે છે. અમારો નવો નોકર...'

'ના. કોઈ ઉઠાવી નથી ગયું,' ફેલુદાએ હાથ ઊંચો કરી એમને રોકતાં કહ્યું, 'ઍટેચી મારી પાસે છે!'

'તમારી પાસે!?' પ્રવીરબાબુને આશ્ચર્ય થયું.

'હા, તમારા કાકાએ વિચાર્યું કે એ ઍટેચી જેની છે તેને પાછી પહોંચાડવી જોઇએ. કોની સાથે એ બદલાઈ એની એમને જાણ નથી, એટલે એના મૂળ માલિકને શોધીને તે પહોંચાડવાનું કામ એમણે મને સોંપ્યું છે. હું અત્યારે તો તમને એ પૂછું છું કે તમે એમાંથી કોઈ વસ્તુ કાઢી છે ખરી?'

'નૅચરલી, આ એક વાપરવા લીધી હતી.' કહી પ્રવીરબાબુએ એક બૉલપેન પોતાના ખિસ્સામાંથી કાઢીને ફેલુદાને બતાવી. પછી

---

* સત્યજિત રાયની એક રહસ્યકથા 'સોનાર કેલ્લે'. આ જ નામે એમણે તેની સુંદર ફિલ્મ પણ બનાવેલી, જે રાષ્ટ્રીય પુરસ્કાર પણ પામી હતી.

કહે, 'નવી બ્લૅડ અને શેવિંગ ક્રીમ પણ યુઝ કરવાનો હતો, પણ એ ઍટેચી સાથે ચાલી ગઇ.'

'પણ એ તો તમે સમજી શકશો કે ઍટેચી પાછી આપવી હોય તો તેમાંની બધી ચીજવસ્તુ સમેત જ એ પરત આપવી જોઈએ.'

'બરાબર છે' કહી પ્રબીરબાબુએ પેલી બૉલપેન ફેલુદાને આપી. આભાર માની ફેલુદાએ તે પોતાના ખિસ્સામાં મૂકી દીધી. પણ પ્રબીરબાબુનો કાકા પરનો ગુસ્સો હજી ઊતર્યો નહોતો. કહે' 'વસ્તુ જ્યારે મન આપી જ હતી તો પછી પાછી લેતી વેળા એક વાર મને...'

પણ એમનું વાક્ય પૂરું ન થયું. બહારથી દીનાનાથબાબુની ગાડીના હૉર્નનો ગંભીર અવાજ સંભળાયો. એ સાંભળતાં જ વાક્ય અધૂરું છોડી પ્રબીરબાબુ ખંડમાંથી ચાલ્યા ગયા.

'ઓહોહો ! તમે લોકો આવ્યા છો ?' બહારથી જ અમને જોતાં જોતાં દીનાનાથબાબુ અંદર આવતાં બોલી ઊઠયા, અને ગરદન નમાવી નમસ્કાર કરી આગળ વધતાં અમને બંનેને ઊભા થઈ ગએલા જોઇને બોલ્યા : 'બેસો, બેસો, પ્લીઝ...મારી રાહ જોવી પડી ?' અને પછી કહે, 'તમને તો વેળા-કવેળા ચા પીવાનો ચોક્કસ વાંધો નથી જ...અરે! કોણ છે?'

એમને સાંભળીને અંદર આવેલા નોકરને ચા લાવવાનું કહી તેઓ અમારી પાસેના સોફા ઉપર બેસતાં બોલ્યા : 'બોલો, શા ખબર છે?'

'તમારી ઍટેચી ઍપલવાળા જોડે બદલાઈ ગઈ છે.' ફેલુદાએ કહ્યું, અને ઉમેર્યું, 'એમનું નામ છે. જી. સી. ધમિજા.'

'અરે !' આશ્ચર્યથી પહોળી થતી આંખો સાથે દીનાનાથબાબુ બોલી ઊઠયા, 'આ એક જ દિવસમાં તમે એનું નામ પણ શોધી કાઢ્યું ? અજબ છે, મોશાય ! મૅજિક જાણો છો કે શું ?'

મોં મરકાવતાં પોતાનો રિપૉર્ટ આગળ ચલાવતાં ફેલુદાએ કહ્યું, 'એ સજ્જન સિમલામાં જ રહે છે. એમનું સરનામું પણ મેળવ્યું છે. અહીં ગ્રૅન્ડ હોટેલમાં ઊતરેલા. ત્રણ દિવસ રોકાવાના હતા, પણ બે દિવસ રહી ચાલ્યા ગયા.'

'ચાલ્યા ગયા ?' દીનાનાથબાબુ કંઈક હતાશ થઈ બોલ્યા.

'હા, હોટેલમાંથી ચાલ્યા ગયા. પણ સિમલા ગયા છે કે નહિ તે નથી કહી શકતો. પણ એની જાણ તો સિમલા એક ટેલિગ્રામ કરવાથી ચોક્કસ થઈ શકશે.'

થોડી વાર કંઈ વિચારમાં મૌન રહી દીનાનાથબાબુએ કહ્યું : 'તમે એક કામ કરો. જો કે ટેલિગ્રામ તો હું આજે જ કરું છું, પણ ધારો કે તેઓ સિમલા પહોંચી ગયા હોય અને મારી ઍટેચી એમની પાસે હોય તો એ પછી યે આપણું કામ તો પૂરું નથી થઈ જતું. એમની ઍટેચી તો એમને પાછી આપવાની રહે જ છે...'

'હા, હા. એ તો ખરું જ. વળી, આ ઉપરાંત, પેલી ભ્રમણકથા અંગે મને પણ એક કુતૂહલ છે, એટલે તમારી ઍટેચી પણ પાછી મેળવવાની જ છે.'

'વેરી ગુડ, મારો પ્રસ્તાવ છે કે તમે જ સિમલા જઇ આવો. હું તમને બધો ખર્ચ આપીશ. અને હું તો કહું છું કે આ તમારા ભાઇને પણ સાથે લઈ જાઓ. સિમલામાં આ સમયે બરફ પણ હશે.' પછી મારા તરફ વળીને કહે, 'હાથ પાસે જ બધે પથરાએલો બરફ જોયો છે, ખોકા ?' (ખોકા = છોકરા)

બીજો કોઈ વખત હોત અને કોઈએ મને 'ખોકા' કહ્યું હોત તો મારો પિત્તો ખસી જ જાત, પણ સિમલા જવાનો ચાન્સ હોઇ મેં એમના સંબોધનને ગણકાર્યું નહિ ઊલટું એમનો પ્રસ્તાવ સાંભળતાં જ મારા મનમાં તો ઑલરેડી ઘોડા દોડવા માંડયા હતા. પણ ફેલુદાએ જે ઉત્તર આપ્યો એથી મારા ઘોડાની લગામ ખેંચાતી અનુભવી મને ચીડ ચડી. એ કહે: 'એક વાતનો વિચાર કરી જુઓ મિસ્ટર લાહિડી, તમે ચાહો તો અત્યારે બીજા ગમે તેને પણ સિમલા મોકલી શકો છો. એમની ઍટેચી પાછી આપી તમારી ઍટેચી પાછી લઈ આવવા સિવાય ખાસ તો કશું કામ નથી, તેથી...'

'ના, ના, ના.' લાહિડી મોશાય ખાસ્સા ભારપૂર્વક બોલી ઊઠયા, 'તમારા જેવો રીલાએબલ માણસ કયાંથી મળે! અને જ્યારે તમે આ આદર્યું જ છે તો પૂરું પણ તમે જ કરો.'

'કેમ ? તમારો ભત્રિજો...'

'એની તો વાત જ ન કરશો.' દીનાનાથબાબુ ઊતરી જતા ચહેરે બોલ્યા, 'એનામાં જવાબદારીનું કશું ભાન જ નથી. કોણ જાણે કયાંથી કોઈ બંગાળી ફિલ્મમાં ઍક્ટિંગ કરી આવ્યો છે. વિચારો તો ખરા, એની મતિ જ ભમી ગઈ છે. ના, ના. એ ભત્રિજા-બત્રિજાથી કંઈ નહિ વળે. તમે જ જાઓ. મારો ઓળખીતો એક ટ્રાવેલ ઍજન્ટ છે. તમારી ટિકિટ-બિકિટનું બધું એ જ કરી દેશે. દિલ્હી સુધી પ્લેનમાં, ને એ પછી ટ્રેનમાં જાઓ. કામ પતાવી ચારેક દિવસ આરામ કરી ફરીહરીને આવો. તમારા જેવા ગુણીજનને આવી તક આપવાનો યે મને આનંદ છે. આ થોડા કલાકોમાં તમે જે કરી બતાવ્યું એ ખરેખર રીમાર્કેબલ છે !'

ચા આવી ગઈ હતી, સાથે ચૉકલેટ-કેક પણ હતાં. એમાંથી એક ટુકડો મોંમાં મૂકતાં ફેલુદાએ કહ્યુ : 'એક ચીજ જોવાનું ખૂબ કુતૂહલ છે. જે નેપાળી પેટીમાંથી તમને લેખ મળ્યો હતો. એ પેટી જોવા મળે ખરી ?'

'અરે એમાં શું ? ઘરમાં જ છે. હમણાં બતાવું.' અને એમણે નોકરને એ પેટી લઈ આવવા કહ્યું.

તાંબાની પટ્ટીઓ અને લાલ-આસમાની-પીળા પથ્થર જડેલી એ પેટીના ઘડતરની જુનવાણી નેપાળી લાક્ષણિકતા ધ્યાન ખેંચતી હતી. એનું ઢાંકણ ખોલતાં જ એક વિશિષ્ટ વાસ આવી. થોડા જ કલાકો પહેલાં નરેશ પકડાશીના ઑફિસ-ખંડમાં યે ત્યાંનાં પુરાણાં ફાનચર, પર્દા તથા ત્યાં બધે ફેલાએલી ધૂળ વગેરેની મિશ્રિત વાસ પણ કંઈક આવી જ હતી.

'આમાં આ જે બે તાકાં છે ને, તેમાંના ઉપરનામાં પેલી હસ્તપ્રત હતી – એક નેપાળી કાગળમાં વીંટાળેલી.' દીનાનાથબાબુએ કહ્યું.

'બધું કંઈ કેટલું યે આમાં તો ઠસોઠસ ભર્યું છે!' ફેલુદાએ પેટીમાં નજર ફેરવતાં કહ્યું.

'હા, જાણે એક નાનકડી કયૂરિયો શૉપ જ જોઈ લો. મોટાકાકા સાથે અહીં આવી ત્યારથી એમની એમ જ પડી રહી કેવી ગંદી-અવાવરુ થઈ ગઈ છે! મને તો એમાંની કોઈ ચીજને હાથ લગાડીને જોવાની યે ઇચ્છા નહોતી થઈ.'

ફેલુદાએ ઉપરનું તાકું ઉપાડી લઈ અંદરની ચીજવસ્તુઓ જોવા માંડી. રંગીન મણકાની માળા, તાંબા-પિત્તળની ચકતીઓ, ભૂંગળું વાળીને રાખેલું ચીકણું ધૂળ ચડેલું એક તાંગખા, અજાણી ઔષધીઓની કેટલીક ખાલી બાટલી, બેએક મીણબત્તી, એક નાનકડી ઘંટડી, કશાકનું એક હાડકું, નાનીનાની બેત્રણ વાટકી, કોઈ જડીબુટ્ટી જેવાં મૂળિયાં, કોઈ અજાણ્યુ સૂકું એક ફૂલ, વગેરે વગેરે બધું ભેગું કરીએ તો સાચે જ કયૂરિયોની એક હાટડી જ મંડાઈ જાય.

'આ પેટી તમારા મોટાકાકાની જ છે ?' ફેલુદાએ પૂછ્યું.

'એમની સાથે જ એ આવેલી, એટલે...'

'તમારા મોટા કાકા કાઠમંડુથી ક્યારે પાછા આવેલા ?'

'ટ્વેન્ટી થ્રીમાં. આવ્યા ત્યારે ય તબિયત સારી નહોતી. એ જ વર્ષે એ ગુજરી ગએલા. મારી ઉંમર ત્યારે સાતેક વર્ષની હશે.'

'વેરી ઈન્ટરેસ્ટિંગ !' કહી ચાના કપ પૂરા કરી ફેલુદાએ ઊભા થતાં કહ્યુ, 'અચ્છા, તમે કહો છો એટલે અમે સિમલા જઈશું. પણ કાલે

નહિ બને. કારણ અમારાં બંનેનાં ગરમ કપડાં લૉન્ડ્રીમાં આપેલાં છે. પરમ દિવસે અમે નીકળી શકીશું. પણ કાલે તમે ધર્મિજાને ટેલિગ્રામ કરવાનું ભૂલશો નહિ.'

દીનાનાથબાબુને ત્યાંથી લગભગ સાડા આઠ વાગ્યે અમે ઘેર પાછા આવ્યા ત્યારે બેઠકખંડમાં 'જટાયુ' અમારી રાહ જોતા બેઠા હતા. એમના ખોળામાં બ્રાઉન પેપરમાં બાંધેલું એક પૅકેટ પડ્યું હતું. અમને જોતાં જ હસીને ઊભા થઈ બોલ્યા, 'બંને ભાઇઓ સિનેમા જોઈ આવ્યા લાગો છો!'

'જટાયુ' છે સ્વનામધન્ય રહસ્યરોમાંચ કહાણીઓના લેખક લાલમોહન ગાંગુલીનું છદ્મનામ. 'સોનાના કિલ્લા'ના અમારા અભિયાન વખતે એમની સાથે ઓળખાણ થઈ હતી. કેટલાક લોકો એવા હોય છે કે ચૂપચાપ બેઠા હોય તો યે એમને જોઇને હસવું આવે. લાલમોહનબાબુ એ પ્રકારના છે. હાઇટ ફેલુદાના ખભા સુધીની, પગમાં પાંચ નંબરના બૂટ; દેહ સૂકલકડી, પણ વચ્ચેવચ્ચે અજાણતાં જ જમણો હાથ વાળી દઈ, ડાબા હાથે પોતાનું બાવડું દબાવી જુએ, અને જો એ જ પળે બાજુના ખંડમાંથી અચાનક કોઇના છીંકવાનો અવાજ સંભળાય તો ચમકીને ગભરાઈ જાય. સોનાના કિલ્લાની ઘટના પછી સજ્જન મહિનામાં કમસેકમ ત્રણેક વાર અમારા ઘેર આવે છે.

'તમારા અને શ્રીમાન તપેશના માટે હું મારું આ લેટેસ્ટ પુસ્તક ભેટ આપવા લઈ આવ્યો છું.' કહી તેમણે પોતાના ખોળામાં રાખેલું તે પૅકેટ ફેલુદાને આપ્યું.

પૅકેટ લઈ તેને ખોલતાંખોલતાં ફેલુદાએ પૂછ્યું, 'કયા પ્રદેશની વાત લખી છે આ વેળા?'

'આમાં લગભગ આખું વર્લ્ડ કવર કર્યું છે - ફ્રૉમ સુમાત્રા ટુ સુમેરુ.'

'હં. આ વખતે તો કોઈ હકીકતમાં ગોટાળો નથી કર્યોને?' ફેલુદાએ પુસ્તકને ઊંધુંચત્તું કરી તેનાં પાનાં ફરફરાવી જોઈ મારા હાથમાં મૂકતાં લાલમોહનબાબુને મજાકમાં પૂછ્યું. આ પહેલાંના એમના 'સહરામાં શિહરણ' પુસ્તકમાં જટાયુએ ઊંટની પાણી પીવાની ખાસિયત અંગે એક અજબ છબરડો કરેલો, પણ પછી ફેલુદાએ એ ભૂલ સુધારી આપી હતી.

'નો સર!' સજ્જને કહ્યું, 'અમારા ગડપાર રોડના વદન બાંડુજ્જેને ઘેર ફૂલ સેટ એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિયા છે. દરેક ફેક્ટ તેમાં જોઇને ચકાસી લીધી છે.'

ફેલુદાનું, 'બ્રિટાનિયાને બદલે બ્રિટાનિકા જોત તો નિરાંત થાત' એ વાક્ય કાને ય ન ધરતાં લાલમોહનબાબુ તો બોલતા જ રહ્યા, 'એક ક્લાઇમેક્સ છે, વાંચી જોજો. મારા હીરો પ્રખર રુદ્ર અને જલહસ્તીની ફાઈટ બતાવી છે!'

'જલહસ્તી!' ફેલુદાએ આશ્ચર્યથી પૂછ્યું.

'હા. અરે, અજબ થ્રિલિંગ ફાઇટ આપી છે. વાંચી જોજોને!'

'ક્યાં થાય છે એ ફાઈટ?'

'કેમ? નૉર્થ પોલમાં જ તો. કેમ, જલહસ્તી કહ્યું એ પરથી ત્યાંના બરફ આચ્છાદિત પ્રદેશનો ખયાલ નથી આવતો?'

'નૉર્થ પોલ! અને તે બરફીલા પ્રદેશમાં જલહસ્તી?!'

'કેમ મોશાય! તમે એનું ચિત્ર તો જોયું જ હશે. ઝાડુની સળી જેવી લાંબીલાંબી અણિયાળી મૂછ, મોંમાંથી બહાર દેખાઈ આવતા મૂળા જેવા બે દાંત, થપથપ કરી બરફ ઉપર...'

'અરે, એ તો સિંધુઘોટક. અંગ્રેજીમાં જેને વૉલરસ કહે છે તે. જલહસ્તી એ તો હિપોપોટેમસ – આફ્રિકાનું પ્રાણી.'

જટાયુની જીભ બહાર નીકળી આવી. લજ્જાથી એમનો ચહેરો લાલલાલ થઈ ગયો. બોલ્યા, 'અ રે રે રે! છટ્ છટ્! વેરી બેડ મિસ્ટેક! ઘોડા ને હાથીમાં ગોટાળો થઈ જ ગયો. જળ અને સિંધુ તો જાણે ઠીક, અંતે તો એક જ ગણાયને? અંગ્રેજીમાં તો કરેક્ટ ખબર હતી. હવે તો મોશાય, મારી કથાઓ છપાવતાં પહેલાં એક વાર તમને બતાવી દેવાનું જ રાખવું પડશે.'

'હું આવું છું.' કહી ફેલુદા પોતાના રૂમમાં ગયા. એમના ગયા પછી લાલમોહનબાબુએ મને પૂછ્યું, તારા મોટા ભાઈ કંઈક ગંભીર લાગે છે. કોઈ કેસ-બેસ આવ્યો છે કે શું?'

'ખાસ તો એવું કંઈ નથી,' મેં કહ્યું, 'પણ એક બાબત અંગે અમારે સિમલા જવાનું છે.'

'સિમલા! ક્યારે જાઓ છો?'

'કદાચ પરમદિવસે જવાનું થશે.'

'લૉંગ ટૂર?' 'ના, ચારેક દિવસ.'

'ઉફ્! એ બાજુ તો મારાથી યે હજી જોઈ શકાઈ નથી.' કહી એ જરા ગુમસૂમ થઈ ગયા. પણ ફેલુદા પાછા આવ્યા ત્યાં સુધીમાં એ ફરી ઠીકઠીક થઈ ગયા હતા. પૂછ્યું, 'તપેશ કહે છે કે તમે લોકો સિમલા જવાના છો. કોઈ તપાસ કરવાની છે કે શું?'

'તપાસ તો કહી ન શકાય. રામ અને શ્યામની બૅગ અદલબદલ થઈ ગઈ છે. શ્યામની બૅગ રામ પાસેથી લઈ શ્યામને પાછી દઈ, શ્યામની પાસેથી રામની બૅગ પાછી લઈ રામને પાછી આપવાની છે.'

'બસ, બસ! બૅગ-રહસ્ય છે, ખરુંને?'

'રહસ્ય છે કે નહિ એ તો હજી કહી નથી શકતો. પણ એકાદ-બે સામાન્ય ખટકાની બાબત...'

'જુઓ સર!' ફેલુદાને રોકતાં જટાયુ બોલ્યા, 'આ કેટલાક મહિનાઓ દરમિયાન હું તમને થોડીલી ઓળખી ગયો છું. હવે તો હું માનું છું કે જરાકે કંઈ કસ ન હોય તો તમે એવો કેસ કદી હાથમાં ન લો. ખરું કહો કે શી વાત છે.'

ફેલુદાના બોલવા પરથી લાગ્યું કે આ તબક્કે એ લાલમોહનબાબુને ખુલ્લેખુલ્લું કશું જ કહેવા ઇચ્છતા નથી. એ કહે, 'કોણ સાચું બોલે છે અને કોણ સત્ય છુપાવે છે તથા કોણ જૂઠું બોલે છે એ સાફસાફ જાણ્યા વિના કશું ખુલ્લમખુલ્લાં બોલવું શક્ય નથી. પણ જે એક ગોલમાલ-ગોટાળો લાગે છે તેમાં...'

'બસ, બસ...ઇનફ છે!' જટાયુની આંખોમાં ચમક આવી ગઈ, 'તો પછી તમે રજા આપો તો તમારી જોડે જોડાઈ જઉં.'

'તમારાથી ઠંડી સહી શકાય છે ખરી?'

'ઠંડી? લાસ્ટ ઇયર દાર્જિલિંગ ગયો હતો.'

'કયા મહિનામાં?' 'મે માસમાં.'

'સિમલામાં અત્યારે બરફ પડતો હશે.'

બરફનું નામ સાંભળતાં તો જટાયુ ખુરશીમાં અર્ધા ઊભા થઈ ગયા. બોલ્યા, 'શું કહો છો? બરફ? ગયે વખતે ડેઝર્ટ* અને આ વખતે સ્નૉ! ફ્રૉમ ધ ફ્રાઈંગપેન ટુ ધ ફ્રિજીડર! આ તો કલ્પનાને હચમચાવી દે છે, મોશાય!' 'પણ ખર્ચ ખૂબ થશે!'

જો કે આ બધું કહી ફેલુદા જટાયુને નિરુત્સાહ કરવા પ્રયત્ન કરતા હતા, પણ તેઓ એમ સહેલાઈથી દમી જાય એવા નથી. બેફિકર કરી વિલનના જેવું હાસ્ય કરતાં બોલ્યા, 'ખર્ચનો ડર શું બતાવો છો, મોશાય! એકવીસ રહસ્યકથાઓ, દરેકની ઓછામાં ઓછી પાંચપાંચ એડિશન; ત્રણ તો મકાન થઈ ગયાં કલકત્તા શહેરમાં – તમારા આશીર્વાદથી! આવી બધી બાબતમાં હું ખર્ચનો કેર નથી કરતો, મોશાય. જેટલું જોઈશે, એટલા પ્લૉટ આવશે મગજમાં, અને એટલી નવી ચોપડીઓ લખાશે. અને વાચકો બધાં કંઈ ફેલુ મિત્તિર થોડા છે કે

---

* 'સોનાર કેલ્લે'ની કથામાં રાજસ્થાનના રણમાં એક કિલ્લાની બાબતમાં રહસ્ય ઘૂંટાએલું છે.

'જબરદસ્તી' અને 'સિંધુઘોટક'નો તફાવત પકડી પાડે. હું જે લખીશ એ તેઓને ગળે ઊતરી જશે અને તેઓ જેટલું ગળશે તેટલો મને લાભ. બોલો, મારો એ લાભ કોણ રોકી શકશે?' પછી જરા થંભીને કહે, 'હા, તમે જો મને સાથે લેવાની ચોખ્ખી ના જ પાડતા હો તો જુદી વાત છે. અને તો પછી...'

પણ ફેલુદાએ ના ન પાડી. જતાં પહેલાં લાલમોહનબાબુએ અમે ક્યારે જઇએ છીએ, કેટલા દિવસ માટે જઇએ છીએ, શી રીતે જઇએ છીએ વગેરે બધું જાણી લઈ પોતાની નોંધપોથીમાં ટપકાવી લેતાં પૂછ્યું, 'એક ગરમ ગંજી, બે પુલઓવર, એક રૂ ભરેલો કોટ અને તેના ઉપર એક ઓવરકોટ પહેર્યા પછી યે ઠંડી નહિ રોકાય? હેં!'

'સાથે એક જોડી દસ્તાના (હાથમોજાં), એક મંકી-કૅપ (વાંદરા ટોપી), એક જોડી ગોલોસ જોડા, ગરમ મોજાં અને ફ્રોસ્ટ-બાઈટની દવા લેશો તો પછી કોઈ ચિંતા નહિ રહે.' ફેલુદાએ કહ્યું.

સ્કૂલમાં પરીક્ષા આપવી ભલે મને મુદ્દલ ગમે નહિ, પણ ફેલુદા પાસે પરીક્ષા આપવામાં મને જરાય વાંધો નથી. સાચું કહું તો એમાં મને ખાસ્સી મજા આવે છે, અને ઘણી વાર તો એથી મારા મગજમાં પેદા થએલા અનેક પ્રશ્નોની ગૂંચ પણ ઊકલી જાય છે.

રાતના જમ્યા પછી છાતી નીચે તકિયો રાખી ખાટલા પર ઊંધા પડી ફેલુદાએ અનેક વાર મારી આવી પરીક્ષા લીધી છે આજે યે એ જ ચાલતું હતું. પ્રથમ પ્રશ્ન હતો, 'આ ઍટેચી બદલાઈ જવાની બાબતમાં આપણને કોની કોની ઓળખાણ થઈ?'

'પ્રથમ તો દીનાનાથ લાહિડી.' મેં ઉત્તર આપ્યો.

'ગુડ. એ માણસ તને કેવા લાગ્યા?'

'સારા જ. પણ પુસ્તકો અંગે ખાસ કંઈ રસ ધરાવતા લાગ્યા નહિ. અને આ એક કામ માટે આપણને બંનેને છેક સિમલા મોકલવા જેટલો ખર્ચ કરે છે તે અંગે પણ મનમાં જરા ખટકો...'

'જે માણસ ઊંચી જાતની બબ્બે વિદેશી મોટર ગાડીઓ રાખી શકે, એને બીજું ગમે તે હોય, પણ રૂપિયાની કમી તો ન જ હોય. વળી, ફેલુ મિત્તિરને ઍમ્પ્લૉય કરવો એ એક પ્રેસ્ટિજની વાત છે એ ભૂલવાથી નહિ ચાલે.'

જો એમ જ હોય તો મારે મનમાં ખટકો રાખવાની જરૂર નથી. પણ હું આગળ વિચારું તે પહેલાં બીજો પ્રશ્ન આવ્યો: 'વારુ, આગળ ચાલો. બીજી ઓળખાણ?'

'નરેશ પકડાશી. ઉગ્ર કર્કશ સ્વભાવ.'

'પણ સ્પષ્ટવક્તા એ એક ગુણ, જે બધામાં નથી હોતો.'

'પણ એ બધું સાચું જ બોલતા હતા? એના કહેવા પ્રમાણે શું દીનાનાથબાબુ એક જમાનામાં રેસ રમતા હશે?'

'એક જમાનામાં શું કામ? હજીય રમતા હોય તો તેથી શું માણસ ખરાબ હોય? એવું કંઈ નથી. ખેર, આગળ વધો.

'ત્રીજી ઓળખાણ અમરકુમાર–એટલે કે પ્રવીર લાહિડીની. એને એના કાકા ગમતા નથી.'

'એ સ્વાભાવિક છે. કાકા એની એમ્બિશનમાં નડે છે. એને આપેલી ઍટેચી એને કહ્યા વિના જ પાછી લઈ લીધી છે. એથી એ ગુસ્સે થાય એ યે સ્વાભાવિક છે.'

'પ્રવીરબાબુનું શરીર ખાસ્સું કસાએલું ને ખડતલ લાગ્યું.' મેં કહ્યું.

'હા, હાથનું કાંડું પહોળું હતું. એમની ખડતલતા દેખાઈ એથી જ એની સામે એમનો અવાજ વધુ કઢંગો લાગ્યો. ચાલ, હવે કહે કે કાલકા મેલના ફર્સ્ટ ક્લાસમાંના બીજા બે પ્રવાસીઓનાં શાં નામ છે?'

'એક તો વ્રજમોહન. અટક... અટક...'

'હેદિયા–મારવાડી.'

'હા. વ્યાજવટાવનો ધંધો. સાધારણ દેખાવ. નરેશ પકડાશીના પહેલેથી પરિચિત.'

'એ સજ્જનની લેનિન સરણીમાં ખરેખર ઑફિસ છે. ટેલિફોન ડિરેક્ટરીમાં જોઇને મેં ખાતરી કરી લીધી છે.'

'બીજા જી. સી. ધમિજા. સિમલાના માણસ. ઍપલની વાડી છે.'

'એનો કોઈ પુરાવો નથી. એમની વાડી હોઈ શકે અથવા ન પણ હોઈ શકે.'

'પણ દીનાનાથબાબુની ઍટેચી આ ધમિજા જોડે જ બદલાઈ ગઈ છે એ તો ખરું જ ને?'

એ ઍટેચી ફેલુદાની પાસે જ ખાટલા ઉપર પડી હતી. ફેલુદાએ એ ખોલી અને અંદરની વસ્તુઓ ભણી તાકી રહેતાં બડબડ કરી બોલતા હતા, 'હં... આ જ એક મુદ્દો છે. લાગે છે કે...' આમ સ્પષ્ટ બબડતાં બબડતાં એણે ઍટેચીમાંથી દિલ્હીનાં પેલા બે છાપાં હાથમાં લીધાં ને તેને ઉથલાવીને જોવા લાગ્યા, 'આ છાપાંઓને લીધે જ...સમજ્યો... કેમ જાણે જરા... મનમાં એક...'

પણ એને બડબડાટ બંધ કરવો પડ્યો. કારણ ટેલિફોન રણકતો હતો. ફોન બહારના ખંડમાં છે, પણ હવે તો ફેલુદાએ પોતાના ખંડમાં એક્સ્ટેન્શન લઈ લીધું છે. તુરત તેણે ફોન ઉપાડ્યો.

'કોણ? મિસ્ટર મિત્તર?' રાત હતી એટલે એની શાંતિમાં ફોન ફેલુદાના હાથમાં હોવા છતાં બાજુમાં મને પણ બોલનાર વ્યક્તિની વાત સંભળાતી હતી.

'હા. બોલો, મિ. લાહિડી...'

'સાંભળો. મિ. ધમિજા પાસેથી એક ખબર આવ્યા છે.'

'આટલી વારમાં ટેલિગ્રામ...!'

'ના, ના. ટેલિગ્રામ નહિ, આપણા તારનો જવાબ તો કાલ પહેલાં નહિ આવે. એક ટેલિફોન આવ્યો હતો, પાંચેક મિનિટ પહેલાં તેની વાત કરું છું. ધમિજાએ રેલવે ઑફિસમાં તપાસ કરીને રિઝર્વેશનનું લિસ્ટ જોઇ મારું નામ મેળવ્યું હતું. અચાનક ચાલ્યા જવાનું થતાં તેનાથી મારો સંપર્ક તો સાધી શકાયો નહિ, પણ એના કોઈ ઓળખીતાને એણે મારી ઍટેચી આપી રાખી છે. ધમિજાની ઍટેચી એને આપીને મારી ઍટેચી તેની પાસેથી પાછી મેળવી લેવા આ માણસે જ ફોન કર્યો હતો.'

'પેલી હસ્તપ્રત છે કે નહિ એ પૂછ્યું હતું?'

'હા, હા. બધું બરાબર છે.'

'વાહ, આ તો સારું થયું! તમારી બધી જ ફિકરનો અંત આવી ગયો.'


'હા, અને તદ્દન નહિ ધારેલી રીતે. હું પાંચેક મિનિટમાં નીકળું છું. તમારે ત્યાંથી ધમિજાની ઍટેચી લઇને વિક્ટોરિયા સ્ટ્રીટ ચાલ્યો જઇશ.'


'તમને એક અનુરોધ કરું, મિ. લાહિડી? તમે શા માટે કષ્ટ લો છો? સિમલા જવા તૈયાર થયો હતો તો પછી વિક્ટોરિયા સ્ટ્રીટ જવામાં મને શી અગવડ પડવાની હતી? મારું કહેવું છે કે હું જ અહીંથી જઇને ઍટેચી લઈ આવું. આજની રાત તમારી ઍટેચી ભલે મારી પાસે રહે. હું એક વાર શંભુચરણની હસ્તપ્રત પર નજર ફેરવી લઉં. એ જ મારું મહેનતાણું. કાલે સવારે એ લેખ સાથે તમારી ઍટેચી તમને આપી જઇશ. તો ચાલશે ને?'

'વેરી ગુડ. મને એમાં કશો જ વાંધો નથી. પેલા સજ્જનનું નામ છે મિ. પુરી. સરનામું, ફોર બાય ટુ, વિક્ટોરિયા સ્ટ્રીટ.'

'આભાર! ઑલ્સ વેલ ધેટ એન્ડ્સ વેલ!'

ફોન મૂકી ફેલુદા ભવાં સંકોચી થોડી વાર બેસી રહ્યા. મારા મનની હાલત આ બધું સાંભળ્યા પછી કેવી હતી એ કહેવાથી શો ફાયદો? સિમલા જવાનું ફસકી ગયું, ફસકી ગયું! મગજમાં (અનુ. પૃ. ૪૮)





△ કંડલા બંદરે થતી કન્ટેનરાઈઝ્ડ માલની હેરફેર. (જમણી બાજુ) કંડલા બંદર-વિસ્તારનું એક દૃશ્ય △

ગુજરાતનું એકમાત્ર મહાબંદર કંડલા

ડૉ. શિવપ્રસાદ રાજગોર


કચ્છની ૩૨૫ કિલોમીટર લાંબી સાગરકંઠારમાં લખપતથી માંડવી સુધીમાં અરબી સમુદ્રના કાંઠે લખપત, કોટેશ્વર અને જખૌ એ ત્રણનાં નાનાં બંદરો છે, એથી આગળ માંડવીથી શિકારપુર સુધીમાં કચ્છના અખાતને કિનારે મુંદ્રા અને તુણા એ બે નાનાં બંદરો તથા મહાબંદર કંડલા છે. માંડવી મધ્યમ કક્ષાનું બંદર ગણાય છે. ભૂતકાળમાં જંગી, ખારી રોહર અને ભદ્રેશ્વરનાં બંદરો પણ હતાં, જેની કંઠારથી સમુદ્ર પાછો ખસી જતાં બંદર તરીકે તેમનું મહત્ત્વ લુપ્ત થયું છે. ભદ્રેશ્વરનાં પ્રાચીન ખંડિયેરો તેની ભૂતકાલીન જાહોજલાલીની ગવાહી પૂરે છે. તેરમી સદીમાં જગત શેઠ જગડુશાહની અહીં બોલબાલા હતી. મત્સ્યોદ્યોગ અને સઢવાળાં વહાણોના આશ્રયસ્થાન તરીકે તુણાની ખ્યાતિ છે. મહાબંદર કંડલાએ તેનો વેપાર ખેંચી લીધો હોઈ આજે તુણાનું એ દૃષ્ટિએ પહેલાં જેટલું મહત્ત્વ રહ્યું નથી. સિંધુની લુપ્ત શાખા મનાતી કોરીનાળની ખાડી પર આવેલું લખપત આજે વેરાન બની ગયું છે. ૧૮૧૯ના ધરતીકંપને લીધે તેની રહીસહી સમૃદ્ધિ પણ નષ્ટ થઈ ગઈ, અને ૧૯૫૮-૫૯ પછી અહીં જળમાર્ગે માલની હેરફેર બંધ થવાથી ૧૯૬૩થી તો આ બંદર બંધ જ પડ્યું છે. ઈ. ૧૯૬૨-'૬૩થી કોટેશ્વર બંદરેથી પણ આયાત-નિકાસ થઈ ન હતી, પણ લખપત તાલુકામાં ઉમાસર, પાન્ધ્રો વગેરે વિસ્તારમાંથી લિગ્નાઈટ મળી આવતાં આ બંદર ચાલુ રહેવાની આશા છે.


ઈ. ૧૮૧૮માં ગુજરાતમાં બ્રિટિશ શાસન સ્થિર થયું તે પહેલાં અને આગબોટના આગમન પૂર્વે કચ્છનો એડન, મસ્કત, બસરા વગેરે મધ્ય પૂર્વનાં બંદરો તથા પૂર્વ આફ્રિકાનાં મોમ્બાસા, દારેસલામ, ઝાંઝિબાર વગેરે બંદરો અને શ્રીલંકા સાથે ધીકતો વેપાર હતો, પણ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં તેમાં ઓટ આવી. કચ્છના મહારાવ સાથે ૧૮૧૯માં થએલી એક સંધિ મુજબ કચ્છનાં બંદરો બ્રિટિશ 'વેસલ્સ' (vessels) માટે ખુલ્લાં હતાં. તે જ રીતે બ્રિટિશ બંદરોમાં કચ્છનાં 'વેસલ્સ'ને પ્રવેશવાનો સમાન હક્ક હતો. આ રીતે કચ્છનાં બંદરે જેની જકાત લેવાઈ ચૂકી હોય તે માલ વિના જકાતે બ્રિટિશ હદમાં કોઈ પણ સ્થળે રોકટોક વગર મોકલી શકાતો. ૧૮૫૧માં થએલી બીજી સંધિમાં પણ આ વાત દોહરાવવામાં આવી હતી, અને વડોદરા, જૂનાગઢ, નવાનગર, ભાવનગર, જાફરાબાદ તથા માંગરોળ રાજ્યોનાં અને મુંબઈ ઈલાકાનાં વહાણો ખરાબ હવામાનના કારણે કચ્છના માંડવી કે બીજાં બંદરોમાં દાખલ થાય તો તેમને પણ જકાત-મુક્તિ આપવાની તે સંધિમાં જોગવાઈ હતી. આમ છતાં, લૉર્ડ કર્ઝન વગેરેએ કચ્છ ઉપર હિંદી કસ્ટમ યુનિયનમાં જોડાવા માટે દબાણ કર્યું હતું. કચ્છ રાજ્ય આ દબાણને વશ થયું નહિ, આથી તેઓએ 'વેસલ્સ' શબ્દનો 'સઢવાળાં વહાણ જ' એવો અર્થ ઘટાવીને સ્ટીમરો દ્વારા આયાત થએલા માલ ઉપર બ્રિટિશ હદમાં પ્રવેશતી વખતે ભારે જકાત લાદી હતી. આ રીતે દેશની આઝાદીના આગમન સુધી કચ્છનો વેપાર રુંધવામાં આવ્યો હતો. વીરમગામ અને વાગડનાં થાણાં કચ્છની સરહદો ઉપર સખત જાપ્તો રાખતાં. કંડલા બંદરની સ્થાપના પૂર્વે કોલંબો, ગોવા અને મસ્કતથી કચ્છમાં છૂટથી માલ આવતો હતો, પણ બ્રિટિશ હદમાં ચોરીછૂપી સિવાય એ દાખલ થઈ શકતો નહિ. ઈ. ૧૯૩૦માં કંડલાને ડીસા સાથે મીટરગેજ રેલવે દ્વારા જોડવાનું ખેંગારજી ત્રીજાએ વિચાર્યું હતું, પણ હિન્દ સરકારે કચ્છ કસ્ટમ યુનિયનમાં જોડાએલું ન હોઈ તેમની દરખાસ્તનો અસ્વીકાર કર્યો હતો. આઝાદીના આગમન સુધી આ સ્થિતિ યથાવત્ રહી હતી.

ઈ. ૧૯૪૭માં ભારતના ભાગલા પડતાં કરાંચી બંદર પાકિસ્તાનમાં ગયું અને એથી કરાંચી અને મુંબઈની વચ્ચે એક મોટા બંદરની ભારત સરકારને જરૂર જણાઈ. કારણ, તે વિના મુંબઈ અને કલકત્તાનાં બંદરો ઉપર ઘણો વધારે બોજ પડતો હતો અને તે દૂર કરવો જરૂરી હતો. ઉત્તર ભારતમાં અનેક વેપારી મથકો મુંબઈ-કલકત્તાથી ઘણાં દૂર હોઈ રેલમાર્ગે મુંબઈ-કલકત્તાથી મોકલાતો માલ બહુ જ મોંઘો પડતો હતો. વળી, આ શહેરો સાથે નવા વેપારી સંબંધો પણ વિકસાવવાની જરૂર પડે તેમ હતી. આથી, શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈના પ્રમુખપણા નીચે નવા મોટા બંદરના સ્થાનની પસંદગી કરવા એક સમિતિ નીમવામાં આવી હતી. આ સમિતિએ ભલામણ સાથે લખ્યું કે:

(૧) સૌરાષ્ટ્રની પશ્ચિમે અને દક્ષિણે નૈઋત્યનો મોસમી પવન સીધો કાંઠા સાથે અથડાય છે. તેથી અહીં બારે માસ ખુલ્લાં રહી સમુદ્રનાં મોજાંથી અને ચોમાસાના તોફાનોથી રક્ષણ આપી શકે તેવાં બંદરો નથી. વેરાવળ, પોરબંદર કે નવાબંદર આ કારણે મોટા બંદર તરીકે વિકસાવવા માટે અયોગ્ય છે.

(૨) ખંભાતનો અખાત દેશના અંદરના ભાગથી નજીક છે, પણ અહીં નર્મદા, તાપી, સાબરમતી વગેરે મોટી નદીઓ ખૂબ જ કાંપ ઠાલવે છે. આ કાંપના જમાવને કારણે અહીં કાયમ કામ આપી શકે તેવું બંદર વિકસાવવું શક્ય નથી.






જૂના કંડલા બંદરે આવેલી બે ઑઇલ-જેટી પર લાંગરેલી સ્ટીમરો, (જમણી બાજુ) અને નવી તૈયાર થઈ રહેલી ત્રીજી જેટી. (આ લેખ સાથેના પાંચેય ફોટોગ્રાફ કંડલા પોર્ટ ટ્રસ્ટના સૌજન્યથી.) નીચે : કંડલાની નાળમાં કંડલા બંદરના સ્થાનનો ખયાલ આપતો આ નકશો શ્રી રામસિંહજી રાઠોડ કૃત 'કચ્છનું સંસ્કૃતિદર્શન'માંથી સાભાર લીધો છે. તેમાં ક તે કંડલાનું જૂનું નાનું બંદર દર્શાવે છે. નવા બંદરમાં અવાળો ભાગ આ બંદરના આરંભના તબક્કાના આયોજનનો છે, જ્યારે ચેથી દર્શાવેલો મોટો વિભાગ તે પછીના વિકાસનો સૂચક છે.

(૩) કચ્છના અખાતમાં સૌરાષ્ટ્રની કંઠારે આવેલાં ઓખા, સલાયા, સિક્કા, બેડી અને નવલખીનાં બંદરો સારાં છે. કિનારે અમુક અંતરે ઊંડું પાણી પણ રહે છે, છતાં સમુદ્રકાંઠે મોટા બંદર માટે જોઈએ તેટલી ખુલ્લી જગ્યાનો અભાવ છે. વળી, ઓખાને પીઠ પ્રદેશથી અંતરનો પ્રશ્ન પણ નડે તેમ છે, જ્યારે બેડીની નાળ સૂકી થઈ જાય છે.

આ સંજોગોમાં ઉપરોક્ત સમિતિએ કચ્છના કંડલાને મેજર પોર્ટ તરીકે વિકસાવવા ભલામણ કરી હતી. તે સ્વીકારાતાં કંડલાનો ભારતના છઠ્ઠા મોટા બંદર તરીકે જન્મ થયો હતો.


કંડલાની ખાડીની પ્રાથમિક સર્વે શાહી નૌકાદળે ઈ. ૧૮૫૧માં કરી હતી. ત્યાર બાદ શાહી નૌકાદળના અફસર કૅપ્ટન બેરીએ પણ ૧૯૨૨માં તેની વિસ્તૃત સર્વે કરી હતી. તેની ભલામણ મુજબ ખેંગારજી ત્રીજાએ ૧૯૩૦માં કંડલા બંદરને વિકસાવવા નિર્ણય પણ લીધો હતો, અને સને ૧૯૩૧માં ૩૦૦ ફૂટનો ધક્કો પણ બાંધવામાં આવ્યો હતો. જે ૬૦૦ ફૂટ જેટલી વિશેષ લંબાઈમાં જમીન સાથે સંધાએલો છે. આ જ નાના બંદરથી બે માઈલ (ત્રણ કિ. મી) દૂર કંડલાની નાળના મુખથી ૧૫ નોટિકલ માઈલ દૂર નવું બંદર બાંધવામાં આવ્યું છે. વમળ વિનાના પ્રવાહવાળી આ નાળ દરિયાઈ વ્યવહાર માટે સલામત છે. કચ્છના છેક ભૂમિવાળા ભાગમાં ધૂસેલી આ શાંત અને ઊંડી નાળમાં ચોમાસાના વરસાદનાં ઝાપટાં અને આખરના વાવડાથી થતાં દરિયાઈ તોફાનોથી પણ સંપૂર્ણ રક્ષણ મળે છે. કઠણ કીચડના બનેલા એ નાળના કાંઠા ચેરિયાથી છવાયેલા ને મજબૂત છે. વીસ વરસ દરમિયાન દરિયાઈ મોજણી કરાઈ ત્યારે પાણીના ઊંડાણમાં ઘટાડો જોવા મળ્યો ન હતો. નાળના મોં આડે પાણીની નીચે કારાધડા નામનો રેતીનો ધડો (સેન્ડબાર) છે. આ ધડા ઉપર પાણીની ઓછામાં ઓછી ઊંડાઈ ૧૩ ફૂટ (ચાર મીટર) છે. પૂનમ કે અમાસની ભરતી વખતે અહીં ૨૪ થી ૨૯ ફૂટની ભરતી આવે છે. તેથી ભાઠા ઉપરના છીછરા



ભાગ ઉપરથી સ્ટીમર સહેલાઈથી પસાર થઈ શકે છે. અહીં કાયમ ૨૮ ફૂટ પાણી રહે છે. આ સ્થળે બંદર થતાં કંડલા બંદર તથા તેના આંતર પીઠ પ્રદેશ વચ્ચેના જોડાણમાં ૨૦૦ માઈલ જેટલું અંતર ઘટતું હોઈ રેલવેનૂરની યે બચત થાય છે. કંડલાથી પઠાણકોટ ૧૪૨૭, દિલ્હી ૧૦૪૮, બિકાનેર ૮૪૯, જોધપુર ૫૭૩, ભટિન્ડા ૧૧૭૦, અમૃતસર ૧૪૫૪ અને અમદાવાદ ૩૭૬ કિલોમીટર દૂર છે.

અહીં આખા વરસ દરમિયાન ૩૦ ફૂટના ડ્રાફ્ટની ૭૪૦ ફૂટ લાંબી સ્ટીમર છેક ધક્કા સુધી આવી શકે છે. તેથી તે ડાયરેક્ટ બર્થવાળું બધી ઋતુઓમાં ખુલ્લું રહેતું – બારમાસી બંદર છે. લંગરસ્થાને ૮૯૩ ફૂટ લાંબી અને ૩૪·૫ ફૂટ (૧૦·૩૬ મી.) ડ્રાફ્ટવાળી સ્ટીમરો થોભી શકે છે. કાર્ગો-જેટીને અડીન લાંગરતી સ્ટીમરના બીમનો કે લંબાઇનો પ્રશ્ન અહીં નડે તેમ નથી.

જૂના બંદરની નજીકમાં આવેલા આ નવા બંદરની રચનાનું કામ ૧૯૪૮માં શરૂ કરવામાં આવ્યું હતું. જેટીની રચના ૧૯૫૩માં હાથ ધરાઈ હતી અને તા. ૮-૪-૧૯૫૫ના દિવસે પં. જવાહરલાલ નેહરુના હસ્તે તેનું મૅજર પોર્ટ તરીકે ઉદ્ઘાટન થયુ હતું. કાર્ગો-જેટીના પ્રથમ બર્થનું કામ ૧૯૫૭માં પૂરું થયુ હતું. આ કાર્ગો જેટીની લંબાઈ ૩૮૨૫ ફૂટ અને પહોળાઈ ૩૨ ફૂટ છે. આ જેટી ઉપર પાંચ મોટી અને છ મધ્યમ કદની સ્ટીમરો એક સાથે થોભી શકે છે. ૨૦૬ મીટર લાંબી છઠ્ઠી બર્થ ૧૮ કરોડ રૂપિયાના ખર્ચે બંધાઈ રહી છે. આ નવી જેટી ઉપર વધારાના પાંચ લાખ ટન માલની હેરફેર થઈ શકશે. જૂના કંડલા બંદરે બે બર્થની સગવડવાળી ઑઈલ-જેટી છે, જ્યાં એક સાથે બે ટૅન્કરો પેટ્રોલિયમ-પેદાશો, ખાદ્ય તેલ અને પ્રવાહી રસાયણોને મોટી પહોળી પાઈપ લાઈન દ્વારા ૯ ૬ કિ. મી. દૂરના સંગ્રહસ્થાને પહોંચાડી શકે છે. ખાદ્ય તેલ અને પ્રવાહી રસાયણો માટે છ પાઇપ લાઇનો છે. આ ઉપરાંત, છ કરોડના ખર્ચે ત્રીજી ઑઇલ જેટી તૈયાર થતાં વધારાની બર્થની સગવડ વધશે. હાલ ઑઈલ. જેટીની વાર્ષિક ૧૭·૫૦ લાખ ટનની શક્તિ છે, જ્યારે કાર્ગો જેટીની વાર્ષિક ૩૦ લાખ ટનની શક્તિ છે. કાર્ગો-જેટી પાસે ૨૨ થી ૨૬ ફૂટના ડ્રાફ્ટની સ્ટીમરો માટે ત્રણ મૂરિંગ સ્થાનો ઉપરાંત, ૩૬ ફૂટના ડ્રાફ્ટની સ્ટીમરો માટે તથા મીઠું ચડાવવા માટે બે મૂરિંગ-સ્થાનો છે. લંગર-સ્થાનેથી ધક્કા ઉપર લાઈટરો અને બજરાની મદદથી માલની હેરફેર થાય છે. જૂની જેટી ઉપર ૩૦ ફૂટના ડ્રાફ્ટની અને નવી જેટી ઉપર ૩૪ ફૂટના ડ્રાફ્ટની



રાસાયણિક ખાતર વગેરે ઉતારતું મરીન અનલોડર

સ્ટીમરો આવી શકે છે. કંડલાની દક્ષિણે ૧૫ મા. (૨૪·૧૫ કિ. મી.) તુણા બંદરે વહાણોની આવજા થાય છે.

ઉત્તર ગુજરાત, રાજસ્થાન, દિલ્હી, હરિયાણા, પંજાબ, કાશ્મીર, પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને મધ્ય ભારતનો દસ લાખ કિ. મી.નો દસેક કરોડની વસ્તીવાળો વિશાળ પીઠપ્રદેશ આ બંદરને મળે છે. આઝાદી પહેલાં તુણાને ભુજ સાથે અને કંડલાને ભચાઉ સાથે વરસામેડી દ્વારા જોડતી ૧૮૨·૩૨ કિ. મી. લાંબી નેરોગેજ રેલ-લાઈન હતી, પણ ભારતના અન્ય ભાગો સાથે રેલ કે રસ્તા દ્વારા જોડાણ નહોતું એથી કચ્છ અટૂલું પડી જતું હતું અને પ્રવાસીઓ નવલખીથી કંડલા જતા. પણ સ્વાતંત્ર્ય પછી ૧૯૫૦-૫૨ દરમિયાન કંડલા–ડીસાનો ૨૭૮·૪૦ કિ. મી. લાંબો મીટરગેજ રેલમાર્ગ થતાં તેનાથી છેક દિલ્હી-કચ્છને જોડાણ મળ્યું. ૧૯૬૪–૬૯ દરમિયાન ઝુંડ–કંડલાનો બ્રોડગેજનો રેલમાર્ગ બનતાં ઉત્તર ગુજરાત અને પૂર્વ રાજસ્થાનનો પીઠપ્રદેશ પણ કંડલાને મળ્યો. ૨૩૪·૧૧ કિ. મી. લાંબા આ રેલમાર્ગ પાછળ ૧૬·૩૦ કરોડ રૂપિયા ખર્ચાયા હતા. બનાસકાંઠાના ભીલડીથી એક ફાંટો મારવાડના રાણીવાડા જંક્શનને જોડતો હતો. ૧૯૬૮માં કંડલા અમદાવાદને જોડતો ‘૮-એ’ રાષ્ટ્રીય ધોરીમાર્ગ – નૅશનલ હાઇવે પણ તૈયાર થયો, જે બામણબોર નજીક અમદાવાદ–પોરબંદરના રાષ્ટ્રીય ધોરીમાર્ગને મળે છે. આમ કંડલા ગુજરાતનાં મોટાં શહેરો સાથે પણ સંકળાયું છે. આથી અમદાવાદ અને વડોદરાના પીઠપ્રદેશનું અંતર ૧૪૦ કિ. મી. જેટલું ઘટ્યું. એ જ રીતે કંડલા–ભુજ માર્ગ દ્વારા કચ્છના અંદરના ભાગો સાથે પણ કંડલા જોડાયું. લખતરથી આરંભાતા કૉસ્ટલ હાઇવેથી કોટેશ્વર, જખૌ, માંડવી, મુંદ્રા, કંડલા, સૂરજબારી પુલ દ્વારા સૌરાષ્ટ્ર સાથે પણ જોડાણ સધાયું. આમ, ૧૯૫૨ થી ૧૯૬૯ દરમિયાન રેલમાર્ગો તથા ધોરીમાર્ગો દ્વારા કંડલા દેશના વ્યાપક વિસ્તાર સાથે જોડાઈ ગયું ૧૯૫૨થી કંડલામાં વિમાનમથક પણ થયું. હવાઈ માર્ગે એ જામનગર, રાજકોટ, મુંબઈ સાથે જોડાયું છે. બ્રોડગેજ રેલમાર્ગ થતાં નવલખી-કંડલાની ફેરી સર્વિસ બંધ પડી છે.

કંડલામાં ૪૮ કિ. મી. દૂર સુધી સ્ટીમરોની હાલચાલનું નિરીક્ષણ કરી શકતું રડાર સ્ટેશન, રેડિયો, ટેલિફોન, વાયરલેસ, ટેલિગ્રાફ અને પોસ્ટ વગેરેની અદ્યતન સગવડો છે. કંડલાની નાળમાં પ્રકાશિત બોયાં સ્ટીમરોને માર્ગ બતાવે છે. નજીક ટેકરા પાસે દીવાદાંડી છે. ભરતીની ઊંચાઈ માપવા માટે ઑટોમેટિક ટાઈડગેજ છે. કિનારા પાસે બીકનો પણ છે, અને સ્ટીમરોને બંદરમાં સલામત રીતે લાવવા માટે પાયલોટ-સેવા પણ ઉપલબ્ધ છે, જેની લૉંચો કલાકના ૧૫ કિ. મી.ની ઝડપ ધરાવે છે. પાણીનું ઊંડાણ નક્કી કરવા માટે ‘ઇકો-સાઉન્ડર’ સાથેની લૉંચ પણ અહીં છે.

આઝાદી પૂર્વે હિંદી કસ્ટમ યુનિયનમાં નહિ ભળવાને કારણે તથા પોતાના પીઠ-પ્રદેશ સાથે સાંકળતા માર્ગો કે રેલવેના અભાવને લીધે કચ્છનો અને એ રીતે તેનાં બંદરોનો પૂરતો વિકાસ થઈ શક્યો નહોતો. વળી, અહીંની ખેતીલાયક જમીનનો બે તૃતીયાંશ-ભાગ જાગીરદારોના કબજામાં હતો, વળી, ભાગબટાઈની મહેસૂલ પદ્ધતિ તથા વિધવિધ લાગાઓ ને કરના ભારણને લીધે ખેતીનો યે પૂરતો વિકાસ થઈ શક્યો નહોતો. વરસાદ પણ વરસે ૩૦૦ થી ૩૬૦ મિ. મી. જેટલો ઓછો ને અનિયમિત હોઈ કપાસ, ઊન, ઘી, મીઠું અને ફટકડી સિવાય ખાસ કોઈ પેદાશની નિકાસ થઈ શકતી નહોતી. ખનિજો અંગે પણ પૂરતું સંશોધન થએલું નહોતું. વળી, હિંદ સરકારની નીતિ પણ બંદરોના વિકાસને રૂંધતી હતી, અને એથી ચાંદી, ઈમારતી લાકડું, નાળિયેર, વાંસ, ચોખા, સોપારી, ખજૂર, મસાલાઓ, દવાઓ, કેરોસિન, કટલરી અને સૂતરાઉ તથા રેશમી કાપડ વગેરેની મર્યાદિત આયાત થતી હતી. મુંબઈ, કરાંચી, દમણ, કોચિન, ગોવા વગેરે સાથે કાંઠાનો ને બસરા, મસ્કત તથા પૂર્વ આફ્રિકા સાથે ખજૂર ને હાથીદાંત પૂરતો મર્યાદિત વેપાર થતો. અને આ વેપાર પહેલાં માંડવી બંદર દ્વારા ચાલતો હતો. ૧૮૮૪ થી ૧૮૯૯ દરમિયાન કચ્છનો કુલ વેપાર ૯૩ લાખ રૂપિયાની આસપાસનો હતો. અર્થતંત્રનો આધાર મુખ્યત્વે વરસાદ ઉપર આધારિત હોવાથી સારા-નબળા વર્ષ પ્રમાણે વેપારમાં યે વધઘટ દેખાતી. ૧૯૩૮-’૩૯ના ગાળામાં આયાત-નિકાસ થએલી કુલ વસ્તુઓની કિંમત ૨-૨૩ કરોડ રૂપિયા જેટલી હતી. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ’૪૪-’૪૫ની સાલ દરમિયાન ભાવવધારાને લીધે તેનો વેપાર ૩·૫૦ કરોડ રૂપિયા સુધી પહોંચ્યો હતો. ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ શરૂ થતાં કચ્છના દરિયાઈ વેપારમાં ઓટ આવી હશે, છતાં કચ્છના સાહસિક નાવિકોએ કરાંચી, મુંબઈ તથા ઈરાની અખાતનાં બંદરો સાથે વહાણો દ્વારા વેપાર જીવંત રાખ્યો હતો.

કંડલા બંદરે ૧૯૩૧થી સ્ટીમરોની આવજા શરૂ થઈ હતી, પણ તેની વધુ વિગતો મળતી નથી. ૧૯૩૪–’૩૭ દરમિયાન કંડલામાં જ્યૉર્જ આર્ચરે મીઠાનું કારખાનું નાખ્યું હતું અને રાજ્યે મીઠાના ઉત્પાદન તથા નિકાસની મૉનૉપોલી તેને આપી હતી. આ મીઠું બંગાળમાં નિકાસ થયું હશે. ૧૯૪૭માં દેશ આઝાદ થતાં કંડલાના વિકાસ અંગેની જકાતબારીની આડખીલી દૂર થઈ. પછી ૧૯૪૮માં કંડલાને કરાંચીના વિકલ્પ તરીકે વિકસાવવા ભારત સરકારે નિર્ણય લેતાં અને કંડલા નજીક નવા શહેર – ગાંધીધામની સ્થાપનાને લીધે કંડલાબંદરના વિકાસની શરૂઆત થઈ હતી. ૧૯૫૧માં કંડલા બંદરે ૬૬,૬૮૯ ટન માલની આયાત થઈ હતી, જ્યારે ૬૪·૭૪૮ ટન માલની નિકાસ થઈ હતી. નિકાસ પૈકી મુખ્ય વસ્તુઓ મીઠું અને કપાસ હતાં. ત્યાર બાદ ભારતમાં અન્નતંગી વધતાં આ બંદરે ઉત્તરોત્તર અન્ન ને ખાતરની આયાત વધવા લાગી હતી. ૧૯૫૫–’૫૬માં આયાત-નિકાસ અનુક્રમે ૨,૦૫,૩૯૦ અને ૧,૦૫,૨૫૧ ટન હતી, ૧૯૫૭–’૫૮ દરમિયાન કંડલા ડીસા મીટરગેજ રેલવે દ્વારા કંડલાનું ઉત્તર ભારત સાથે જોડાણ થતાં આયાત-નિકાસ સાડાઆઠ લાખ ટન થઈ હતી. ગુજરાત રાજ્યની સ્થાપના બાદ આયાત ૧૨,૨૦,૫૬૫ ટન અને નિકાસ ૩,૪૧,૬૧૦ ટન હતી. ૧૯૬૮માં નૅશનલ હાઇવે દ્વારા અને ૧૯૬૯માં ઝુંડ-કંડલા બ્રોડગેજ રેલવે દ્વારા જોડાતાં બે દાયકાના ધીમા વિકાસ બાદ કંડલાની આયાતમાં ઝડપી વધારો થયો હતો. ૧૯૫૩–’૫૪ થી ૧૯૫૯–’૬૦ દરમિયાન સરેરાશ ૪,૧૮,૨૦૧ ટન માલ આયાત થયો હતો, જ્યારે ૧,૬૬,૦૮૭ ટન માલ નિકાસ થયો હતો. ૧૯૫૩ થી ૧૯૫૫ દરમિયાન આયાત કરતાં નિકાસ વધારે હતી. પણ ભારતમાં અન્નતંગી વધતાં



નવા રેલમાર્ગો તથા નવા ધોરી માર્ગોથી ભારતના પશ્ચિમ ભાગના બહુ મોટા વિસ્તારનો પીઠપ્રદેશ કંડલા બંદરને મળ્યો છે. આ અગાઉ કચ્છનું ભારતના બીજા ભાગો સાથે જમીન માર્ગે જે બિલકુલ જોડાણ ન હતું તે આ નવા માર્ગો દ્વારા શકય બનતાં કંડલા પશ્ચિમ ભારતનું પ્રવેશદ્વાર બન્યું, અને કચ્છ, ઉત્તર ગુજરાત, રાજસ્થાન અને તેથી યે દૂરના એક કાળે બિનવિકસિત એ વિસ્તારોમાં ઉદ્યોગધંધાની ખિલવણી પણ શકય બની. આ નકશો શ્રી રામસિંહજી રાઠોડ કૃત 'કચ્છનું સંસ્કૃતિદર્શન'માંથી સાભાર ઉતાર્યો છે. આજથી અઢી દાયકા પૂર્વે આ નકશામાં જે શકયતાઓ કલ્પી છે તે આજ હકીકત બની ગઈ છે.

આયાતનું પ્રમાણ વધવા લાગ્યું હતું. ૧૯૬૦–'૬૧ થી '૬૬–'૬૭ના ગાળામાં સરેરાશ આયાત અને નિકાસનું પ્રમાણ અનુક્રમે ૧૭,૧૨,૨૬૩ અને ૨,૭૧,૪૪૮ ટન રહ્યું હતુ. સને ૧૯૬૦–'૬૧ અને '૬૨–'૬૩માં નિકાસ ત્રણ લાખ ટન ઉપર થઈ હતી '૬૫–'૬૬માં મીઠાની નિકાસ ઘટતાં નિકાસમાં ઘટાડો થયો હતો. આ વરસે ૧,૬૮,૫૧૯ ટન માલની નિકાસ થઈ હતી. '૬૬–'૬૭ પછી આયાતનું પ્રમાણ ખૂબ વધ્યું હતું. ઈ. ૧૯૬૧ થી ૧૯૭૦ દરમિયાન '૬૨–'૬૩માં ત્રણેક લાખ અને '૬૪–'૬૫માં પાંચ લાખ ટન માલ વધુ આયાત થયો હતો. બાકીનાં વરસોમાં લાખ ટનથી થોડો વધુ માલ આવેલો. ૧૯૬૪ થી '૬૭માં સરેરાશ આયાત ૨૩ લાખ ટન આસપાસ રહી હતી. ત્યાર બાદ ભારતમાં અનાજનું તથા ખાતરનું ઉત્પાદન વધતાં '૭૦–'૭૧માં ૧૪,૭૪,૦૭૮ ટન આયાત થઈ ગઈ હતી. મીઠું બહાર જવાનું ઘટતાં પણ ૧,૩૮,૦૧૭ ટન નિકાસ થઈ હતી. ૧૯૭૯–'૮૦ દરમિયાન કુલ આયાત ૩૩૮ લાખ ટન અને નિકાસ ૨૯ લાખ ટનની થઈ હતી. ૧૯૭૮–'૭૯માં દુકાળને કારણે સૌથી વધારે—૪૦ લાખ ટન ઉપરાંત આયાત થઈ હતી. ૧૯૭૨–'૭૩ અને '૭૪–'૭૫નાં વરસો દરમિયાન નિકાસ ત્રણ લાખ ટન ઉપરાંત થઈ હતી. બાકીનાં વરસોમાં સરેરાશ અઢી લાખ ટન જેટલી નિકાસ હતી.

નિકાસ વધારવા નીમાયેલી ભારત અને ગુજરાત સરકારની સમિતિઓની ભલામણ મુજબ ૩૦૦૦ ટન સુધી શિપિંગનો દર, ટગ, ક્રેન, લિફ્ટ, પાયલોટ-સેવા, વ્હાર્ફેજ વગેરેના દર ઘટાડવામાં આવ્યા હતા. રવિવાર અને રાત્રિ દરમિયાન માલ ઉતારવાના ઑવરટાઈમના દરમાં પણ ઘટાડો કરાયો હતો. આ સિવાય બીજી વખારોમાં કેટલોક માલ રાખવાના તથા હેરફેરના દરમાં પણ છૂટછાટ મૂકવામાં આવી હતી. આથી ૧૯૭૯ પૂર્વે દર માસે ચાર સ્ટીમરો કંડલા આવતી હતી તેના સ્થાને ૧૬ સ્ટીમરો જૂન ૧૯૭૯માં આવી હતી. ૧૯૭૫–'૭૬માં ૩૦૫ સ્ટીમરો આવી હતી. જ્યારે '૮૧–'૮૨માં તેની સંખ્યા ૫૫૦ અને ૧૯૮૧ના ઑક્ટોબરમાં તો એક જ માસમાં ૬૬ સ્ટીમરો આવેલી.

ઉદ્યોગોનો વિકાસ તથા નિકાસ વધારવા માટે ૧૯૬૫માં ૨૮૩ હેક્ટરમાં 'મુક્ત વ્યાપાર ઝોન'ની રચના કરવામાં આવી હતી. નિકાસ માટેનો માલ તૈયાર કરવા માટે જરૂરી યંત્રો, છૂટક ભાગો તથા કાચા માલની આયાતને જકાતમુક્તિ અપાઈ હતી. દેશના અન્ય ભાગોમાંથી પણ કાચો માલ યંત્રો વગેરે વિના અવરોધ લાવવા છૂટ અપાઈ હતી. પુનઃ નિકાસ માટેના માલને આયાત કરવાની છૂટ અપાઈ હતી. વીજળી તથા પાણીના દરમાં પણ રાહત અપાઈ હતી. તેમ જ વધુમાં વધુ ૨૫ ટકા સુધી માલ ભારતના અન્ય ભાગોમાં જકાત ભરીને મોકલવા છૂટ અપાઈ હતી. શરૂઆતમાં ધીમા વિકાસ બાદ હાલ અહીં ૯૩ કારખાનાં અસ્તિત્વમાં આવ્યાં છે. જે પૈકી ૬૫નો વધારો '૮૨માં થયો હતો. ફ્રી ટ્રેડ ઝોનમાંથી ૧૯૮૨માં સ્ટેનલેસ સ્ટીલનાં વાસણો, દવાઓ, રસાયણો, હેન્ડનિટિંગ મશીનો, તૈયાર કપડાં, પ્લાસ્ટિકનાં પાઈપ, ગાલીચા, વીજળીનાં સાધનો, મગફળી, રબરનો માલ વગેરે મળી ૧૧૭ કરોડ રૂપિયાના માલની નિકાસ થઈ હતી.

સરકારની ઉદાર નીતિને કારણે '૭૭–'૭૮માં ૨૮૮ હજાર ટન નિકાસ હતી તે વધીને ૧૯૮૨માં ૭,૨૪,૦૦૦ ટન થઈ હતી. આયાત પણ ૧૯૮૧–'૮૨માં ૪ લાખ ટન હતી. '૭૮–'૭૯માં વાડીનાર ઑઈલ ટરમિનલ શરૂ થતાં પેટ્રૉલિયમ પેદાશની આયાત કંડલા બંદરે ઘટી હતી. વાડીનાર સહિત કંડલાની આયાત.નિકાસ '૮૨–'૮૩નાં ૧,૧૩,૮૭,૨૦૫ ટન થઈ હતી. આમ, સાડાઆઠ લાખ ટન પાલની સગવડ ધરાવતા કંડલા બંદરે ભવ્ય પ્રગતિ કરી હતી. આ માટે રૂ. ૫૬ કરોડના ખર્ચે છઠ્ઠી કાર્ગોબર્થ, ત્રીજી ઑઈલ-જેટી તથા હરીફરી શકે તેવી ક્રેનો, પે-લોડર, વધારાની વખારો, તરતો ડૉક, ટગ વગેરેની સગવડો વધારવામાં આવી રહી છે.

આયાત અને નિકાસમાં વૈવિધ્ય પણ વધ્યું છે. અગાઉ મોટા જથ્થામાં ક્રુડ ઑઈલ, ખાતર, અનાજ, ગંધક વગેરેની આયાત થતી હતી. હાલ પેટ્રૉલિયમ-પેદાશો (૧૯–૨૫ લાખ ટન), ફૉસ્ફરિક ઍસિડ (૪ લાખ ટન), ખાદ્ય તેલ વગેરે (૩ થી ૪ લાખ ટન), અનાજ (સવાબે લાખ ટન), ખાતર (ચાર લાખ ટન), મ્યુરીએટ ઑવ પોટાશ (૨–૩ લાખ ટન), રૉક ફૉસ્ફેટ (૧ લાખ ટન), ગંધક, ઝિંક સલ્ફેટ, તાંબાના ગઠ્ઠા, પોટેશિયમ ક્લૉરાઇડ, સિમેન્ટ (૨ લાખ ટન), રેપ સીડ, ખાંડ, ડી. ડી. ટી., સોડા-એશ, ન્યુસ-પ્રિન્ટ, પેટ્રૉલિયમ, કૉક વગેરેની આયાત થાય છે. કંડલાથી નિકાસ થતી વસ્તુઓમાં મોલાસીસ, તેલ અને આલ્કોહોલ, ઘઉં, ચોખા, જવ, ખાંડ, મીઠું, ગુવારગમ, હાડકાંનો ભૂકો, બેન્ટોનાઈટ, ત્રાંબાના રીવેટ, બૉક્સાઈટ, ચીરોડી, રૂ, ખાતર,

ચા, ઢોર વગેરે મુખ્ય છે. બંદરની ગોદીનો ૯૪ ટકા સુધી ઉપયોગ થાય છે. મુંબઈ, મદ્રાસ અને કલકત્તાનાં બંદરોમાં સ્ટીમરોને બંદર-બ્રિજન બહાર ઘણા દિવસો સુધી થોભવું પડે છે, જ્યારે અહીં ત્રણ વ્હાર્ફ, સાત બર્થ અને પાંચ મૂરિંગ સ્થાનો હોવાથી અને માલની હેરફેરના ઝડપી સાધનો વગેરેની સગવડને કારણે સ્ટીમરોને ખાસ થોભવું પડતું નથી. લંગરસ્થાનથી જેટી સુધી માલ લાવવા માટે દોઢસો ટનનાં છ લાઈટરો છે.

હા/ર ૨૪૦ ફૂટ લાંબા, ૪૦ ફૂટના બીમવાળા અને ૧૨ ફૂટ ડ્રાફ્ટનાં ૮૦૦ મે.ટન સુધીનાં જહાજોનું સમારકામ ડ્રાય-ડૉકમાં થાય છે. રૂ. પાંચ કરોડના ખર્ચે ૨૭૦૦ ટન માલ ઊંચકી શકે તેવો સ્ટીલનો તરતો ડ્રાયડૉક, ડ્રેજરો અને ટગ માટે બર્થ તથા બ કરની સગવડ કરવાની યોજના પણ છે. આ ઉપરાંત, વર્કશોપ તથા વૉટર બાર્જ વગેરેની સગવડ પણ છે. બંદરના પ્રવેશ પાસેના ભાઠાને આગળ વધતું અટકાવવા તથા નાળમાં પાણીની પૂરતી ઊંડાઈ જાળવી રાખવા માટે કાંપ દૂર કરવા બે સક્શન ડ્રેજરો છે.

છઠ્ઠી બર્થ ઉપર ઑક્ટોબર, ૧૯૮૧થી કન્ટેનર સર્વિસ શરૂ કરાઈ છે. ફેબ્રુઆરી ૧૯૮૨ સુધીમાં નિકાસ માટેનો માલ ૧૦૦૦ કન્ટેનરો મારફત મોકલાયો હતો. મુક્ત વ્યાપાર વિસ્તારનો માલ આ રીતે મોકલાય છે. તે પહેલાં ટ્રકો દ્વારા મુંબઈ બંદરે માલ પહોંચાડી ત્યાંથી કન્ટેનરો દ્વારા તેની નિકાસ કરાતી હતી. તેથી ખર્ચ વધી જતો હતો અને પરદેશમાં માલ વધુ મોંઘો પડતો હતો.

અહીં ૩૩૫ મિ.મી. વરસાદ પંદર દિવસોમાં જ પડે છે. તેથી આખું વરસ માલની હેરફેર થઈ શકે છે. ડિસેમ્બર અને જાન્યુઆરીમાં દિવસનું ઉષ્ણતામાન ૨૬°થી ૨૦° અને ઉનાળામાં મે-જૂનમાં ૩૮°થી ૩૬° સે. રહે છે. રાત્રિનું ઉષ્ણતામાન આ ગાળા દરમિયાન અનુક્રમે ૧૦°થી ૧૨° સે. અને ૨૫°થી ૧૬° સે. રહે છે. પવનનો વેગ શિયાળામાં કલાકના ૫-૬ કિ.મી.થી ૬-૪ કિ.મી. રહે છે. જ્યારે ઉનાળામાં ૧૭થી ૧૮ કિ.મી. પવનનો વેગ હોય છે. સરેરાશ પવનનો વેગ ઑગસ્ટ પછી ઘટે છે.

કંડલાનો વેપાર મુખ્યત્વે પરદેશ સાથે છે. ઈ. ૧૯૬૬-'૬૭માં રૂ. ૧૦૨·૬૩ કરોડની આયાતો પૈકી ૭૭·૮૩ ટકા આયાત પરદેશથી થઈ હતી. આયાતી માલ પૈકી '૬૫થી '૬૭ દરમિયાન અનાજનું પ્રમાણ ૫૦ ટકા હતું. આ અનાજ યુ. એસ એ., કૅનેડા તથા ઑસ્ટ્રેલિયાથી આવ્યું હતું. યુ. એસ. એ.માંથી આવેલું અનાજ પી. એલ. ૪૮૦ યોજના પ્રમાણે આવ્યું હતું. ખાતર મોટે ભાગે યુ. એસ. એ.માંથી આવે છે. હવે પૂર્વ યુરોપના દેશોમાંથી પણ તેની આયાત રૂપી પેમેન્ટની સગવડને કારણે થાય છે. યંત્રો યુ. કે., ફ્રાન્સ, યુગોસ્લાવિયા તથા જાપાનથી આવ્યાં હતાં. ખનિજ તેલ રશિયા, ઈરાની અખાતના દેશો, ઈરાન, ઈરાક, સાઉદી અરેબિયા, યુ.એ.ઈ. વગેરે દેશોમાંથી આવે છે. નિકાસ પૈકી ૬૩ ટકા નિકાસ પરદેશ ખાતે થઈ હતી. મીઠું કલકત્તા, કેરાલા ઉપરાંત, જાપાન અને યુ.કે.માં મોકલાયુ હતું. આલ્કોહોલની નિકાસ યુ.એસ.એ. તથા યુ.કે.માં કરાઈ હતી. લોખંડની કાચી ધાતુ જાપાન અને જર્મની મોકલાઈ હતી. ખાંડની નિકાસ યુ.એસ.માં કરાઈ હતી. બૉક્સાઈટ કેરાલા મોકલાયું હતું. અગાઉ જાપાન બૉક્સાઈટ ખરીદતું હતું, પણ હવે તે ઑસ્ટ્રેલિયા પાસેથી લે છે. કચ્છનું મીઠાનું ઉત્પાદન છ લાખ ટનથી વધુ છે, પણ ઉદ્યોગોના વિકાસ કચ્છમાં ઓછો હોવાથી તે ભારતના અન્ય ભાગોમાં તથા પરદેશમાં મોકલાય છે. (સિમેન્ટની અછતને કારણે કોરિયાથી તેની આયાત થાય છે. (કોકિંગકોલ) કોલસા પશ્ચિમ યુરોપના દેશોથી તથા પશ્ચિમ બંગાળથી આવે છે. શણ અને શણનો માલ પણ પશ્ચિમ બંગાળથી આવે છે. પંજાબથી બાસમતી

લઘુકથા

ભૂખ

મુકુંદ દે. ભટ્ટ

બસ ઊપડી.

ઉનાળાના દિવસો હતા. અસહ્ય ગરમી અને તેમાંય પાછી ભીડ.

એ બાઈ પણ ગમેતેમ કરીને પોતાની છ-એક માસની બાળકી સાથે ચડી ગઈ. સાથે બાળકી જોઈ કો'કે જગ્યા પણ કરી આપી!

બાળકીએ રડવાનું શરૂ કર્યું. તેણે ઘણા પ્રયત્નો કર્યા પણ વ્યર્થ.

'બેન, એને છાતીએ લ્યો. ભૂખી થઈ હશે. શાંત થશે.' બાજુમાં બેઠેલી એક પીઢ બાઈએ કહ્યું.

તેણે જાણે સાંભળ્યું જ નથી, તેમ બેસી રહી. કો'કે પાણી ટોવાનું સૂચન કર્યું. પણ બાઈ બેઠી જ રહી. આખરે રડીરડીને થાકેલી બાળકી દબાતાં જતાં ડૂસકાં સાથે ઊંઘી ગઈ.

મોટું સ્ટૅન્ડ આવતાં બસ અટકી.

ચારે બાજુથી, સોડા-લેમન, ચા-પાણી અને ગરમાગરમ ભજિયાં-ગાંઠિયા વેચતા ફેરિયાઓના લહેકાદાર અવાજોથી બસમાં ચેતન ફરી વળ્યું. કેટલાક મુસાફરો નીચે ઊતર્યા.

બાઈએ હાક મારી સ્ટૅન્ડ સામે તળાતાં ભજિયાં મંગાવી ખાધાં, બે-એક ગ્લાસ પાણી પીધું અને વધેલા પાણીને પોતાના મોઢા ઉપર છાંટતાં પાસે બેઠેલી બાઈ સામે જોઈને બોલી: 'બેન, આ છોકરી આડે ક્યાંથી નિરાંતે ખવાય! આ વળી ઊંઘી ત્યારે પેટમાં થોડુંક...'

'ક્ષુધા' શબ્દની બહુરૂપતાને પામવા મારું મન મથી રહ્યું. □

જાતના ચોખા રશિયા વગેરે દેશોમાં જાય છે. મગફળી અને ઊન જામનગર અને કપાસ મુંબઈ જાય છે. ત્યાંથી તે પૂર્વ યુરોપના દેશો અને જાપાન જાય છે. ગંધક જાપાન અને ઈટાલીથી આવે છે.

કંડલા બંદર સાથે સંલગ્ન ગાંધીધામ ૧૫૦૦૦ એકરમાં વસેલી નવી વસાહત છે, જે સિંધનાં નિર્વાસિતો માટે બાંધવામાં આવી હતી. અહીં નળિયાં અને ફર્નિચર બનાવવાનાં કારખાનાં છે. આ ઉપરાંત, કાપડ, તેલ, ઇજનેરી સામાન વગેરેના ઉદ્યોગો વિકસતા જાય છે. કંડલાની પોર્ટ ઑફિસ તથા બીજી મહત્ત્વની ઑફિસો અત્રે છે. ઔદ્યોગિક વિકાસ વધતાં કંડલા બંદરને વધુ ફાયદો થશે.

કંડલા બંદરે ખાતર તથા તેના કાચા માલને સુરક્ષિત રાખવા માટે ૬૦,૦૦૦ ટન માલ રાખી શકાય તેવાં બે માળનાં ચાર ગોડાઉનો ૧૦,૦૦૦ ટન માલ સમાઈ શકે તેવાં એક માળનાં ત્રણ ગોડાઉનો છે. કાર્ગોજેટી નજીક ૩૦,૦૦૦ ટન માલ સંઘરી શકે તેવું ટ્રાન્ઝિટ શેડ છે. મરીન અને લોડર સંકુલ નજીક ૩૦,૦૦૦ ટન માલ સંઘરી શકાય તેવી ઢંકાયેલી જગ્યા છે. આમ, માત્ર કાર્ગોજેટી નજીક જ ૧·૩૦ લાખ ટન માલ સંઘરવાની બંધ જગ્યા છે. આ સિવાય રૉક-ફૉસ્ફેટ, ગંધક, ત્રાંબાના ગઠ્ઠા, મીઠું, શંખજીરુ, લોખંડ અને પોલાદ વગેરે એક લાખ ટન માલ રાખી શકાય તેવી ખુલ્લી જગ્યા છે. આ ગોડાઉન સુધી બ્રોડગેજ અને મીટરગેજ લાઈનના પાટા છે જેથી બંદર ઉપરથી ગોડાઉન સુધીની હેરફેર સરળતાથી થઈ શકે છે. મધ્યસ્થ વેર હાઉસ કૉર્પોરેશન, ગુજરાત સ્ટેટ વેર હાઉસિંગ કૉર્પોરેશન તથા સંખ્યાબંધ ખાનગી વ્યક્તિઓએ વખાર અને ટાંકાઓ માટે ખુલ્લી જમીન ખરીદી છે. પોર્ટ ટ્રસ્ટની પણ ૧૫૦૦૦ ટન માલ સમાઈ શકે તેવી બે વખારો છે.

પેટ્રોલિયમ પેદાશોને સંઘરવા માટે બધી મુખ્ય તેલ કંપનીઓની ૩.૪૧ લાખ ટન પેટ્રોલિયમ સમાઈ શકે તેવી ૪૩ ટાંકીઓ છે. ખાદ્ય તેલ અને બીજી પ્રવાહી વસ્તુઓ માટે કેટલીક ખાનગી પેઢીઓએ એક લાખ ટનથી વધુ પ્રવાહી માલ સંઘરી શકાય તેવી ટાંકીઓ બનાવી છે આમ પેટ્રોલિયમ પેદાશો ખાદ્ય તેલ વગેરેનો ૫.૫ લાખ ટન જેટલા જથ્થાનો સંગ્રહ થઈ શકે તેવી ખાનગી પેઢીની ટાંકીઓ છે.

કાર્ગોજેટી ઉપર સ્ટીમરમાંથી જેટી ઉપર અને વૅગન વગેરે સુધી માલની હેરફેર માટે ૨૬ ક્રેનો છે, ૧૦ ફૉર્કલિફ્ટ છે, સાત હરીફરી શકે તેવી ક્રેનો છે, અને ત્રણ પે-લોડરો છે. બંદર બેઝિન ઉપર બીજી ચાર ક્રેનો છે. બંદરબેઝિનના પશ્ચિમ તરફના વ્હાર્ફ ઉપર ૬૦ ટનની ક્રેન છે. ચાર ગોડાઉનોમાં ૨-૪ ટન માલ ઉપાડીને બીજે માળે પહોંચાડવા ચાર કાર્ગોલિફ્ટ છે. ચાર ટ્રેલર સાથેનાં બે ટ્રેક્ટરો છે. ન્યુઝ પ્રિન્ટની હેરફેર માટે ફૉર્કલિફ્ટ ઉપયોગમાં લેવાય છે. કન્ટેનર સર્વિસ માટે ૩૫-૪૦ ટનના કન્ટેનર ઊંચકી શકે તેવી અને ફેરવી શકાય તેવી ટાવર ક્રેન છે. ૪૦ ટન માલ ફેરવી શકે તેવા બે ટ્રેલર્સ છે. ઉતરાણ સ્થળથી વખાર સુધી માલનું વહન કરવા માટે એક હિપ્પો ટ્રેક્ટર છે. પાણી માટે બે વૉટરબાર્જ છે. કટોકટી માટે સાલ્વેજ બાર્જ છે. ખાતરની જથ્થાબંધ હેરફેર કરવા માટે ખાસ યાંત્રિક રચના છે. ખાતર કોથળામાં ભરીને પૅક કરવા માટે ૧૬ ઑટોમેટિક મશિનો છે, જે કલાકમાં ૪૦ ટન માલ ભરવાની ઝડપે કામ કરે છે. ગુજરાત ઇલેક્ટ્રિસિટી બોર્ડ વીજળી પૂરી પાડે છે. કટોકટીના સમયે કામ લઈ શકાય તેવા ૫૦૦૦ કિ. વૉટના બે જનરેટિંગ સેટ્સ પણ અહીં છે. પાણી ટ્યુબવેલ તથા ટપર ડેમમાંથી મેળવવામાં આવે છે.

કચ્છમાં બૉક્સાઈટ, લિગ્નાઈટ, બેન્ટોનાઈટ, અકીક, કાચની રેતી, ચૂનાના પથ્થરો, બાંધકામના પથ્થરો. ચિરોડી, રંગીન માટી વગેરેની વિપુલતા છે. વીજળીની તંગીને કારણે બૉક્સાઇટની નિકાસ થાય છે. લિગ્નાઈટનો ઉપયોગ પણ શરૂ થયો છે. મીઠાપુરનું તાતાનું કારખાનું તે વાપરે છે. કચ્છમાં મીઠા અને ચૂનાના પથ્થરોની વિપુલતા જોતાં રસાયણ-ઉદ્યોગ ને સિમેન્ટ-ઉદ્યોગ વિકસવાની શક્યતા છે. વહાણ બાંધવાનો તેનો જૂનો ઉદ્યોગ પુનર્જીવિત થાય તે પણ જરૂરી છે. મુક્ત વ્યાપાર ઝોન નવા ઉદ્યોગોથી ધમધમી રહ્યો છે. રાજસ્થાનમાં અને કચ્છમાં ઉદ્યોગોના વિકાસ સાથે કંડલા બંદર હાલ મોટા ભાગે આયાતી બંદર છે તેના બદલે અહીંથી નિકાસ પણ વધી શકે. મત્સ્ય-ઉદ્યોગનો વિકાસ પણ પ્રાથમિક દશામાં છે. કચ્છના લોકો મહેનતુ તથા સાહસિક છે. પરદેશોમાં તેમની સાહસવૃત્તિ માટે નામના છે. ભવિષ્યમાં આ કારણે કંડલા ભાવિ પ્રગતિનું સીમાચિહ્ન બની રહેવાની પૂરી શક્યતાઓ છે. □

(નોંધ: જાન્યુઆરીના અંકમાં આ લેખમાળાના લેખમાં પૃ. ૭ ઉપર પહેલા કૉલમની છેલ્લી લીટીમાં આપેલી સાલ ૧૯૨૨-૨૩ નહિ, પણ ૧૭૨૨-૨૩, તથા પૃ. ૮માં બીજા કૉલમમાં ઉપરથી ૨૭મી લીટીમાં ૧૬૬૦થી નહિ, પણ ૧૮૬૦થી વાંચવી. આ છાપભૂલ બદલ દિલગીર છીએ.)



'તૂઈ માલિલો' નામે ઓળખાતો આ કાચબો દુનિયાભરનાં પ્રાણીઓમાં સૌથી વધુ ઉંમરે પહોંચ્યો હોવાનું મનાય છે. કહેવાય છે કે ઇ. ૧૭૭૦ કે ૧૭૭૩માં કૅપ્ટન કૂકે ટૉન્ગન રાજા સીઓલી મૅગીઆને એક કાચબી સાથે આ કાચબો ભેટ આપ્યો હતો. રાજાએ કાચબાની આ જોડ તુઇ ટૉન્ગા-ની પુત્રીને ભેટ આપી હતી. આઠ વર્ષ પછી કાચબી મરી ગઇ અને આ કાચબાને માલિલો ગામમાં લઇ જવામાં આવ્યો, જેના પરથી તે તુઇ માલિલો નામે ઓળખાતો થયો. ત્યાર બાદ તેને નુકુઅલોફામાં રાખવામાં આવ્યો.

જો આ વાત ખરી હોય તો આ તુઇ માલિ-લોની વય સહેજે બસો વર્ષ ઉપર હોય, અને તો ઇ. ૧૭૭૬માં સીશલ્સથી મોરીશિયસ લાવવામાં આવેલા વિખ્યાત દીર્ઘજીવી કાચબા કરતાં યે આની વય વધુ હોય. પેલો કાચબો ૧૯૧૮માં એક અકસ્માતમાં મરી ગયો હતો. જો કે કૅપ્ટન કૂકે પોતાની નોંધોમાં ક્યાંય આ કાચબો ભેટ આપ્યાનો ઉલ્લેખ કર્યો નથી, અને કદાચ તેણે એવી ભેટ આપી પણ હોય તો આ તુઇ માલિલો તે એ જ કાચબો છે કે નહિ તે સાબિત થઇ શકે તેમ નથી. બની શકે કે કૅપ્ટન કૂકની પછી બીજા જ કોઇના જ-હાજમાં તે ટૉન્ગામાં લવાયો હોય, કેમ કે એ કાળે અન્ય ખોરાક ખૂટતાં જરૂર પડ્યે તાજા માંસ માટે વહાણોમાં કાચબાને સાથે રાખ-વામાં આવતા હતા.

હકીકત જે હોય તે, પણ આ તુઇ માલિલો આજે તો ખરેખર અત્યંત વૃદ્ધ છે. એની ઢાલ અનેક અકસ્માતો વેઠી ચૂકી છે. આ લાંબી આવરદામાં એ ઘોડાના પગ નીચે કચરાયો છે, એક આગમાં એના ઉપર બળતું લાકડું પણ પડ્યું હતું. અનેક વર્ષોથી એ તદ્દન અંધ બની ગયો હોઈ ચરવા માટે તો એ ફરી શકતો નથી એટલે રોજ એને રાજમહાલય-માંથી ખોરાક પહોંચાડવામાં આવે છે.

સ્વર્ગસ્થ બાલાસરસ્વતી
એક અદ્વિતીય નૃત્યપ્રતિભા

ભરતનાટ્યમ્ નૃત્યશૈલીથી આજે આપણે ઠીકઠીક પરિચિત છીએ. ભદ્ર સમાજની કન્યાઓમાં તેનું શિક્ષણ પણ હવે પ્રચલિત બન્યું હોઈ મોટાં શહેરોમાં તેમનાં અરંગેત્રમ્‌ની જાહેરાતો પણ છાપાંઓમાં અવારનવાર દેખાતી રહે છે. ભરતનાટ્યમ્‌ની આ પ્રતિષ્ઠાનો ઇતિહાસ પાંચેક દાયકાનો જ ગણાવી શકાય. એ પહેલાં બ્રિટિશ શાસનમાં આપણે પશ્ચિમી સંસ્કૃતિના પ્રભાવ તળે ભારતીય નૃત્યકળાને હલકી ગણતાં થઈ ગયાં હતાં. આ જ સદીના બીજા-ત્રીજા દાયકામાં આ નૃત્યકળાની એટલી તો માઠી દશા હતી કે આ 'નાચ'ને નાબૂદ કરવાની ઝુંબેશ એ એક સામાજિક સેવા ગણાવા લાગી હતી. પરિણામે પેઢીઓથી દક્ષિણ ભારતનાં મંદિરોમાં પૂજાવિધિ તરીકે જળવાઈ રહેલા ભરતનાટ્યમ્ નૃત્યની સદંતર નામ:શેષ થવા જેવી સ્થિતિ થઈ હતી. પણ એ અણીના સમયે સ્વ. શ્રી ઈ. કૃષ્ણ આયરે આ કળા પરત્વેની સામાજિક સૂગ દૂર કરવા કવિવર રવીન્દ્રનાથની પ્રેરણાથી એક મોટો પુરુષાર્થ



આદર્યો. પોતાની ધીકતી વકાલત છોડી એમણે સતત છ વર્ષ સુધી ભરતનાટ્યમ્‌ની તાલીમ લીધી, પોતે સ્ત્રીવેષ ધારણ કરી જાહેરમાં આ નૃત્યની રજૂઆત કરવા સાથે વ્યાખ્યાનો, લેખો અને જાહેર ચર્ચાઓ દ્વારા આ કળાની શાસ્ત્રીયતા, અને મહત્તા સમજાવી તેના અંતર્ગત સૌંદર્યની સાચી સમજ પ્રસારવા માંડી હતી. અલબત્ત, સમાજના ખમતીધરોના વ્યાપક વિરોધની સામે એમનું આ કાર્ય સરળ નહોતું જ, પણ ભરતનાટ્યમ્‌ની યોગ્ય પ્રતિષ્ઠા સ્થાપિત કરવા માટેનો એમનો પુરુષાર્થ પણ એવો જ પ્રબળ હતો. ઈ. ૧૯૩૧માં એમણે તીરવલપુત્તરની કલ્યાણી-બહેનોનો જાહેરમાં નૃત્યકાર્યક્રમ યોજ્યો ત્યારે તો મોટો વિતંડાવાદ જાગ્યો હતો. પરંતુ એમના સતત પ્રયાસોથી લોકોમાં આ કલાવારસાનું મૂલ્ય સમજાતાં વાર લાગી નહિ. બે જ વર્ષ પછી જ્યારે મદ્રાસની સંગીત અકાદમીના રંગમંચ ઉપર ફરી એ જ કલ્યાણી-ભગિનીઓએ જાહેરમાં ભરતનાટ્યમ્ રજૂ કર્યું ત્યારે લોકોએ તેને બહુ ઉત્સાહ-ઉમળકાથી વધાવ્યું હતું. અને એ દિવસથી ભરતનાટ્યમ્‌ની પ્રતિષ્ઠાનો વર્તમાન ઇતિહાસ આરંભાયો. બીજા જ વર્ષે કૃષ્ણ આયર બનારસમાં અખિલ ભારતીય સંગીત-સંમેલનમાં બાલાસરસ્વતીને લઇને ગયા. ત્યાં થએલી ભરતનાટ્યમ્‌ની રજૂઆત જોઇને બાલાસરસ્વતી તથા તેમનાં નૃત્યને રવીન્દ્રનાથ ટાગોર ખૂબ બિરદાવ્યાં એટલું જ નહિ, યુનિવર્સિટીના વ્યાખ્યાનમાં આ નૃત્યકળાના પુનરુદ્ધાર પર પણ ભાર મૂક્યો. પછી તો આ બાલાસરસ્વતીએ ઉત્તર ભારતમા અનેક વાર ભરતનાટ્યમ્‌ની રજૂઆત કરી. ભરતનાટ્યમ્ એ મંદિરની દેવદાસીઓના હીન 'નાચ' હોવાના ભ્રામક ખયાલો દૂર કરવામાં આ રીતે બાલાસરસ્વતીનું ઘણું મહત્ત્વ રહ્યું છે. તાજેતરમાં તા. ૯ ફેબ્રુઆરીએ એમનું અવસાન થયુ. એક સુંદર કલા તરીકે પ્રતિષ્ઠા પામ્યા બાદ તેમાં નવા ઉમેરણો સાથે ભરતનાટ્યમ્‌ના આજે જે નવતર પ્રયોગો થઈ રહ્યા છે એ જોતાં તેઓ કદાચ આ નૃત્યનાં કદાચ છેલ્લાં ઉત્તમોત્તમ કલાકાર હતાં એમ કહી શકાય. એમની વિદાય આપણને સદાય સાલતી રહેશે.

બાલાસરસ્વતીનો જન્મ ઈ.૧૯૧૮માં મદ્રાસમાં થયો હતો. માતા જયમ્મા દક્ષિણ ભારતમાં એક શ્રેષ્ઠ ગાયિકા તરીકે ખ્યાત હતાં. અને માતામહી વીણાધનમ્માલ તો અદ્વિતીય વીણાવાદક હોવા સાથે વિદ્વાન સંગીતજ્ઞ હતાં. આમ, ઉચ્ચ સંગીતજ્ઞ પરિવારમાં બાલાનો જન્મ થયો, અને એમનું ઘર પણ કર્ણાટકી સંગીતના ધુરંધુરો અને વિદ્વાનો વગેરે માટે એક મોટું મિલનસ્થાન હોઈ સંગીત અને તેની ખૂબીઓની ચર્ચાઓ વચ્ચે એમનો ઉછેર થયો હતો. પણ સંગીતના ઉચ્ચ સંસ્કારોવાળા આ કુટુંબમાં માતા જયમ્માએ પુત્રી બાલાની શક્તિઓ પ્રીછીને તેને ભરતનાટ્યમ્ પણ શીખવવાનો નિર્ણય લીધો ત્યારે પરિવારમાં તેનો ભારે વિરોધ થયો હતો. કારણ, એ કાળે નૃત્યકલાની બૂરી દશા હતી લોકો તેને દેવદાસી વર્ગનું હીન કોટીનું નૃત્ય ગણતા હતા. દેવસેવા અર્થે થતી એ નૃત્યસાધનાને ત્યારે લોકરંજન માટે પ્રયોજીને ગણિકાધર્મ અપનાવનારી દેવદાસીઓએ આ કલાની ભારે વિડંબના કરી હતી. ઉચ્ચ સંસ્કારી અને શુદ્ધ કલાનું સાધક કુટુંબ આ કેવી રીતે પસંદ કરે? પણ માતાએ મક્કમતાપૂર્વક પોતાના નિર્ણયને વળગી રહી બાલાને તેની છેક ચાર વર્ષની વયથી નૃત્ય-શિક્ષા આપવાનો પ્રબંધ કર્યો.

તંજાવુરના રાજા સરફોજીના સમયમાં ભરતનાટ્યમ્‌નું સ્વરૂપ ઘડનાર સુખ્યાત ભાઇઓ ચિન્નયા, પોન્નયા, શિવનન્દન અને વાડીવેલુના વંશજ શ્રી કંડપ્પા પિલ્લે એ બાલાસરસ્વતીના પ્રથમ ગુરુ. શુદ્ધ નૃત્ય અને નૃત્તના એ આચાર્ય હતા. જે વયે અન્ય બાળકો મુક્તપણે હરેફરે તે વયથી રોજના આઠઆઠ કલાક નૃત્યની ને રાતે માતા પાસેથી સંગીતની તાલીમ બાલાને મળવા માંડી હતી.

આવી કઠોર સાધનાને અંતે ઈ ૧૯૨૫માં કાંચીપુરમ્‌ના મંદિરમાં સાત વર્ષની બાલાનું અરંગેત્રમ્ યોજાયું. નૃત્યના ઊંડા જ્ઞાતા અને વિવેચકો તથા પંડિત વિદ્વાનોની ઉપસ્થિતિમાં એ સમયની રીત પ્રમાણે સવાર અને સાંજે એમ બે વિભાગોમાં થતું અરંગેત્રમ્ સાધકની આકરી કસોટી ગણાતું, પણ બાલાએ તેમાં અસાધારણ સફળતા મેળવી એટલી નાની વયે પોતાની પ્રતિજ્ઞા બતાવી આપી હતી.

માતા જયમ્મા અને કંડપ્પા પિલ્લે ઉપરાંત બાલાસરસ્વતી । નૃત્યશિક્ષણમાં નૃત્યમાં ઉચ્ચ કક્ષાના અભિનયપ્રવીણ મયલાપોરનાં ગૌરી અમ્મા, તેલુગુ નાટ્યકાર ન સંસ્કૃતના પ્રખર પંડિત ચિન્નયા નાયડુ, અને વેદાન્તશ્રી લક્ષ્મીનારાયણનો પણ એક મોટો ફાળો હતો. એમનાં જ્ઞાનના લાભ પામી બાલા ભરતનાટ્યમ્‌માં ગવાતાં પદના અર્થો હૃદ્‌ગત કરવા લાગ્યાં અને નૃત્યનાં ભાવાંતરામાં એમની પ્રતિભા વિકાસ પામી. વેદાન્તશ્રી લક્ષ્મીનારાયણ શાસ્ત્રી તો કુચીપુડી નૃત્યના શ્રેષ્ઠ તજ્જ્ઞ હતા. કુચીપુડીના એ સમર્થ ને વયસ્ક પુનરુદ્ધારક તથા પુરસ્કર્તા પંડિતે પોતાનો જ્ઞાનવારસો વેડફાઈ ન જાય તે માટે સામે ચાલીને બાલાસરસ્વતીને પોતાના શેષ જીવન-

માં શીખવી શકાય તેટલું શીખ્યું હતું. એક તો લોહીમાં જ ઉચ્ચ કલાસંસ્કાર અને પોશાક વાતાવરણ સાથે આવા સમર્થ ગુરુઓ મળતાં બાલાસરસ્વતીની નૃત્યપ્રતિભા સોળે કલાએ ખીલી ઊઠી હતી.

બાલાના જીવનનો ઇતિહાસ એક રીતે ભરતનાટ્યમ્ નૃત્યના સાથે સંકળાએલો છે. મદ્રાસના ઈ. કૃષ્ણ આયર ત્યારે દેશના સુગાળવા લોકોની સામે આ કલાના ગૌરવને પ્રસ્થાપિત કરવા જે પુરુષાર્થ ખેડી રહ્યા તેના એક ભાગ રૂપે એમણે ઠેરઠેર યોજાતી સંગીત-પરિષદોમાં નૃત્યસૂઝવાળી નર્તકીઓની કલા રજૂ કરીને લોકોના પૂર્વગ્રહને હટાવવા માંડયો હતો. આ રીતે ૧૯૩૪માં એમને બનારસમાં બાલાસરસ્વતીના નૃત્યપ્રયોગને પણ રજૂ કર્યો, ને તે પછી ભરતનાટ્યમ્ તથા બાલાસરસ્વતી બંનેની ખ્યાતિ વ્યાપક પણે પ્રસરી હતી. ઈ. કૃષ્ણ આયર અને બાલાની આ સેવાઓની નોંધ નૃત્યક્ષેત્રે સદાય સગર્વ લેવાતી રહેશે.

પરંતુ આ દરમિયાન અને તે પછી યે બાલાને શારીરિક ઉપાધિઓનો પણ સામનો કરવો પડયો. સંધિવાને કારણે બાલાએ નૃત્ય કરવું છોડી દીધું. વયના વધવા સાથે શરીરની સપ્રમાણતા પણ જાળવી શકાઇ નહિ અને એથી એમના પરત્વેની લોકચાહના પણ ઘટવા માંડી. જોકે આગળ જતાં દર્દ તો હટયું નહિ, પણ સ્થૂળતામાં કંઇક ઘટાડો થયો હતો, છતાં યૌવન કાળની કાંતિ, લાવણ્ય, જોમ ને સ્ફૂર્તિમાં થોડી ઝાંખપ તો રહી જ. એમના જેવા સંવેદનશીલ કલાકાર માટે આ એક મોટો આઘાત હતો.

પણ હતાશાના એ સમયમાં નૃત્યકાર રામગોપાલે અતિ આગ્રહ રાખી એમને પુનઃ જાહેરમાં નૃત્યપ્રયોગ માટે તૈયાર કર્યા. કશાય ઠાઠઠઠારા વિના મયલાપોરમાં બાલાએ સ્વસ્થતાપૂર્વક ત્યારે પદના ભાવાંતરોથી સંચારીભાવની જે રમણા રજૂ કરી એ જોઇ ઉપસ્થિત સૌ દંગ થઈ ગયાં હતાં. ભરતનાટ્યમ્‌ના એક પાસા રૂપ આ અભિનય-વિભાગમાં એમની પટુતાનું આકર્ષણ કદી ઘટયું નહોતું. એમાં તો એ બિનહરીફ સામ્રાજ્ઞી જ હતાં. પદમ્‌ના અને અર્થઘટનના તેઓ નિષ્ણાત હતાં. શાસ્ત્ર કે નૃત્યનિયમોની પરંપરિત રૂઢિઓને વળગી ન રહેતાં પોતાની આગવી પ્રતિભાથી એમણે તેમાં વિશેષ ઊંડાણ ઉમેર્યું હતું. નૃત્યમાં એમની આ આગવી ભાવ-અભિવ્યક્તિથી ભરતનાટ્યમ પ્રયોગ સવિશેષ અર્થપૂર્ણ બની રહેતો. સંચારીભાવ સાથેનો એમનો અભિનય અદ્વિતીય હતો. એમનું 'નૃત્ત' કલાના દેખાડા કરતાં વિશેષ ગૌરવપૂર્ણ રહેતું. સ્વયં સંગીતજ્ઞ હોઇ એમની પ્રત્યેક અંગભંગિમાંથી એ પ્રતિઘોષિત થતું.

દેશમાં કે વિદેશમાં અન્ય કોઇ નર્તકને એમના જેટલું માન મળ્યું નહિ હોય. પ્રેક્ષકોને એમના જેટલાં કોઇએ મુગ્ધ નહિ કર્યા હોય. આજે તો હવે જે ભૂતકાલીન બની ગઇ છે એ, ગુરુઓ ને કલા પ્રતિની ભક્તિ અને શ્રદ્ધા એમનામાં અજોડ હતી. આજના કલાકારો માટે એમની સાધના અને ભક્તિ સદાય ઉદાહરણીય અને અનુકરણીય રહેશે.

એડિનબર્ગ ફેસ્ટિવલમાં એમના નૃત્યપ્રયોગોએ એમને આંતરરાષ્ટ્રીય ખ્યાતિના શિખરે પહોંચાડી દીધાં હતાં. તોકિયો અને અમેરિકામાં યે એમની પ્રતિભાએ લોકોને મુગ્ધ કર્યા હતા. ઉત્તરકાળમાં તેઓ મદ્રાસની સંગીત અકાદમીના આશ્રયે નૃત્યશિક્ષણ આપતાં હતાં. તેમજ યુ. એસ.માં પણ એમણે નૃત્યના વર્ગો ચલાવ્યા હતા. એમના આ કાર્યમાં એમનાં પુત્રી લક્ષ્મી શણ્મુખમ પણ સહાય કરતાં. આ પુત્રીને એમણે પોતાની માફક જ તાલીમ આપેલી છે.

કલાક્ષેત્રે એમની વિશિષ્ટ સેવાઓના ઉપલક્ષમાં સંગીત-નાટક અકાદમીએ ઍવૉર્ડ આપીને અને ભારત સરકારે એમને 'પદ્મભૂષણ'ના માનથી સન્માન્યા હતા. સ્વ. વી. રાઘવન સાથે એમણે તમીળ ભાષામાં એક પુસ્તક લખેલું છે. તામિલનાડુ સરકાર અને મુંબઇના 'નૅશનલ સેન્ટર ફૉર પર્ફોર્મિંગ આર્ટ' દ્વારા 'બાલા' નામથી એમના વિષેની એક દસ્તાવેજી ફિલ્મ પણ બની છે, જેનું દિગ્દર્શન સત્યજિત રાયે કર્યું છે. નવી દિલ્હીના 'ઇન્ટરનૅશનલ કલ્ચરલ સેન્ટર' દ્વારા ૧૯૬૩માં ડૉ. નારાયણ મેનન લેખિત એક પુસ્તક 'બાલાસરસ્વતી' પણ પ્રકટ થએલું છે. —બિ.

મણિવઉ (અનુ. પૃ. ૪૫ થી) એક આનો આપીને પ્રાયશ્ચિત્ત કર્યું પેલા પડોશીએ. આ વાતની જાણ સહુને થયેલી. સહુએ મણિવઉનો વાંક કાઢેલો. છેવટે નક્કી થયેલું કે મણિવઉએ ક્યારેય કોઈ વસ્તુ રસ્તા પર મૂકવી નહિ. સહુનો સર્વાનુમતે થયેલો ઠરાવ જાણે! લોકશાહીમાં અલ્પસંખ્યકોએ તો એ માનવું જ પડે!

મણિવઉનો ધણી સોમલો ભારે ઝઘડાખોર હતો. પણ પોતાની સારપે મણિવઉએ સહુની લાગણી સંપાદિત કરેલી. એ પણ ક્યારેક અકળાતી. તુવેર-દાળની એ શૉખીન. ઘણી વાર અમારે ત્યાંથી લઈ જતી. જેમજેમ સમય વીતતો ગયો તેમતેમ એના 'ગરાક' ઘરોની સંખ્યા ઘટતી ગઈ. ગાંધી-શતાબ્દીમાં ડબ્બા-જાજરૂ નાબૂદ થઇ ગયાં, સાથે વારતહેવાર કે લગ્નટાણે મળતી મીઠાઈ કે ખાવાનું લોપ થવા માંડયું. છોકરા મોટા થયા તે શહેરમાં ચાલ્યા ગયા. અંતે પંડે બે જણ રહ્યાં. વૃદ્ધત્વને લીધે એમનાથી કામ પણ થતું નહિ. એની પેઢીનાં ઘણાં મોટેરાંઓ તો સંસાર છોડીને ચાલ્યાં ગયાં. નવી પેઢીનો વ્યવહાર માત્ર પૈસાથી ચાલતો. કામના દામ મળતા. હવે એમ ને એમ કોઈ કશું ન આપે. ભાવ-લાગણી આથમી ગઈ હતી. 'સરકાર બધું આપે છે' એમ સહુ કહેતાં. મારા મોટાભાઇનાં લગ્નટાણે એને સાડલો પહેરાવેલો તે કદાચ છેલ્લી ભાવનિશાની હશે! પછી તો એ રીતિ-વ્યવહાર અદૃશ્ય થઈ ગયા. યંત્રયુગ પૂરેપૂરો વ્યાપ્ત થઈ ગયો. માનવની શોધ કરવી પડે તેવી સ્થિતિનું સર્જન થયું છે આજે.

યંત્રયુગના આ જમાનામાં, પ્રવૃત્તિના ખીચોખીચ વ્યવહારમાં મણિવઉ ક્યારે ખસી ગઈ કે હું ક્યારે વિમુખ થઈ ગયો તેની જરા ય સ્મૃતિ અવશેષ નથી. એમ જ એક દિવસ ચાલી ગયેલી. મહોલ્લાનાં બૈરાંઓમાં વાતનો વિષય બની : 'ભારે ભાગ્યશાળી. સધવા ચાલી ગઈ.' એના ય દિવસો વીતી ગયા. કદી એની જરૂર જ નહિ પડેલી એથી સ્મરણમાં કોણ રાખે એને? પણ હમણાં મહોલ્લામાં એક ભૂંડ મરી ગયું ત્યારે તેને તાણીને લઈ જનાર કોઈ નહોતું. ત્યારે બાએ મણિવઉને સંભારેલી. સારા પ્રસંગો તો કેટલા ય ગયેલા. પરંતુ ત્યારે યાદ નહોતી આવી તે. શાની આવે? મતલબમાં યાદ આવી. આથી જ ક્યારેક આ મતલબી દુનિયા પર ખીજ ચડે. છતાં છોડી નથી શકતો આ દુનિયાને. જાણું છું છતાં ય નથી ત્યજી શકતો કશું યે! ત્યારે વાગોળું છું પેલી પંક્તિને : 'અશક્ત જેવો રહું બેસી રોઇને.' □

ચરિત્ર-નિબંધ

મણિવઉ

'આનંદશર્મન્'

'લે, હાલ્ય હવે. મણિવઉના શકન થાય છે.' આ વાક્ય મેં મારાં અત્યંત વહેમી ફોઈબાને મોંએથી સાંભળેલું. મારી સાતેક વર્ષની ઉમર. મોટી બેનને સાસરે વળાવવા મહોલ્લાના ઝાંપે સહુ ઊભેલાં ત્યારે સામેથી મણિવઉ દેખાઈ. એના 'શકન' લઇને બેનને વિદાય આપી, અને મણિવઉને બાપાએ રૂપિયો આપેલો. સાવરણો બાજુએ મૂકીને ખોબો ધરીને એણે રૂપિયો ઝીલી લીધેલો. બોલેલી : 'સુખી થાવ, બુન.' જેના શકન લીધેલા તે મણિવઉની રીતિ જોવામાં બેન સામે તો જોવું જ રહી ગએલું. સાત વર્ષના મારા કિશોર માનસ પર તેના જે સંસ્કાર પડેલા તેને ભૂંસવા હું તે દિવસ જ પ્રવૃત્ત થયેલો. મનમાં ઊગેલું : 'જેને અસ્પૃશ્ય ગણીએ તેના શુકન કેવી રીતે લેવાય?' બાને પૂછેલું ત્યારે ફોઈબા પાસે જ બેઠેલાં. એમણે છણકો કરેલો. નાનકડો હું ત્યારે સમસમી ગયો હતો. રાત્રે સૂતી વખતે નક્કી કરેલું કે કાલે તો એને અડકીશ જ. અને બીજે દિવસ એમ કર્યું. મારા મનનો એ પહેલો વિજય! આત્માની વાણીનો વિજય! એ પછી તો હું મન-આત્માનો જ અનુચર રહ્યો છું. કશી યે ચિંતા સેવી નથી આસપાસનાં લોકોથી.

બેઠી દડીનો બાંધો, પગમાં બે જુદીજુદી ભાતનાં ચંપલ, સાત જગ્યાએ સાંધેલો સાડલો, હાથમાં સાવરણો, બહાર પડતા દાંત અને મોં પર કરચલીઓ, મણિવઉની આવી છબિ મારા સ્મરણમાં છે. સુવાસણ હતી એમ સહુ કહેતા. વન વટાવી ચૂકેલી પણ રૂપ ક્યાંક તો ચાડી ખાતું જ. અમારા મહોલ્લામાં વાળવા આવતી. ડબ્બા-જાજરૂનો યુગ. એ જ એની પ્રવૃત્તિ. 'ગયા ભવમાં પાંપ કર્યાં હશે તંઇયે તો આ ભવમાં આ અવતાર મળ્યો છે, બળ્યો.' એવું બોલતાં ઘણી વાર મેં એને સાંભળી છે. આત્માને કોસતી. છતાં ય ઈશ્વરદત્ત પ્રવૃત્તિ કરતી. એક વાર જાજરૂ વાળતાં રસ્તે જનારે નાક આડે રૂમાલ ધર્યો'તો ત્યારે એ બોલેલી : 'માણહા મનનો મેલ ધોતા નથીને. આ મેલાથી નાક છીંકે સે.' એનું એ અનુભવસિદ્ધ કથન હતું, ખરે જ, માણસ પોતાના મનનો મેલ ધોઈ શકતો નથી! અને એ એટલું સહેલું કામ પણ ક્યાં છે?! માનવમન આસપાસના વાતાવરણથી ખરડાયેલું છે. અને એ વાતાવરણ સાવ પરિશુદ્ધ ક્યારેય હોતું નથી.

એના નામ પાછળ 'વઉ' શબ્દ લગાડાતો એટલે હું પણ મારાથી એ ખાસ્સી મોટી હોવા છતાં એ જ નામે એને બોલાવતો. એનો એણે ક્યારે ય વિરોધ નહિ કરેલો. કચડાયેલી પ્રજાને અવાજ જ નથી હોતો ત્યાં વિરોધની તો વાત જ ક્યાં? 'વઉ' શબ્દ 'વહુ'નું વિકૃત રૂપ છે. હવે તો કોઇને 'વહુ' કહીએ તો એને અપમાન લાગે છે. મણિવઉને વળી અપમાન શું? આજીવન એ વહુ રહી. અને એથી જ કદાચ એના નસીબમાં વૈધવ્ય ન આવ્યું! કપાળમાં કંકુનો મોટો ચાંલ્લો કરતી. મારી બા નાનો ચાંલ્લો કરતી. બન્ને ચાંલ્લા મારા કુતૂહલનો વિષય હતો. બાપા મૃત્યુ પામ્યા તે દરમિયાન દિવસો સુધી બાને ધરાઇને નહિ જોયેલી. ઘણા દિવસ પછી જોઇ ત્યારે કપાળ પર પેલો ચાંલ્લો નહિ. મેં પૂછેલું : 'બા, મણિવઉના કપાળે તો હજુ ચાંલ્લો છે. તું કેમ નથી કરતી?'

'મારાથી હવે ચાંલ્લો ન થાય.'

એ દિવસે મને મણિવઉ ખૂબ સુખી લાગેલી. ત્યાર પછી જ્યારે પણ એને જોઉં ત્યારે પેલો ચાંલ્લો જોવાનું ચૂકેલો નહિ. છૂપી ઇર્ષા ઘર કરી ગયેલી મારા મનમાં.

મણિવઉ અમારો મહોલ્લો વાળતી. એના શબ્દોમાં અમે સહુ એનાં 'ગરાક' હતાં. મહિને ઘર દીઠ રૂપિયો–આઠ આના લેતી. ક્રમશ: વધીને રૂપિયો થયેલો. એ આઠ આના કે રૂપિયો લેવા એને બે-ચાર વાર આજીજી કરવી પડતી અને પછી જ મળતા. આમ કાકલૂદી કરાવવામાં સવર્ણો મોભો સમજતાં. અમારી પડોશમાં સબકીમા નામનાં વૃદ્ધ દાદી તો તુલસીક્યારે પાણી રેડવા જાય ત્યારે મણિવઉ મહોલ્લામાં વાળતી હોય તો ઘરના બારણેથી બૂમ પાડતાં 'આઘી ખસ', અને મણિવઉ આમન્યા પાળીને આઘી ખસી જતી. સબકીમા એનો પડછાયો પણ ન લેતાં. આવું જોતો ત્યારે આપણી સમાજવ્યવસ્થા પર ચીડ ચડતી. પડછાયા માત્રથી માણસમાં અપવિત્રતા આવી જતી હશે! વિચારાતું. પરન્તુ અમલ કરવો અઘરો હતો. છતાં ય વાતાવરણમાંથી શીખ્યો છું કે અસ્પૃશ્યતાનો ભાવ નિરર્થક છે, એ અર્થમાં હું સુધરેલો છું એટલે જ ક્યારેક સાંભળવું યે પડયું છે, 'ભણ્યો, પણ ગણ્યો નથી.'

ભારે અસ્પૃશ્યતાના યુગમાં પણ મણિવઉ તરફ સહુને અપાર લાગણી હતી. એના દીકરા નારણિયાનાં લગ્ન વખતે મારા બાપાએ આખા મહોલ્લામાંથી ઉઘરાણું કરીને એકસો ને એક રૂપિયા આપેલા. મારા કુમાર માનસમાં તે દિવસે ભારે ગડમથલ થયેલી. જેને અસ્પૃશ્ય–અપવિત્ર ગણતા તેના પ્રત્યે આવી લાગણી! કદાચ એ સમાજવ્યવસ્થાનું મૂળ આવી લાગણીમાં સમાયેલું હશે! આજે અસ્પૃશ્યતા નાબૂદ થઈ છે, સાથે પેલી લાગણી પણ નાબૂદ થઈ છે. બન્ને છેડાની નાબૂદી! લાગણી નાબૂદ કર્યાનો ગર્વ લેનારની સંખ્યા આપણે ત્યાં ક્રમશ: વધતી જાય છે.

એ જમાનો હતો, જ્યારે લગ્નટાણે કે વારતહેવારે સહુ મણિવઉની તાસક ભરી દેતા. ખાસ્સું ખાવાનું મળતું. સહુ આપતાં, દિલથી અને એને સંભારીને આપતાં. મણિવઉને આવતાં મોડું થાય તો એનું અલગ કાઢી રાખતાં. સ્પર્શ સિવાયની સઘળી આત્મીયતા હતી એની સાથે. એની સાથે એની દીકરી આવતી. બાપાના મૃત્યુની પહેલી દિવાળીએ આવી ત્યારે એ દીકરીએ અમારા ઘર તરફ આંગળી ચીંધેલી, પરંતુ મણિવઉએ છણકો કરીને ધીમેથી કહેલું : 'ચૂપ મર. ઈમને ત્યાં સોગ સે.' બારીએ ઊભેલા મેં આ સાંભળેલું. નાનાં માણસોનાં મન ક્યારેય નાનાં નથી હોતાં. લાગણીની ધારા કેવી સુષુપ્ત વહેતી રહે છે! એ ધારા જોઈ શકાતી નથી, પામી શકાય છે. આ જ મણિવઉને રડતી જોઈ'તી, જ્યારે બાપાની સ્મશાનયાત્રા નીકળેલી. અમે ઉચ્ચ વર્ણનાં બ્રાહ્મણ અને એ સમાજથી બહિષ્કૃત થયેલી કોમની. ભાવને વર્ણની મર્યાદા નડતી નથી. આજે એવા ભાવવાળા માણસો શોધ્યા જડતા નથી.

અમારા મહોલ્લાની સામે એક ડેલો છે. એ ડેલાના આગળના ભાગમાં નાનકડો ઓટલો. એક દિવસ મણિવહુ આદુ-કોથમીર-મરચાં લાવેલી. એ તેણે એ ઓટલા પર મૂક્યાં. પછી વાળતીવાળતી આગળ નીકળી ગઈ. એવામાં અમારા એક લોભી પડોશી ત્યાંથી નીકળ્યા. એમણે કોઈક આદું-કોથમીર-મરચાં ભૂલી ગયું છે એમ માનીને લઈ લીધાં. ઘેર આવીને દાળમાં યે નાખી દીધાં અને સ્વાદિષ્ટ દાળ ખાધી પણ ખરી. બીજે દિવસે મણિવઉએ સ્પષ્ટતા કરી ત્યારે પેલા લોભી પડોશીનો મિજાજ ગ.યો. મણિવઉને ખૂબ ધમકાવી. બિચારી જાણે પાપ થઈ ગયું હોય તેમ આજીજી કરવા લાગી. (અનુ. પૃષ્ઠ ૪૪)

બ્રિજ અને શતરંજ

સુરેશ મોદી

બ્રિજના આ કોયડામાં ઉત્તર-દક્ષિણે મળીને દસમાંથી નવ હાથ કરવાના છે. પૂર્વના દરેક હુકમથી ભારે હુકમ દક્ષિણ પાસે છે. જેથી એક Finesse, અને એક વખત પૂર્વ કાપે તેનાથી ભારે પાનાથી કાપીને તેના હુકમનો હાથ થતો અટકાવી શકાય તેમ છે. પશ્ચિમને કુલ્લીમાં એક હાથ આપીને પછી ઉત્તરના હાથની બાકીની કુલ્લીનાં પાનાથી હાથ લેવા માટે entry મેળવવા ઉત્તરની પાસે બે એક્કા છે. આમ પહેલી નજરે કોયડો સરળ લાગે છે, પણ તે રીતે રમવા જતાં કુલ્લીનાં પાનાંની સ્થિતિ હાથ લેવા જેવી થાય ત્યાં સુધીમાં ઉત્તરની entry પણ ખતમ થઈ ગઈ હોય છે. આથી કોઈ યુક્તિ વડે જ દક્ષિણ નવ હાથ કરી શકે તેમ છે.

S A
H 4
D A
C A K 10 5 4 3 2

S 10 9 H — D K J 10 9 C 9 8 7 6	ઉત્તર પશ્ચિમ પૂર્વ દક્ષિણ	S 7 6 4 H Q 10 6 D Q 3 2 C Q

S 8 5 3
H A J 9
D 6 5 4
C J

હુકમ : લાલ

કોયડો : દક્ષિણે ઊતરવાનું અને નવ હાથ કરવાના.

દક્ષિણ કુલ્લીનો ગુલામ રમે છે. ઉત્તર તેના એક્કાથી હાથ લઇને પછી કુલ્લીનો રાજા ઊતરે છે. હવે બે મુખ્ય વિકલ્પ છે. (૧) પૂર્વ કાપે અને (૨) પૂર્વ ન કાપે. બન્ને વિકલ્પોમાં રમત આપણે જોઇએ :

(૧) પૂર્વ જો કુલ્લીનો રાજા કાપે તો દક્ષિણ તેને ભારે પાનાથી ન કાપતાં ચોકટનું પાનું ફેંકે. (આથી પૂર્વ કરતાં તેની પાસે એક હુકમ વધુ બાકી રહે છે, અને કુલ્લીમાં પશ્ચિમને હાથ આપવાની જરૂર રહેતી નથી.) હવે પૂર્વ ઉત્તરની entry ઓછી કરવા કાળી કે ચોકટ ઊતરે, તેમાં એક્કાથી હાથ લઇને ઉત્તર કુલ્લીનું નાનું પાનું ઊતરે અને દક્ષિણ તેને કાપીને ઉત્તર પાસે જે બાજી ખલાસ થઈ ગઈ હોય તેની ઊતર કરે. ઉત્તર તેને કાપીને કુલ્લીનો દસો ઊતરે. પૂર્વ કાપે તો દક્ષિણ તેને ભારે પાનાથી કાપીને પૂર્વનો બાકીનો હુકમ પડાવી લે અને ઉત્તરને બાકી રહેલા એક્કાથી હાથ આપી કુલ્લીનાં બાકીનાં પાનાંના હાથ મેળવે. પૂર્વ કુલ્લીના દસાને ન કાપે તો દક્ષિણ પણ ન કાપે અને કુલ્લીની ઊતર ચાલુ રાખે. પૂર્વ જ્યારે કાપવાનું નક્કી કરે ત્યારે જ દક્ષિણ ભારે પાનાથી કાપે અને અહીં બતાવ્યા પ્રમાણે જ બધા હાથ મેળવે.

(૨) જો પૂર્વ કુલ્લીનો રાજા ન કાપે અને કાળીનું પાનું ફેંકે તો ઉત્તર કાળીના એક્કાનો હાથ લઇને પછી કુલ્લીનો દસો ઊતરે.

ફરી બે વિકલ્પ છે (અ) પૂર્વ કાપે અને (બ) પૂર્વ ન કાપે.

(અ) પૂર્વ કાપે તો દક્ષિણ ભારે પાનાથી કાપે અને કાળીની ઊતર ઉત્તરના હાથમાં કપાવીને કુલ્લીનું હલકું પાનું ઊતરે. પૂર્વ સ્વાભાવિક રીતે ન કાપે અને દક્ષિણ પણ પશ્ચિમનો હાથ થવા દેવા ચોકટનું પાનું ફેંકે. પશ્ચિમ ઉત્તરની entry ખતમ કરવા ચોકટ ઊતરે. તેનો હાથ લઇને તે કુલ્લીનાં પાનાંના હાથ લેવા પ્રયત્ન કરે. પૂર્વ ન કાપે તો દક્ષિણ પણ ન કાપે અને છેલ્લે જ્યારે તેને કાપવા ફરજ પડે ત્યારે દક્ષિણ ભારે પાનાથી કાપીને છેલ્લા હુકમનો હાથ કરે. પૂર્વ તરત જ કાપે તો પણ દક્ષિણ ભારે પાનાથી કાપીને પૂર્વનો હુકમ પડાવી લે. હવે તેના હાથમાં બાકી રહેતો કાળીનો એક્કો તે બાજીનું છેલ્લું પાનું બાકી રહેલું હોવાથી તેનો હાથ કરી લે.

(બ) પૂર્વ કુલ્લીનો દસો ન કાપે, તો દક્ષિણ તેનો હાથ થવા દે. હવે તે ચોકટના એક્કાનો હાથ લઇને કુલ્લી કાપે, અને ઉત્તરના હાથમાં ઊતર આપવા પૂર્વ પાસે બાજીનું પાનું બાકી હોય તે - કાળી કે ચોકટને કાપીને ફરી કુલ્લી ઊતરે. દક્ષિણ તે કાપીને છેલ્લે હુકમના એક્કાનો નવમો હાથ મેળવે. પૂર્વને હુકમનો છેલ્લે એક અને તે એક જ હાથ મળે.


ગયા અંકમાં આપણે smothered mateનું એક સુંદર દૃષ્ટાંત જોયું. તેમાં રાજા ખૂણામાં હતો. Smothered mate તે સિવાયના ખાના ઉપર પણ થઈ શકે છે. આ વખતે આપણે જે દૃષ્ટાંત જોઇએ છીએ તેમાં રાજા N1 ઉપર મ્હાત થાય છે. ખૂણા ઉપર રાજા હોય તો તેને જવા માટે મળતાં ત્રણ ખાનાં ઉપર પોતાનાં મ્હોરાં હોવાં જોઇએ, જ્યારે અહીં તેને જવા માટેનાં પાંચ ખાનાં પર પોતાનાં મ્હોરાં હોવાં જરૂરી છે. રીત લગભગ સરખી જ છે.

1 ..., N-B6ch; 2 K-B1, સફેદની આ ચાલ તેમજ હવે પછી બધી જ ચાલ ફરજિયાત છે.

2 ..., Q-N4ch; 3 K-N1, N-Q7ch; 4 K-B1, N-N6 dbl.ch; 5 K-N1, Q-B8ch! 6 R×Q, N-Q7 mate.

ગયા અંકમાંના smothered mate તેમજ આ અંકમાંની રીતમાં ઘણું સામ્ય છે. લગભગ બધા જ smothered mateમાં વજીર અને ઘોડો સામા પક્ષના રાજાની લાઈનમાં આવે છે, ઘોડાથી બેવડી શેહ આપવામાં આવે છે અને પછી વજીરનો ભોગ આપીને ઘોડાથી મ્હાત કરવામાં આવે છે.

Stelzer



Rolf

કાળાએ રમવાનું

ઈ. ૧૯૪૦માં રમાયેલી આ રમત મોર્ફીની ૧૯૬૩માં રમાયેલી→

નવ ૯ ૯ ૯ ૯ ૯ ૯ ૯

રતિલાલ હરિભાઈ નાયક

આપણા ધર્મગ્રંથો, પ્રાચીન સાહિત્ય, ધાર્મિક ક્રિયાકાંડો, વૈદક વગેરે શાસ્ત્રો, સુભાષિતો, કહેવતો અને બોધવાક્યો ઇત્યાદિમાં અનેક રીતે અંકની સંખ્યાઓ સંકળાએલી છે. એની જાણકારી જ્ઞાનને સમૃદ્ધ બનાવવા સાથે સમજવામાં સરળતા આણે છે, આ સંખ્યાઓ સાથે વણાએલાં સૂત્રો, બોધવાક્યો, કહેવતો વગેરેનું આ સંકલન રસપ્રદ અને માહિતીપ્રદ બની રહેશે. આમાં ઘણું ઉમેરણ થઈ શકે પણ સકારણ તથા વિસ્તારભયે કેટલુંક જતું કર્યું છે.

નવધા ભક્તિ : શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, સખ્ય, દાસ્ય અને આત્મસમર્પણ.

નવ રત્ન : મુક્તા, માણેક, વૈદૂર્ય ગોમેદ, વજ્ર, વિદ્રુમ, પદ્મરાગ, મરકત અને નીલ.

નવ રત્ન : કાલિદાસ, ધનવંતરી, ક્ષપણક, અમર, શંકુ, વેતાલ, ઘટકર્પર, વરાહમિહિર અને વરરુચિ.

નવ રસ : શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ અદ્‌ભુત અને સૌમ્ય.

નવ પવિત્ર નદીઓ : ગંગા, યમુના, સિંધુ, સરસ્વતિ, ગોદાવરી, નર્મદા, કાવેરી, સરયુ અને ક્ષિપ્રા.

નવ ગ્રહો : (જ્યોતિષશાસ્ત્ર) સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ. (ખગોળશાસ્ત્ર) બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ, ગુરુ, શનિ, યુરેનસ, નેપ્ચૂન અને પ્લુટો.

નવ દુર્ગા : (૧) મહાલક્ષ્મી, નંદા, ક્ષેમકરી, ક્ષેમદૂતી, મહાચંડી, ભ્રામરી, સર્વમંગલા, રેવંતી અને હરિસિદ્ધ. (૨) શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘંટા, કુષમાન્ડા, સ્કંદમાતા, કાત્યાયની, કાલરાત્રી, મહાગૌરી ને સિદ્ધિદાત્રી.

ગુપ્ત રાખવાની નવ બાબતો : આયુષ્ય, વિત્ત, ઘરનું છિદ્ર, મંત્ર, મૈથુન, ઔષધ (ભૈષજ), તપ, દાન અને અપમાન.

નવ સમિધો-યજ્ઞ માટે : ખદિર (ખેર), અર્જુન, (પલાશ) ખાખરો, અપામાર્ગ (અઘેડો), પીપળો, ઊમરો, સિમડો, દુર્વા, (ધરો) અને દર્ભ (ડાભ).

ગાયનાં નવ અંગોમાં દેવોનો વાસ : પાછલા ભાગમાં બ્રહ્મા, ગળામાં વિષ્ણુ, મોંમાં શિવ, મધ્યમાં અન્ય દેવો, રુવાંટીમાં મહર્ષિઓ, પૂછડીમાં નાગદેવતાઓ, ખરીમાં આઠ કુલપર્વતો, મૂત્રમાં ગંગા, અને આંખોમાં સૂર્ય-ચંદ્ર.

નવ દુર્ગુણો : લોભ, અસત્ય, ચોરી, દુર્જનતા, સ્વધર્મ ત્યાગ, દરિદ્રતા, કપટ, કલહ અને દંભ.

શરીરનાં નવ દ્વાર : મુખ, નાકનાં બે છિદ્ર, કાનનાં બે છિદ્ર, આંખનાં બે છિદ્ર અને મળ-મૂત્ર ઉત્સર્ગનાં બે છિદ્ર.

નવ મૂળ દ્રવ્યો : વૈશેષિક દર્શન પ્રમાણે – પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાળ, કાળ, દિશા, આત્મા અને મન.

સંસારીની નવ પ્રવૃત્તિઓ : કુટુંબપાલન, દ્રવ્યોપાર્જન, શિષ્ટ વાચન, પ્રાણીપ્રેમ, કળાપ્રેમ, યાત્રા, શરીર-સંભાળ, નિર્દોષ આનંદ-વિનોદ અને જનસેવા.

શરીરની નવ અવસ્થાઓ : ગર્ભધાન, ગર્ભવૃદ્ધિ, જન્મ, બાલ્યાવસ્થા, કુમારાવસ્થા, યુવાવસ્થા, મધ્યાવસ્થા, વૃદ્ધાવસ્થા ને મૃત્યુ.

નવ શક્તિઓ : વિમલા, ઉત્કર્ષિણી, જ્ઞાના, ક્રિયા, યોગા, પ્રહ્વી, સત્યા, ઈશાના અને અનુગ્રહા.

'સારંગ'ના નવ અર્થો : કવિતાનું માપ (સંગીતમાત્રા), સુવર્ણમૃગ, ધનુષ, હાથી, કોયલ, કાળી માખી, વાદળું, સંગીતનું એક વાદ્ય અને વહાણનો ઉપરી.

આ નવ બાબતો શોભતી નથી : સૌભાગ્ય વિણ રૂપ, બ્રાહ્મણ વિણ વિદ્યા, સેનાપતિ વિણ સૈન્ય, સાધુની નિંદા, શસ્ત્ર વિણ શૂરવીર, રાગ વિણ ગાન, નીર વિણ નદી, દાન વિણ ધન, માન વિણ માનવી.

નમસ્કાર કરવા યોગ્ય પુરુષના નવ ગુણો : સત્સંગની ઇચ્છા, અન્યના ગુણોમાં પ્રીત, વડીલો પ્રત્યે માન, વિદ્યાનું વ્યસન પત્ની પ્રત્યે પ્રીતિ, લોકનિંદાના ભય, પ્રભુની ભક્તિ, મનને વશ રાખવાની શક્તિ અને દુર્જનતાનો ત્યાગ.

યોગીજનોનો કુટુંબ-પરિવાર : ધૈર્ય એ પિતા, ક્ષમા એ માતા, શાંતિ એ ગૃહિણી, સત્ય એ પુત્ર, દયા એ ભગિની, સંયમ એ ભાઈ, પૃથ્વી એ શય્યા, દિશા એ વસ્ત્ર અને જ્ઞાન એ ભોજન.

આ નવમાં વિશ્વાસ રાખવો નહિ : દરિયાનાં મોજાંમાં, પરપોટામાં, વીજળીમાં, સ્ત્રીના કટાક્ષમાં, અગ્નિમાં, પવનમાં સર્પમાં, ક્રૂર પ્રાણીમાં અને નદીના વહેણમાં.

નવ તત્ત્વો : પ્રકૃતિ, પુરુષ, મહત્તત્ત્વ, અહંકાર અને પંચ મહાભૂત.

સેવકના નવ દુર્ગુણો : આહારમાં વડવાનલ જેવો, નિદ્રામાં કુંભકરણ જેવો, સંદેશો સાંભળવામાં બહેરો, નાસી જવામાં વાંદર જેવો, લડાઈમાં શિયાળ જેવો, વસ્તુ જોવામાં આંધળો. ચાલવામાં લંગડો, બરાડા પાડવામાં હોશિયાર અને અક્કલમાં ઓછો.

આ નવને સામો ઉત્તર આપવો નહિ : રાજા, ધનવાન, બાળક, વૃદ્ધ, તપસ્વી, વિદ્વાન, સ્ત્રી, મૂર્ખ અને ગુરુજન.

આ નવનો વિશ્વાસ કરવો નહિ : પાણી, પવન, અગ્નિ, શસ્ત્રધારી, નખવાળાં પ્રાણી, શિંગડાંવાળાં પ્રાણી, સરકારી કર્મચારી, અસત્યવાદી અને કુલટા સ્ત્રી.

નવ ખંડ : પૌરાણિક ભૂગોળ પ્રમાણે

(૧) ઇલાવૃત, ભદ્રાશ્વ, હરિવર્ષ, કિંપુરુષ કેતુમાલ, રમ્યક, ભારત, હિરણ્મય, ને ઉત્તર કુરુ.

(૨) ભરત, વર્ત, રામ, દ્રામાલા, કેતુમાલ, હિરે, વિધિવસ, મહિ અને સુવર્ણ.

નવ ઉખાણાંનો એક આશીર્વાદ :

અંબુજ અરિ પતિકી સુતા તા પતિ ઉનકો હાર,
હાર અરિ પતિ કામિની સદા રહો તુમ દ્વાર.

તમારે ઘરે સદા 'લક્ષ્મી' રહો એવો અર્થ થાય છે. કેવી રીતે તે વાચક શોધે. □

←એક રમતમાંના combinationની યાદ આપે છે. તેની સ્થિતિ છે— rk5r/pp1bq1p/2n5/2N3B1/6Q1/8/ppp2ppp/n5K1. ઉપરની આકૃતિ અને આ સ્થિતિમાં રંગફેર છે. વાચકો જોઈ શકશે કે અહીં સફેદ (મોર્ફી)એ જે ચાલથી મહાત કર્યો હતો તે જ ચાર ચાલ ઉલ્ટી ઉપરના combnationમાં જોવા મળે છે. મોર્ફીની મહાત છે. 1 NQ7ch, K-B1; 2 N-N6 dbl.ch, K-N1: (અહીં 2 ..., K-K1 પછી 3 Q-K7 મહાત થાય છે.) 3 Q-B8ch, R×Q; 4 N-Q7 mate. □

ઍટેચીની અદલબદલ (અનુ. પૃ. ૩૬થી) વારે વારે એ જ વાત ઘુમરાવા લાગી, અને અંદર કેવું યે ખાલીખાલી લાગવા માંડ્યું. બરફીલા પ્રદેશમાં જવા ન મળ્યું, જતાંજતાં રહી ગયું, એટલે માર્ચ મહિનાનું કલકત્તા અસહ્ય ગરમ લાગવા માંડ્યું. હવે શું કરું ? કમસે કમ આ આખરી ઘટનામાં ફેલુદાની સાથે રહેવા સારુ પૂછ્યું, 'હું પણ તૈયાર થઈ જઉં ફેલુદા ? બે જ મિનિટ લાગશે.'

'હા, જા. જલદી કરજે, જા.'

કપડાં બદલી તૈયાર થઈ, મિ. ધમિજાની ઍટેચી સાથે લઈ અમે ટૅક્સી કરી વીસેક મિનિટમાં પ્રિટોરિયા સ્ટ્રીટ પહોંચી ગયા.

પ્રિટોરિયા સ્ટ્રીટ લોઅર સરક્યુલર રોડ પરથી બહાર નીકળી જરાક દૂર જઈ રાઈટ ઍંગલે જમણી બાજુ ફરી, રાઈટ ઍંગલે ડાબે વળી થીએટર રોડ – સૅારી, શેક્સપીઅર સરણીમાં જઈ મળે છે. આમે ય તે રસ્તો નિર્જન. રાતના લગભગ સાડા અગિયાર, તેમાં પાછી આજ અમાસ-બમાસ હશે! અમે રસ્તાના આ છેડેથી પેલા છેડા સુધી ટૅક્સી ચલાવી જોઇ, પણ તેમાં બેઠાંબેઠાં મકાનનો નંબર શોધવો મુશ્કેલ લાગતાં અંતે શેક્સપીઅર સરણીની પાસે ટૅક્સી રોકી ફેલુદાએ ડ્રાઈવરને કહ્યું, 'નીચે ઊતરી મકાન શોધવું પડશે, સરદારજી. તમે અહીં થોભો, અમે આ બૅગ એક જણને પહોંચાડી પાછા આવીએ છીએ.'

સરદારજી સીધોસાદો માણસ હતો. એ ત્યાં થોભ્યો. અમે રસ્તા પર ઊતરી દક્ષિણ તરફ ચાલ્યા. ડાબી તરફ દીવાલની પેલી બાજુ બાવીસ માળનું બિરલા બિલ્ડિંગ ઉન્નત મસ્તકે ઊભું હતું. ફેલુદા કહે છે કે રાતના વખતે કલકત્તામાં સૌથી વધુ નિશ્ચેષ્ટ કંઈ લાગતું હોય તો તે આવાં આકાશને આંબતાં ઑફિસ-બિલ્ડિંગો. કેવળ ધડ છે – પ્રાણ નથી. ઊભાં શબ જોયાં છે? આ જ બિલ્ડિંગો છે એ ઊભેલાં મડદાં!

થોડે દૂર જતાં જમણી બાજુ એક ગેટ દેખાયો. તેના પર ચારનો આંકડો જોયો. વધુ આગળ જતાં પાંચ નંબરનું મકાન જોયું. તો પછી આ બે મકાનની વચ્ચેની ગલીમાં જ ચાર બાય બે નંબર હોવો જોઇએ. રસ્તોયે કેવો ભેંકાર! થાંભલે ટમટમતી બત્તીનો પ્રકાશ પણ તેની નીચેના થોડા ભાગમાં જ પહોંચતો હતો. બાકીના રસ્તામાં અંધારું ફેલાએલું હતું. અમે એ અંધારામાં આગળ વધ્યા.

જરા આગળ જતાં બીજો ગેટ દેખાયો, નંબર ચાર બાય એક. હવે પછીનું મકાન ચાર બાય બે જ હોઈ શકે. પણ આગળ અંધારામાં કોઈ મકાન હોય એવું લાગ્યું નહિ. કદાચ હોય તો તેમાં ય બિલકુલ અંધારું હતું. ગલીની બંને બાજુની કૉમ્પાઉન્ડવૉલ પાછળનાં વૃક્ષોની ડાળીઓ માર્ગ પરના આછાશા પ્રકાશને ય અવરોધતી હતી. દૂર લૉઅર સર્ક્યુલર રોડ પરથી પસાર થતી ગાડીનો ક્ષીણ અવાજ સંભળાતો હતો. એવામાં સેન્ટ પોલના દેવળની ઘડિયાળના ઘંટનો એક ટકોરો સંભળાયો, સાડા અગિયાર થયા હતા. પણ આ અંધકાર અને દૂરથી આવતા આછા અવાજથી તો પ્રિટોરિયા સ્ટ્રીટની ભેંકારતા વધુ ઘેરાતી હતી. એકાએક એક કૂતરું ભસી ઊઠ્યું. અને એ જ પળે...

'ટૅક્સી! સરદારજી, સરદારજી!' મારા મોંમાંથી આપોઆપ જ ચીસ નીકળી પડી. જમણી બાજુની દીવાલ ઉપરથી એકાએક એક માણસ ફેલુદા પર કૂદી પડ્યો. તેની પાછળ તુરત જ બીજો પણ એક કૂદ્યો. હાથમાંની ઍટેચી ફેંકી ફેલુદાએ પોતાના પર કૂદી આવેલા માણસને એક ઝટકે નીચે પટકી પાડીને તેની ઉપર ચડી બેસીને તેને ધબધબાવવા માંડ્યો. અંધારામાં સ્પષ્ટ દેખાતું તો નહોતું, પણ લાગ્યું કે બંને વચ્ચે મુક્કાબાજી ચાલી રહી હતી. રસ્તા પર પડેલી પેલી ઍટેચી તરફ મારું લક્ષ ગયું. એ ઉપાડી લેવા જેવો હું નમ્યો કે તુરત પેલા બીજા માણસે દોડીને મને ધક્કો મારી પછાડી દઇને એ ઝડપી લીધી, અને ગલીના નાકા ભણી નાઠો. આ તરફ ફેલુદા અને પેલા માણસ વચ્ચે બથંબથ્થા ને મુક્કાબાજી ચાલી રહી હતી, પણ એ માણસને ફેલુદા કેમ મ્હાત કરી શકતા નહોતા તે સમજાયું નહિ.

'ઊહ!' એક દર્દભર્યો ઉંહકાર સંભળાયો. મારી ચીસ સાંભળીને દોડી આવતા અમારા પંજાબી ટૅક્સી-ડ્રાઈવરના પેટમાં પેલા ઍટેચી લઇને નાસતા માણસે મારેલા મુક્કાને કારણે એમના મોંમાંથી સરી પડ્યો હતો. ગલીના આછા અજવાળામાં મેં સરદારજીને પેટ પકડીને ભોંય પર પટકાઈ પડતા જોયા.

એટલામાં ફેલુદા સાથે લડતો માણસ પણ નાઠો. ફેલુદા ખિસ્સામાંથી રૂમાલ કાઢી પોતાના હાથ લૂછતાંલૂછતાં બોલ્યા, 'કમબખ્ત, ગામડામાં ખાતર પાડતાં ચોરની જેમ શરીરે કમસે કમ એકાદ શેર તેલ ચોળીને આવ્યો હશે. ખેર, સારા નસીબે...' અને પછી એ બોલતા અટકી ગયા. મને સમજાયું નહિ કે આટલી મારામારી પછી યે ફેલુદા 'સારા નસીબે' કેમ બોલ્યા. મેં પૂછ્યું યે ખરું, 'સારા નસીબે? એટલે?'

ટૅક્સી તરફ જતાંજતાં એમણે કહ્યું, 'તે તને શું એમ લાગે છે કે આ બદમાસો આપણી પાસેથી ધમિજાની ઍટેચી ઉઠાવી ગયા છે?'

'તો પછી એ શું લઈ ગયા?' મને આશ્ચર્ય થયું.

'અરે, જે ગઈ એ તો હતી પ્રોપર્ટી ઑવ પ્રદોષ સી. મિત્તર. એમાં માત્ર કપડાંના ડૂચા અને જૂનાં છાપાં-ચોપાનિયાં જ ભર્યાં હતાં. તું કપડાં બદલવા ગયો ત્યારે મેં વન નાઈન સેવન પર ફોન કરી જાણી લીધું હતું કે ચાર બાય બે પ્રિટોરિયા સ્ટ્રીટમાં કોઈ ટેલિફોન જ નથી. જો કે એ નંબરનું કોઈ મકાન પણ નથી એ તો અહીં આવ્યા પછી જણાયું.'

મારા દિમાગમાં ફરી ઘોડા દોડવા લાગ્યા હતા. આનો અર્થ એ જ કે અમારે સિમલા જવું જ પડશે એમ મને ફરી લાગવા માંડ્યું હતું.

મોડી રાતે ઘેર પાછા આવ્યા પછી ફેલુદાએ દીનાનાથબાબુને ફોન કરી બની ગએલી ઘટનાની વાત કરી. તેઓ તો એ સાંભળી આભા જ બની ગયા. કહે, 'આવું થવાનો તો મને સ્વપ્નેય ખયાલ નહોતો. કલકત્તામાં તો આવું લગભગ રોજ થાય છે. તેથી એમ માની લઇએ કે કદાચ મવાલીઓએ તમારા હાથમાં ઍટેચી જોઈ તેમાં કંઈ માલ હશે એમ સમજીને તમારા પર તૂટી પડ્યા હોય. પણ તોય એક વાત તો રહી જ જાય છે કે પ્રિટોરિયા સ્ટ્રીટમાં ચાર બાય બે નંબરનું કોઈ મકાન જ નથી એ મુદ્દો બાકી જ રહે, એટલે કે મિ. પુરી અર્થાત મિ. ધમિજાએ સ્ટેશન પર મારા વિષે કરેલી પૂછપરછ એ બધું કેવળ જુઠાણું જ સમજવું ને? અને એમ જ હોય તો મને પેલો ફોન કોણે કર્યો?'

'એ જો જાણી શકાત તો તો તપાસ પતી જ ગઈ હોતને, મિ. લાહિડી?'

'પણ દાળમાં કંઈ કાળું હોવાની શંકા તમને કઈ રીતે થઈ?'

'મારા મનમાં થયું કે એ માણસે છેક રાતે તમને શા માટે ફોન કર્યો? ધમિજા તો ગઈ કાલના ગયા છે. તે પછી કાલે અને આજના આખા દિવસ દરમિયાન તેણે કેમ ફોન ન કર્યો?'

'હં! તો પછી હવે પેલો સિમલા જવાનો પ્લાન જ પાકો રાખવાનો છે. પણ આ-સમગ્ર ઘટનાએ જે વળાંક લીધો છે એ જોતાં તો તમને ત્યાં મોકલતાંય મને ડર લાગે છે.'

'તમે ફિકર ન કરો, મિસ્ટર લાહિડી' ફેલુદાએ હસીને કહ્યું, 'આ કેસ હવે નિરામિષ, મતલબ હવે સીધોસાદો નહિ કહી શકાય, હવે તો એમાં કાંદા-લસણની ખાસ્સી વાસ આવે છે, તેથી મને પણ હવે હામ બંધાઈ છે. નહિતર તમારા રૂપિયા લેતાં મને ખરેખર શરમ આવત. ખેર, પણ તમે હવે એક કામ કરો, તમારી ઍટેચીમાં શી શી ચીજો હતી એની એક યાદી મને મોકલી આપો. ઍટેચી પાછી લેતી વેળાએ મેળવી લેવી ઠીક પડશે.'

'એમાં ખાસ તો એવું કંઈ નહોતું એટલે આ કામ તો સહેલુંસટ છે. તમારી ટિકિટો વગેરે સાથે એ લિસ્ટ પણ મોકલી આપીશ.' (ચાલુ)

સાહિત્યસંપર્ક

બે મૂલ્યવાન અભ્યાસ-ગ્રંથો

સાત મહાકાવ્યો

આધુનિકતાની અધકચરી સમજને કારણે પ્રશિષ્ટતાથી વંચિત રહેવાનું ગૌરવ અનુભવતી પ્રજા ક્યારેય જેવારો પામી શકતી નથી. વિશ્વના સાચા આધુનિકોએ ક્યારેય પ્રશિષ્ટતાને અવગણી નથી. આ પ્રશિષ્ટતામાંથી જ પ્રયોગો પાંગરતા રહે છે, અને એથી આજ આવી દૃષ્ટિથી પ્રશિષ્ટતાનો અભ્યાસ થાય એ અનિવાર્ય છે.

પોતાના રજતજયંતી-વર્ષમાં 'કવિલોક' દ્વિમાસિકે આવું પ્રશસ્ય કામ કર્યું છે. વિશ્વનાં સાત ઉત્તમ મહાકાવ્યોને લગતા અભ્યાસ-લેખો અને એ મહાકાવ્યોના અંશોના અનુવાદોનો એક વિશેષાંક પ્રકટ કર્યો એ આપણી એક બહુ મોટી સાહિત્યિક ઘટના ગણાવી જોઇએ. આ અંકને 'કવિલોક ટ્રસ્ટે' પાકા પૂઠાની બંધાઈમાં 'સાત મહાકાવ્યો' (સંપાદક: ધીરુ પરીખ) શીર્ષકથી અલગ ગ્રંથ રૂપે પ્રકટ કરીને પણ એક પ્રશંસનીય કાર્ય કર્યું છે.

આ અભૂતપૂર્વ ગ્રંથમાં હોમરના 'ઇલિયડ' વિશે નલિન રાવળ, 'ઑડિસિ' વિશે ભોળાભાઈ પટેલ, વર્જિલના 'ઈનીડ' વિષે નિરંજન ભગત, ડૅન્ટિના 'ડિવાઈન કૉમેડિ' વિષે ધીરુ પરીખ, મિલ્ટનના 'પૅરૅડાઈઝ લૉસ્ટ' વિશે મધુસૂદન પારેખ અને દિગીશ મહેતા, 'રામાયણ' વિષે ચી. ના. પટેલ તથા ચંદ્રકાન્ત શેઠ અને 'મહાભારત' વિશે અનંતરાય રાવળ તથા કે. કા. શાસ્ત્રીના સવિગત અભ્યાસપૂર્ણ લેખોનો સમાવેશ છે. આમાં રજૂ થએલાં સાતેય સુપ્રસિદ્ધ મહાકાવ્યનો કથાસાર, તેના કવિ વિશેની અધિકૃત માહિતી તેમજ એ દરેક મહાકાવ્યનાં રસાસ્વાદન પણ આ અભ્યાસી લેખકવૃંદે પોતાના લેખોમાં આવરી લીધાં છે. આ ઉપરાંત, આ ગ્રંથમાં અપાએલી આર્ટપ્લેટો તથા દરેક લેખના અંતે જે તે મહાકાવ્ય વિશેની મહત્ત્વની સંદર્ભ-સૂચિ આ પ્રકાશનમાં સચિત્રતા તથા ઉપયોગિતાનું ઉમેરણ કરે છે. અમને ખયાલ છે ત્યાંસુધી વિશ્વનાં આ ઉત્તમ મહાકાવ્યો વિશે આપણે ત્યાં એક સાથે આટલી વિગતપૂર્ણ અને વિપુલ સામગ્રી કદાચ આ પહેલી જ વાર આવી સુંદર રીતે રજૂઆત પામી છે.

આ મૂલ્યવાન અભ્યાસ-સામગ્રીને આ રીતે ગ્રંથસ્થ કરીને પોતાના રજતજયંતી પર્વની ઉજવણી કરવાનો 'કવિલોક'નો આ પ્રયાસ પ્રશસ્ય છે એટલું જ નહિ, આપણા નવસર્જકોને પણ એ અવશ્ય પ્રેરણાદાયી બની રહેશે, ને ભાવકોની કાવ્યરુચિ ઘડવામાં પણ ઉપકારક થઈ પડશે. ૩૦૦ પૃષ્ઠના દળદાર અને પાકી બંધાઈના આ સચિત્ર ગ્રંથની રૂ. ૨૪ (રજિ. ટપાલ ખર્ચ ૪/- રૂ. અલગ) કિંમત પણ આ ગ્રંથનું મહત્ત્વ જોતાં વધુ પડતી નહિ જ ગણાય. આપણી શાળા-મહાશાળાઓ અને કાવ્યરસિકોના અંગત ગ્રંથસંગ્રહમાં અવશ્ય સ્થાન પામવા યોગ્ય આ પ્રકાશનને આવકારતાં આનંદ થાય એ સ્વાભાવિક છે.

રાજેન્દ્ર શાહ – અધ્યયન ગ્રંથ

અનુગાંધીયુગના મોટા અને મહત્ત્વના કવિ શ્રી રાજેન્દ્ર શાહના ૭૧મા વર્ષપ્રવેશ સમયે 'જયવદન તકતાવાલા સાંસ્કૃતિક પ્રવૃત્તિ' (મુંબઇ) તરફથી કવિની કવિતા વિષે એક અધ્યયન-ગ્રંથ પ્રકટ કર્યો છે. રાજેન્દ્ર શાહ વિશે આ પૂર્વે આટલી સંખ્યામાં એકસાથે આ પ્રકારના અભ્યાસ-લેખો પ્રકટ થયા નથી, એથી આ ગ્રંથનો મહિમા ઓર વધે છે.

કવિ રાજેન્દ્ર શાહની કવિતાનો સર્વાંગી અભ્યાસ સુલભ બને એ દૃષ્ટિએ આ ગ્રંથના સંપાદકો શ્રી નિરંજન ભગત અને શ્રી ધીરુ પરીખે ગ્રંથનું આયોજન કર્યું છે. રાજેન્દ્ર શાહની કવિતાનાં સ્વરૂપો-સૉનેટ, ગીત, સંવાદકાવ્યો વગેરે, એના વિષયો-અધ્યાત્મ, ભક્તિ, પ્રકૃતિ ઇત્યાદિ, અભિવ્યક્તિગત અંશો-છંદોવિધાન, કલ્પન-પ્રતીક; કાવ્યની બાની, પ્રશિષ્ટતા આદિ વિષયો પર એમની કવિતાના અભ્યાસીઓ-સર્વશ્રી ઉમાશંકર જોશી, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, સુંદરમ્, અનંતરાય રાવળ, જયન્ત પાઠક, ઉશનસ્, ભોળાભાઈ પટેલ, રઘુવીર ચૌધરી, ચન્દ્રકાન્ત શેઠ, દિનેશ કોઠારી, વ્રજલાલ દવે, પિનાકિન્ ઠાકોર, રમેશ જાની, વાડીલાલ ડગલી, નિરંજન ભગત અને ધીરુ પરીખ – એ દૃષ્ટિપૂર્વક આ લેખો તૈયાર કર્યા છે તે સહેજે જણાઈ આવે છે. રાજેન્દ્ર શાહનો કવિવિશેષ પ્રકટ કરતી એમની કેટલીક સુંદર કાવ્યરચનાઓ — 'આયુષ્યના અવશેષે', 'શ્રાવણી મધ્યાહ્નને', 'હરિ તારાં ઘટના મંદિરિયામાં બેસણાં હો જી', 'કેવડિયાનો કાંટો', 'પદ્માવતી', 'ભૂલેશ્વરમાં એક રાત' વિશે આ ગ્રંથમાં કેટલાક મહત્ત્વના આસ્વાદલેખોનો પણ સમાવેશ છે. આ ઉપરાંત, કવિના કાવ્યસર્જન પાછળની પ્રેરણા-પ્રક્રિયાની પશ્ચાદ્ભૂને પ્રકટ કરતી એમની સાથેની પ્રશ્નોત્તરી એ પણ આ ગ્રંથનું એક મહત્ત્વનું અંગ બની રહે છે.

સંકલિત કવિતા

શ્રી રાજેન્દ્ર શાહનાં કાવ્યો એટલે લયમાધુર્ય અને અનન્ય અર્થગૌરવથી સમૃદ્ધ તથા વિષયવૈવિધ્ય અને અવનવીન રચનારીતિથી સભર સર્જન. છેલ્લા ચારેક દાયકાથી એમણે વહેતો કરેલો આ મધુર કલનાદ કવિતાચાહકોના હૃદયમાં સદાય ગુંજતો રહેવાની ક્ષમતાથી પૂર્ણ છે. એમનું કાવ્યસર્જન ગુજરાતી કવિતાના ઇતિહાસનું એક આગવું પ્રકરણ છે. એમનાં આ કાવ્યો 'ધ્વનિ'થી આરંભી 'દ્વાસુપર્ણા' સુધીના જુદાજુદા સોળ કાવ્યસંગ્રહોમાં સંગ્રહિત થએલાં છે. આ બધાં—૧૨૧૮ જેટલાં કાવ્યોનું 'સંકલિત કવિતા'ના રૂપમાં શ્રી નિરંજન ભગત તથા શ્રી ધીરુ પરીખે સંકલન કર્યું છે. કવિ તેમજ કવિતાના ચાહકો તો આ સંકલનગ્રંથને અવશ્ય આવકારશે જ, ઉપરાંત, કવિતાના અભ્યાસીઓ માટે પણ એ એક બહુ ઉપકારક પ્રકાશન બની રહેશે. શ્રી ઉમાશંકર જોશીના 'સમગ્ર કવિતા' પછી એ પ્રકારનું આ બીજું કાવ્યસંકલન ગુજરાતી કાવ્યક્ષેત્રની વર્તમાન પ્રવૃત્તિઓમાં એક ગૌરવપ્રદ કાર્ય ગણાશે. એને આવકારતાં આનંદની જ અનુભૂતિ થાય.

(પ્રકાશક: જયવદન તક્તાવાલા સાંસ્કૃતિક પ્રવૃત્તિ-મુંબઈ. કાપડ મઢ્યું પાકું પૂઠું, પૃ. ૧૦૬૦, કિં. ૯૦/- રૂપિયા, રજિ. પોસ્ટેજ રૂપિયા ૮/- અલગ.)

આ જ રીતે પિનાકિન્ ઠાકોરે રજૂ કરેલાં કવિ વિશેનાં સંસ્મરણોમાંથી અંગતતાની સુગંધ સાથે પ્રાપ્ત થતી કેટલીક હકીકતો પણ તેના દસ્તાવેજી મૂલ્યને કારણે મહત્ત્વભરી બને છે. ગ્રંથના અંતમાં આપેલી કવિના જીવનઘટનાક્રમની સાલવારીનું પણ આ દૃષ્ટિએ એટલું જ મહત્ત્વ છે. આ સંસ્મરણો, પ્રશ્નોત્તરી ને સાલવારી સહિત ૨૩૯ પૃષ્ઠમાં વિસ્તૃત સત્તર લેખોના અભ્યાસથી કવિશ્રી રાજેન્દ્ર શાહના કવિ-વ્યક્તિત્વનો સમ્યક્ ખયાલ આપતો આ ગ્રંથ, કવિતા-રસિક જનો તેમજ ગુજરાતી કવિતાના અભ્યાસીઓ માટે અવશ્ય મૂલ્યવાન બની રહેશે. નૅચરલ શૅડના ભારે કાગળ પર સુઘડ છપાઈ અને પાકી બંધાઇને લીધે ગ્રંથનો સમગ્ર પ્રભાવ પણ કવિશ્રીના વ્યક્તિત્વને છાજે તેવો ગૌરવવંતો હોઈ આ પ્રકાશન આગવી ભાત પાડે છે. રાજેન્દ્ર શાહની કવિતાનો આ અભ્યાસ સહુ કવિતા-રસિકોનું રસસંતર્પણ કરશે એવી તેના સંપાદકોએ સેવેલી આશા સર્વથા સાચી ઠરવે તેવા આ પ્રકાશનને અમે આનંદપૂર્વક આવકારીએ છીએ.

(કિં. ૩૦ રૂ., રજિ. પોસ્ટેજ રૂ. ૪)

[આ ત્રણે પ્રકાશનોનું પ્રાપ્તિસ્થાન: કુમાર કાર્યાલય લિમિ., ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ–૩૮૦ ००૧]

સાહિત્યસંપર્ક

બે મૂલ્યવાન અભ્યાસ-ગ્રંથો

સાત મહાકાવ્યો

આધુનિકતાની અધકચરી સમજને કારણે પ્રશિષ્ટતાથી વંચિત રહેવાનું ગૌરવ અનુભવતી પ્રજા ક્યારેય જેવારો પામી શકતી નથી. વિશ્વના સાચા આધુનિકોએ ક્યારેય પ્રશિષ્ટતાને અવગણી નથી. આ પ્રશિષ્ટતામાંથી જ પ્રયોગો પાંગરતા રહે છે, અને એથી આજ આવી દૃષ્ટિથી પ્રશિષ્ટતાનો અભ્યાસ થાય એ અનિવાર્ય છે.

પોતાના રજતજયંતી-વર્ષમાં 'કવિલોક' દ્વિમાસિકે આવું પ્રશસ્ય કામ કર્યું છે. વિશ્વનાં સાત ઉત્તમ મહાકાવ્યોને લગતા અભ્યાસ-લેખો અને એ મહાકાવ્યોના અંશોના અનુવાદોનો એક વિશેષાંક પ્રકટ કર્યો એ આપણી એક બહુ મોટી સાહિત્યિક ઘટના ગણાવી જોઈએ. આ અંકને 'કવિલોક ટ્રસ્ટ' પાકા પૂઠાની બંધાઈમાં 'સાત મહાકાવ્યો' (સંપાદક: ધીરુ પરીખ) શીર્ષકથી અલગ ગ્રંથ રૂપે પ્રકટ કરીને પણ એક પ્રશંસનીય કાર્ય કર્યું છે.

આ અભૂતપૂર્વ ગ્રંથમાં હોમરના 'ઇલિયડ' વિશે નલિન રાવળ, 'ઑડિસિ' વિશે ભોળાભાઈ પટેલ, વર્જિલના 'ઈનીડ' વિષે નિરંજન ભગત, ડૅન્ટિના 'ડિવાઈન કૉમેડિ' વિષે ધીરુ પરીખ, મિલ્ટનના 'પૅરૅડાઈઝ લૉસ્ટ' વિશે મધુસૂદન પારેખ અને દિગીશ મહેતા, 'રામાયણ' વિષે ચી. ના. પટેલ તથા ચંદ્રકાન્ત શેઠ અને 'મહાભારત' વિશે અનંતરાય રાવળ તથા કે. કા. શાસ્ત્રીના સવિગત અભ્યાસપૂર્ણ લેખોનો સમાવેશ છે. આમાં રજૂ થએલાં સાતેય સુપ્રસિદ્ધ મહાકાવ્યનો કથાસાર, તેના કવિ વિશેની અધિકૃત માહિતી તેમજ એ દરેક મહાકાવ્યનાં રસાસ્વાદન પણ આ અભ્યાસી લેખકવૃંદે પોતાના લેખોમાં આવરી લીધાં છે. આ ઉપરાંત, આ ગ્રંથમાં અપાએલી આર્ટપ્લેટો તથા દરેક લેખના અંતે જે તે મહાકાવ્ય વિશેની મહત્ત્વની સંદર્ભ-સૂચિ આ પ્રકાશનમાં સચિત્રતા તથા ઉપયોગિતાનું ઉમેરણ કરે છે. અમને ખયાલ છે ત્યાં સુધી વિશ્વનાં આ ઉત્તમ મહાકાવ્યો વિશે આપણે ત્યાં એક સાથે આટલી વિગતપૂર્ણ અને વિપુલ સામગ્રી કદાચ આ પહેલી જ વાર આવી સુંદર રીતે રજૂઆત પામી છે.

આ મૂલ્યવાન અભ્યાસ-સામગ્રીને આ રીતે ગ્રંથસ્થ કરીને પોતાના રજતજયંતી પર્વની ઉજવણી કરવાનો 'કવિલોક'નો આ પ્રયાસ પ્રશસ્ય છે એટલું જ નહિ, આપણા નવસર્જકોને પણ એ અવશ્ય પ્રેરણાદાયી બની રહેશે, ને ભાવકોની કાવ્યરુચિ ઘડવામાં પણ ઉપકારક થઈ પડશે. ૩૦૦ પૃષ્ઠના દળદાર અને પાકી બંધાઈના આ સચિત્ર ગ્રંથની રૂ. ૨૪ (રજિ. ટપાલ ખર્ચ ૪/- રૂ. અલગ) કિંમત પણ આ ગ્રંથનું મહત્ત્વ જોતાં વધુ પડતી નહિ જ ગણાય. આપણી શાળા-મહાશાળાઓ અને કાવ્યરસિકોના અંગત ગ્રંથસંગ્રહમાં અવશ્ય સ્થાન પામવા યોગ્ય આ પ્રકાશનને આવકારતાં આનંદ થાય એ સ્વાભાવિક છે.

રાજેન્દ્ર શાહ – અધ્યયન ગ્રંથ

અનુગાંધીયુગના મોટા અને મહત્ત્વના કવિ શ્રી રાજેન્દ્ર શાહના ૭૧મા વર્ષપ્રવેશ સમયે 'જયવદન તકતાવાલા સાંસ્કૃતિક પ્રવૃત્તિ' (મુંબઇ) તરફથી કવિની કવિતા વિષે એક અધ્યયન-ગ્રંથ પ્રકટ કર્યો છે. રાજેન્દ્ર શાહ વિશે આ પૂર્વે આટલી સંખ્યામાં એકસાથે આ પ્રકારના અભ્યાસ-લેખો પ્રકટ થયા નથી, એથી આ ગ્રંથનો મહિમા ઓર વધે છે.

કવિ રાજેન્દ્ર શાહની કવિતાનો સર્વાંગી અભ્યાસ સુલભ બને એ દૃષ્ટિએ આ ગ્રંથના સંપાદકો શ્રી નિરંજન ભગત અને શ્રી ધીરુ પરીખે ગ્રંથનું આયોજન કર્યું છે. રાજેન્દ્ર શાહની કવિતાનાં સ્વરૂપો-સૉનેટ, ગીત, સંવાદકાવ્યો વગેરે, એના વિષયો-અધ્યાત્મ, ભક્તિ, પ્રકૃતિ ઇત્યાદિ, અભિવ્યક્તિગત અંશો-છંદોવિધાન, કલ્પન-પ્રતીક; કાવ્યની બાની, પ્રશિષ્ટતા આદિ વિષયો પર એમની કવિતાના અભ્યાસીઓ-સર્વશ્રી ઉમાશંકર જોશી, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, સુંદરમ્, અનંતરાય રાવળ, જયન્ત પાઠક, ઉશનસ્, ભોળાભાઈ પટેલ, રઘુવીર ચૌધરી, ચન્દ્રકાન્ત શેઠ, દિનેશ કોઠારી, વ્રજલાલ દવે, પિનાકિન્ ઠાકોર, રમેશ જાની, વાડીલાલ ડગલી, નિરંજન ભગત અને ધીરુ પરીખ – એ દૃષ્ટિપૂર્વક આ લેખો તૈયાર કર્યા છે તે સહેજે જણાઈ આવે છે. રાજેન્દ્ર શાહનો કવિવિશેષ પ્રકટ કરતી એમની કેટલીક સુંદર કાવ્યરચનાઓ—'આયુષ્યના અવશેષે', 'શ્રાવણી મધ્યાહ્નને', 'હરિ તારાં ઘટના મંદિરિયામાં બેસણાં હો જી', 'કેવડિયાનો કાંટો', 'પદ્માવતી', 'ભૂલેશ્વરમાં એક રાત' વિશે આ ગ્રંથમાં કેટલાક મહત્ત્વના આસ્વાદલેખોનો પણ સમાવેશ છે. આ ઉપરાંત, કવિના કાવ્યસર્જન પાછળની પ્રેરણા-પ્રક્રિયાની પશ્ચાદ્ભૂને પ્રકટ કરતી એમની સાથેની પ્રશ્નોત્તરી એ પણ આ ગ્રંથનું એક મહત્ત્વનું અંગ બની રહે છે.

સંકલિત કવિતા

શ્રી રાજેન્દ્ર શાહનાં કાવ્યો એટલે લય-માધુર્ય અને અનન્ય અર્થગૌરવથી સમૃદ્ધ તથા વિષયવૈવિધ્ય અને અવનવીન રચના-રીતિથી સભર સર્જન. છેલ્લા ચારેક દાયકાથી એમણે વહેતો કરેલો આ મધુર કલનાદ કવિતા-ચાહકોના હૃદયમાં સદાય ગુંજતો રહેવાની ક્ષમતાથી પૂર્ણ છે. એમનું કાવ્યસર્જન ગુજરાતી કવિતાના ઇતિહાસનું એક આગવું પ્રકરણ છે. એમનાં આ કાવ્યો 'ધ્વનિ'થી આરંભી 'દ્વાસુપર્ણા' સુધીના જુદાજુદા સોળ કાવ્યસંગ્રહોમાં સંગ્રહિત થએલાં છે. આ બધાં—૧૨૧૮ જેટલાં કાવ્યોનું 'સંકલિત કવિતા'ના રૂપમાં શ્રી નિરંજન ભગત તથા શ્રી ધીરુ પરીખે સંકલન કર્યું છે. કવિ તેમજ કવિતાના ચાહકો તો આ સંકલનગ્રંથને અવશ્ય આવકારશે જ, ઉપરાંત, કવિતાના અભ્યાસીઓ માટે પણ એ એક બહુ ઉપકારક પ્રકાશન બની રહેશે. શ્રી ઉમાશંકર જોશીના 'સમગ્ર કવિતા' પછી એ પ્રકારનું આ બીજું કાવ્યસંકલન ગુજરાતી કાવ્યક્ષેત્રની વર્તમાન પ્રવૃત્તિઓમાં એક ગૌરવપ્રદ કાર્ય ગણાશે. એને આવકારતાં આનંદની જ અનુભૂતિ થાય.

(પ્રકાશક: જયવદન તકતાવાલા સાંસ્કૃતિક પ્રવૃત્તિ-મુંબઈ. કાપડ મઢ્યું પાકું પૂઠું, પૃ. ૧૦૬૦, કિં. ૯૦/- રૂપિયા, રજિ. પોસ્ટેજ રૂપિયા ૮/- અલગ.)

આ જ રીતે પિનાકિન્ ઠાકોરે રજૂ કરેલાં કવિ વિશેનાં સંસ્મરણોમાંથી અંગતતાની સુગંધ સાથે પ્રાપ્ત થતી કેટલીક હકીકતો પણ તેના દસ્તાવેજી મૂલ્યને કારણે મહત્ત્વભરી બને છે. ગ્રંથના અંતમાં આપેલી કવિના જીવનઘટનાક્રમની સાલવારીનું પણ આ દૃષ્ટિએ એટલું જ મહત્ત્વ છે. આ સંસ્મરણો, પ્રશ્નોત્તરી ને સાલવારી સહિત ૨૩૯ પૃષ્ઠમાં વિસ્તૃત સત્તર લેખોના અભ્યાસથી કવિશ્રી રાજેન્દ્ર શાહના કવિ-વ્યક્તિત્વનો સમ્યક્ ખયાલ આપતો આ ગ્રંથ, કવિતા-રસિક જનો તેમજ ગુજરાતી કવિતાના અભ્યાસીઓ માટે અવશ્ય મૂલ્યવાન બની રહેશે. નૅચરલ શૅડના ભારે કાગળ પર સુઘડ છપાઈ અને પાકી બંધાઇને લીધે ગ્રંથનો સમગ્ર પ્રભાવ પણ કવિશ્રીના વ્યક્તિત્વને છાજે તેવો ગૌરવવંતો હોઈ આ પ્રકાશન આગવી ભાત પાડે છે. રાજેન્દ્ર શાહની કવિતાનો આ અભ્યાસ સહુ કવિતા-રસિકોનું રસ-સંતર્પણ કરશે એવી તેના સંપાદકોએ સેવેલી આશા સર્વથા સાચી ઠરવે તેવા આ પ્રકાશનને અમે આનંદપૂર્વક આવકારીએ છીએ.

(કિં. ૩૦ રૂ., રજિ. પોસ્ટેજ રૂ. ૪)

[આ ત્રણે પ્રકાશનોનું પ્રાપ્તિસ્થાન: કુમાર કાર્યાલય લિમિ., ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦ ૦૦૧]

અનુસંધાન] **ફ્લૉરેન્સ નાઇટિંગેલ** [પૃષ્ઠ ૩૨થી

માથે સફેદ ટોપી અને કાળા ઘેરદાર પોશાકમાં સજ્જ અને હાથમાં દીવો લઇને દર્દીની પથારીઓની હાર વચ્ચે તેમના ખબરઅંતર પૂછતી જતી તેની લાંબી પાતળી દેહકાઠીની આકૃતિ પ્રત્યેક સૈનિકના હૃદયમાં સઆદર મઢાઈ ગઈ હતી. એ સૌ તેને 'ધ લૅડી ઑવ ધ લૅમ્પ'ના હુલામણા નામે ઓળખતા, અને એ જ નામે એ અમર છે.

હૉસ્પિટલો વગેરેમાં સુધારણા કર્યા પછી ફ્લૉરેન્સે બ્રિટિશ સૈનિકોને નવરાશનો વખત ગાળવા રમતગમતો, પુસ્તકો, કાફે વગેરે અંગે બંદોબસ્ત કરવાનું કામ ઉપાડ્યું. ઘરથી ઉઝરડાઇને જોજનો દૂર છાવણીઓમાં કડક શિસ્ત નીચે રહેતા સૈનિકોને આજે યે જે એક મોટા આશીર્વાદ રૂપ લાગે છે એવી આ સગવડ અનેક અગવડો અને હાડમારી ભોગવતા એ સમયનાં સૈનિકો માટે કેટલું મોટું આશ્વાસન બની હશે તે સહેજે સમજી શકાય તેમ છે. પરંતુ તેના એ કાર્યનો તો ઘણા અમલદારોએ વિરોધ કરેલો. તેમને લાગતું કે એવા લાડ લડાવવાથી સૈનિકો એશઆરામના ચાહક બની જઈ એમનો લડાયક જુસ્સો મંદ પડી જશે. પણ એવું કંઈ ન બનતાં નવરા સૈનિકો તેમાં રસ લેવા માંડતાં તેમનામાં નશાખોરીનું પ્રમાણ પણ ઘટી ગયું, એટલું જ નહિ, એ રીતે બચત કરીને કેટલાક તો દેશમાં પોતાના કુટુંબીઓને પણ બે પૈસા મોકલવા લાગ્યા. અલબત્ત, એમને આવું સુઝાડનાર પણ ફ્લૉરેન્સ જ હતી. અને આમ, માનસિક રીતે સ્વસ્થ બનતા સૈનિકો પોતાની ફરજોના પાલનમાં પણ વધુ શિસ્ત પાળતા થયા.

આ ઉપરાંત, ફ્લૉરેન્સે મોરચાની આગલી હરોળોની પણ મુલાકાત લીધી. તેણે જોયું કે એ સૈનિકો માટે તાલીમ અને હથિયારો જેટલાં મહત્ત્વનાં હતાં એટલી જ જરૂર તેમને ગરમાગરમ ખોરાક મળે તેની પણ હતી. આ રીતે એણે આગલા મોરચે ત્રણ ખેપ કરેલી, એને એ દરેક વેળા એણે ત્યાં પણ કંઈ ને કંઈ નવા સુધારા કરેલા. પણ પછી તો એ પોતે જ માંદગીમાં પટકાઈ. જે તાવમાંથી એ અને એની સાથી નર્સોએ સંખ્યાબંધ માંદા સૈનિકોને બેઠા કરેલા એ તાવ એને જ લાગુ પડ્યો, અને અમુક સમય તો એના બચવાની યે આશા રહી નહોતી. પણ અંતે એ એમાંથી સાજી તો થઈ ગઈ, પરંતુ તેમાં તેના સુંદર વાળ ખરી પડ્યા, અને એની પહેલાંની સ્ફૂર્તિ તથા જુસ્સો રહ્યાં નહિ. અસલની ફ્લૉરેન્સ નાઇટગેલ હવે એ રહી જ નહિ.

માંદગીમાંથી એ બચી ગયા બાદ ઇંગ્લૅન્ડમાં લોકોએ જાહેરમાં આભારદર્શનની પ્રાર્થનાઓ યોજી હતી. ખુદ મહારાણીએ તેને લખેલું કે, '...તમે જ્યારે અહીં પાછાં આવશો ત્યારે આપણી સ્ત્રી જાતિમાં એક ઉત્તમ આદર્શ પૂરો પાડનાર તમને મળતાં મને અત્યંત આનંદ થશે.' અને છેલ્લે સહી કરતાં તેણે લખ્યું, 'તમારા બહુમૂલ્ય સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરતી સદાની તમારી વિક્ટોરિયા....'

આ માંદગી અને તેથી આવેલી નબળાઈ છતાં યુદ્ધના અંત પછી ૧૮૫૬ના જુલાઈમાં છેલ્લા બ્રિટિશ સૈનિકો મોરચા પરથી પાછા ફર્યા ત્યાં સુધી ફ્લૉરેન્સે ત્યાંની પોતાની કામગીરી છોડી નહોતી. અહીં સ્વદેશમાં એના ભવ્ય સ્વાગત માટે લોકો થનગની રહ્યા હતા ત્યારે એ તો ગૂપચૂપ બીજા જ માર્ગે પોતાને ઘેર પહોંચી ગઈ હતી. અંતે સપ્ટેમ્બર માસમાં બાલ્મોરલમાં રાણીએ એનું જાહેર સ્વાગત કર્યું હતું.

ક્રીમિયાનું તેનું કાર્ય એ તો માત્ર આરંભ હતો. ત્યાંથી આવ્યા બાદ એણે પોતાના સિદ્ધાંતો પ્રમાણે ઇંગ્લૅન્ડની નાગરિક હૉસ્પિટલોની સુધારણાનું કાર્ય ઉપાડ્યું. હકીકતે ઇંગ્લૅન્ડમાં આધુનિક નર્સિંગ પદ્ધતિની એ સ્થાપક હતી.

યુદ્ધ દરમિયાન તેની ઉમદા સેવાની કદર રૂપે દેશના લોકોએ પચાસ હજાર પાઉન્ડનો ફાળો એકત્ર કરીને તેને અર્પણ કર્યો હતો. આ રકમમાંથી તેણે સેન્ટ ટૉમસ હૉસ્પિટલમાં 'નાઇટિંગેલ હોમ ફૉર ટ્રેઇનિંગ નર્સિસ' નામે એક શાળા સ્થાપી. પણ હજી યે તે લશ્કરના મેડિકલ દળના કાર્યમાં અને સૈનિકો માટેની હૉસ્પિટલની વ્યવસ્થામાં સક્રિય રસ લેતી હતી. ૧૮૫૮માં એણે બ્રિટિશ સૈનિકોનું આરોગ્ય, ફરજપાલનમાં એમની અસરકારતા અને એમની હૉસ્પિટલોના સંચાલન અંગે ૮૦૦ પાનાંનો એક વિસ્તૃત અહેવાલ પ્રકટ કર્યો, જેના પરિણામે લશ્કરમાં સૈનિકોના સ્વાસ્થ્ય અંગે તપાસ કરવા એક ખાસ સમિતિ નિમાઈ હતી. હિંદુસ્તાનમાં ૧૮૫૭માં અંગ્રેજો સામે થએલા બંડ વખતે તેને અહીં આવવાની ઇચ્છા થએલી, પણ એ તો બની શક્યું નહિ. છતાં ત્યાં રહીને પણ તેણે અહીંના સૈન્યના સ્વાસ્થ્ય અને આરોગ્ય અંગે ઊંડો રસ દાખવેલો, અને આ અંગે તે સેક્રેટરી ઑવ સ્ટેટ ફૉર ઇન્ડિયા તથા અહીંના ઉચ્ચ અમલદારોના સતત સંપર્કમાં રહેલી.

પણ સક્રિયતાના તેના દિવસો હવે પૂરા થયા હતા. પણ જેમાં તે અગ્રચારી બની હતી તે કાર્યોની સિદ્ધિ તે જોવા પામી હતી. ઇંગ્લૅંડમાં જ નહિ, પણ દુનિયાભરની હૉસ્પિટલોમાં એણે પ્રસારેલી રીતે ઘણા સુધારા થયા હતા અને નર્સિંગને હવે એક મોભાદાર વ્યવસાયની પ્રતિષ્ઠા મળી હતી. મહારાણીએ તેને વધાવી હતી અને પોતાની મિત્ર ગણી હતી. ઈ. ૧૯૦૭માં ઇંગ્લૅન્ડના રાજાએ તેને 'ઑર્ડર ઑવ મેરિટ'ના માનથી નવાજી. આ માન પામનાર એ સૌપ્રથમ સ્ત્રી હતી. બીજા જ વર્ષે તેને 'ફ્રીડમ ઑવ ધ સિટી ઑવ લંડન'નું માન અપાયું ત્યારે તો એ આયખાનાં નેવું વર્ષના આરે પહોંચવા આવી હતી. એની સ્મૃતિ અને દૃષ્ટિ હવે એટલી મંદ પડી ગઈ હતી, કે આ બહુમાનોનું પૂરું મહત્ત્વ પણ પ્રમાણવા જેવી શક્તિ કદાચ તેનામાં રહી નહોતી. અંતે ૧૯૧૦માં ૧૩ ઑગસ્ટે તેનું અવસાન થયું, પરંતુ તે અગાઉ પોતે કરેલાં કાર્યોનાં સુફળ જોયાનો તેને સંતોષ હતો.

–બિ.

ઇતિહાસ-ધારા

અશોક હર્ષ

જેની દિલ્હીની કત્લેઆમ આજ પણ રોમાંચ પ્રેરે છે એ ઇરાનનો નાદિરશાહ ખુરાસાનના એક તુર્ક ભરવાડનો દીકરો હતો. ઈરાનની ગાદી પચાવી પાડ્યા પછી ઈ. ૧૭૩૯માં એણે ભારત પર ચડાઈ કરી દિલ્હી જીત્યું અને તેને આગ ચાંપી ત્યાં કત્લેઆમ ચલાવી.

દિલ્હીના લોકો આ કત્લના માતમમાં હજુ ડૂબેલા હતા ત્યાં નાદિરે પોતાના પુત્ર નસરુલ્લાહ માટે એક મુગલ શાહજાદીની માગણી કરી. એ મુગલ શાહજાદી હતી સમ્રાટ ઔરંગઝેબની દૌહિત્રીની અને યઝદાનબક્ષીની દીકરી. બંનેનાં લગ્ન નક્કી થતાં મુગલ રિવાજ મુજબ વરકન્યાએ પોતાની સાત પેઢીની ઓળખાણ આપવાની આવી, કન્યાપક્ષે તો પોતાની ઓળખાણ આપી દીધી, પરંતુ નસરુલ્લાહની સાત પેઢીની ઓળખાણ એવી રાજવંશી તો હતી નહિ એથી એ મૂંઝાયો ત્યાં જ નાદિરશાહ બોલી ઊઠ્યો, એમને કહો કે એ ફરજંદે શમશીર નાદિરશાહનો પુત્ર છે, શમશીરનો પ્રપૌત્ર છે અને તેની સાત તો શું સિત્તેર પેઢી શમશીરમાંથી ઊતરી આવી છે.'

ઇંદોરના મહારાજા શિવાજીરાવ હોળકરને ભારતના ત્યારના વાઈસરૉય લૉર્ડ કર્ઝને ઇ. ૧૯૦૩માં એવા બહાને ગાદી છોડાવી ને તેમના પુત્રને તે આપવાના ફરજ પાડેલી કે મહારાજા શિવાજીરાવ મગજના અસ્થિર હતા. આ પછી બે વર્ષ રહીને લૉર્ડ કર્ઝન અને ભારતના સર સેનાપતિ લૉર્ડ કિચનર વચ્ચે એવો ઝઘડો જાગ્યો કે બેમાંથી એકને ભારતમાંથી ખસેડ્યા સિવાય છૂટકો ન રહ્યો. ઇંગ્લૅંડ પરની ત્યારની રૂઢિચુસ્ત સરકારે લૉર્ડ કિચનરને કચવાવવા કરતાં લૉર્ડ કર્ઝનને જ પાછા બોલાવી લેવાનું નક્કી કર્યું. વાઈસરૉય-પદેથી ભ્રષ્ટ થયેલા લૉર્ડ કર્ઝન ઇંગ્લૅંડ પાછા ફરવા મુંબઈ પહોંચ્યા ત્યાં મહારાજા શિવાજીરાવ હોળકરનો તાર તેને મળ્યો કે, 'એક પદભ્રંષ્ટ તરફથી બીજા પદભ્રષ્ટને અભિવાદન.'

કાર્ય કર, કાર્ય કર, કાર્ય કર સતત તું,
કાર્ય વિણ જગતમાં કો ન મુક્તિ.

— ખબરદાર

એક જણને કોઈ માણસ વિષે ખૂબ ગાળો ને ગુસ્સાપૂર્વક બોલતો સાંભળી લિંકને તેને કહ્યું કે આમ બખાળા કાઢવા કરતાં તમારો રોષ તેને ઉદ્દેશીને એક પત્રમાં લખી કાઢો. પેલાએ એવો કાગળ લખીને લિંકનને વંચાવતાં તેણે તેમાં ઊતરેલી કડકાઈનાં વખાણ કર્યાં. લખનારે ખુશ થઇને પૂછ્યું, 'હવે આ એને મોકલવો કેવી રીતે?'

'મોકલવો?' લિંકને કહ્યું: 'હું તો કદી એવા કાગળ મોકલતો નથી. માત્ર એ રીતે મનનું ઝેર કાઢી નાખું છું, ને એથી ઘણો લાભ થાય છે.'

કહેવતોના અર્થ : ગધેડાં ચાલે બાર ગાઉ, તો કુંભાર ચાલે ચૌદ ગાઉ' – કેમ કે ગધેડાંને નાથ કે લગામ હોય નહિ, એટલે તે આડાં-અવળાં ચાલે. તેમને એકઠાં ચાલતાં કરવાને કુંભારને વારંવાર આમતેમ દોડીને સરખાં ચલાવવાં જ પડે, આમ એને વધારે પલ્લો કાપવો પડે. મૂરખ માણસોને પાલવવામાં, એને સમજાવવામાં પડતી તકલીફ નિર્દેશવા આ કહેવત વપરાય છે.



ટિકિટકથા : બ્રિટિશ ગાએના એ એક કાળે ઇસેક્વીબો, ડેનમેરારા ને બર્બિસ નામે ઓળખાતા ત્રણ પ્રદેશના જોડાણથી બનેલો પ્રદેશ છે. એ જોડાણની શતાબ્દી નિમિત્તે ઈ. ૧૯૩૧માં જે ટપાલટિકિટ બહાર પડેલી તેના પર ઉપર દર્શાવ્યા પ્રમાણે તીરકામઠા વડે માછલી મારતા અમેરિન્ડિનયનું આલેખન હતું. આ જ આલેખન ફરી ઈ. ૧૯૩૪માં પંચમ જ્યૉર્જના સમયમાં બહાર પડેલી ચિત્રમય ટિકિટોની એક હારમાળામાં પણ વપરાએલું. અને તે પછી ૧૯૩૮ તથા ૧૯૫૪માં બ્રિટિશ રાજવીની છબિના ફેરફાર સાથે ફરી ફરી વપરાએલું. પણ તીરંદાજી એ એક લોકપ્રિય રમત બન્યા પછી આ આલેખનમાં તીર મારતા આદિવાસીનો પેંતરો ટીકાસ્પદ બન્યો. તેનો જમણો પગ ડાબા પગની આગળ છે એ સ્થિતિમાં માછલીને એ પોતાના તીરનું નિશાન બનાવી શકે તે ઓછામાં ઓછું શક્ય છે, એમ તીરંદાજીના નિષ્ણાતોનું કહેવું છે.

શિક્ષક : 'અવઢવ' શબ્દનો વાક્યમાં પ્રયોગ કરી બતાવો.

વિદ્યાર્થી : મારા મિત્ર રમેશને 'અવઢવ'નો અર્થ સમજાતો નથી.

ખીલ ઉપર

ચંદન ઘસીને તેની સાથે એટલી જ માત્રામાં શુદ્ધ ગંધક ભેળવી સપ્તાહમાં બે-ત્રણ વાર ચહેરા પર લગાડવું અને પંદરેક મિનિટ પછી ઠંડા પાણીથી ધોઈ નાખવું.

ગુલાબજળ સાથે ચંદન ઘસી તેનો લેપ ચહેરા પર લગાડી અર્ધોએક કલાક રાખી ધોઈ નાખવો.

લીમડાની છાલ તથા હળદર એકસાથે પીસી તેમાં ગુલાબજળ નાખી ખીલ પર ચોળવું.

સપ્તાહમાં ત્રણેક વાર ફુદીનો પીસીને ચહેરા પર લગાડી દસેક મિનિટ પછી ધોઈ નાખવો.